**આજનો સુવિચાર**

વિચાર શૂન્યતા આજના જમાનાની મુખ્ય સાર્વજનિક આપત્તિ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર દૈનિક ભૂમિ

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૯ અંક : ૦૨ જૂનાગઢ તા.૧૩-૧૨-૨૦૨૪ શુક્રવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 49 Volume : 02, Junagadh : Date : 13 December, 2024, Friday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


### હૈદરાબાદના સંધ્યા થિયેટર ભાગદોડ કેસમાં

## પુષ્પા-૨ ના અભિનેતા અલ્લુ અર્જુનની ધરપકડ



હૈદરાબાદ તા.૧૩

ભારત સહિત સમગ્ર વિશ્વમાં બોકસઓફિસના નવા રેકોર્ડ સર્જનાર પુષ્પા-૨ ફિલ્મના અભિનેતા અલ્લુ અર્જુનની હૈદરાબાદ પોલીસે ધરપકડ કરી છે. હૈદરાબાદના સંધ્યા થીયેટરમાં પુષ્પા-૨ ફિલ્મના સ્કીનીંગ વખતે થયેલી ભાગદોડમાં એક મહિલાનું મોત થયું હતું. આ કેસમાં પોલીસે અલ્લુ અર્જુનની ધરપકડ કરી છે. અલ્લુ અર્જુનની ધરપકડ થતાં સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝ તેમજ બોલિવુડમાં પણ ખળભળાટ મચી ગયો છે. હૈદરાબાદ પોલીસની કાર્યવાહીથી એ વાત સ્પષ્ટ થઈ ગઈ છે કે, કોઈ ગમે તેટલી મોટી પર્સનાલીટી હોય, પરંતુ કાયદાથી ઉપર નથી. તેવી લોકો સોશ્યલ મિડીયા પર કોમેન્ટ કરતા જણાવી રહ્યા છે. દરમ્યાનમાં આ લખાઈ રહ્યું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ અલ્લુ અર્જુનની ધરપકડ કરી તેમને પોલીસ સ્ટેશન લઈ જવાયા છે. જ્યાં તેમની પુછપરછ કરવામાં આવી રહી છે.

અલ્લુ અર્જુન સાથે સંધ્યા થિયેટરના સંચાલકો તેમજ પુષ્પા ફિલ્મના સ્કીનીંગ સાથે સંકળાયેલા લોકો સામે પણ ફરિયાદ દાખલ થઈ હતી. તેમની ધરપકડ થઈ છે કે નહીં તે જાણવા મળ્યું નથી.

## રાજયસભામાં ધનખડ-ખડગે વચ્ચે ઉગ્ર બોલાચાલી ગૃહની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત

**હું ખેડુતનો દિકરો છું, જુકીશ નહીં : ધનખડ**
**હું પણ મજુરનો દિકરો છું, લડાઈ છોડીશ નહીં : ખડગે**

નવી દિલ્હી તા.૧૩

સંસદના વર્તમાન શિયાળુ સત્રના આજે નવમાં દિવસે પણ ભારે ધમાલ ચાલુ છે. આજે ગૃહમાં રાજયસભાના ઉપસભાપતિ જગદીપ ધનખડ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા મલ્લિકાર્જુન ખડગે વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સંસદમાં બંધારણ પર પક્ષો અને વિપક્ષો વચ્ચે ચર્ચા પહેલા આજેપણ રાજ્યસભામાં ભારે હંગામો થયો હતો. હકીકતમાં વિપક્ષે અધ્યક્ષ જગદીપ ધનખડ વિરુદ્ધ અવિશ્વાસ પ્રસ્તાવની નોટિસ આપી છે. ભાજપના સાંસદ રાધામોહન દાસ અગ્રવાલે તેની સામે વિશેષાધિકાર ભંગની નોટિસ આપી હતી. આને લઈને હોબાળો શરૂ થયો હતો. જેમાં એક તબક્કે તો જગદીપ ધનખડે કહ્યું કે, હું ખેડુતનો દિકરો છું, કયારેય જુકીશ નહીં. મેં તમને માન આપવામાં કાંઈ બાકી રાખ્યું નથી. તમે લોકોએ સંવિધાનના લીરે લીરા ઉડાવ્યા છે. જેના જવાબમાં મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે, સભાપતિ મારૂ અપમાન કરી રહ્યા છે. તમે ખેડુતના દિકરા છો તો હું, મજુરનો દિકરો છું. હું મારી લડત ચાલુ રાખીશ. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'તમે અમારી પાર્ટીના નેતાઓનું અપમાન કરો છો. તમારું કામ ગૃહ ચલાવવાનું છે. અમે અહીં તમારા વખાણ સાંભળવા નથી આવ્યા. તમે ખેડૂતના દીકરો છો તો હું મજૂરનો દીકરો છું. જો તમે મને માન નથી આપતા તો હું શા માટે તમારું સન્માન કરું?' ધનખડ અને ખડગે વચ્ચે રાજયસભામાં સતત ઉગ્ર બોલાચાલી ચાલુ રહી હતી. અને તેનું લાઈવ પ્રસારણ પણ થઈ રહ્યું હતું. ત્યારબાદ જગદીપ ધનખડે રાજયસભાની કાર્યવાહી સોમવાર સુધી સ્થગિત કરવાની જાહેરાત કરી હતી.

## ટાઈમ મેગેઝીને ટ્રમ્પને 'પર્સન ઓફ ધ યર' જાહેર કર્યા : ઈરાન સાથે યુધ્ધની શકયતા દર્શાવી

વોશિંગ્ટન તા.૧૩

ટાઈમ મેગેઝીને ગુરુવારે અમેરિકાના નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ૨૦૨૪ માટે પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યા છે. ૨૦૧૬ પછી આ બીજી વખત છે જ્યારે ટ્રમ્પને પર્સન ઓફ ધ યર પસંદ કરવામાં આવ્યા છે. ટાઈમ પર્સન ઓફ ધ યર તરીકે કોઈને પણ પસંદ કરી શકાય છે, એ જરૂરી નથી કે તેણે સારું કામ કર્યું હોય.

અમેરિકાનાં નવાં ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને લઈને ચોંકાવનારું નિવેદન આપ્યું છે. ટાઈમ મેગેઝિન સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે ઈરાન અમેરિકા સાથે યુદ્ધ કરે તેવી શક્યતા કેટલી છે ? તેનાં જવાબમાં ટ્રમ્પે કહ્યું કે કંઈ પણ થઈ શકે છે. ટાઈમ મેગેઝીને ટ્રમ્પને પર્સન ઓફ ધ યર તરીકે પસંદ કર્યા છે. ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધની આશંકા નકારી ન હતી. ટ્રમ્પે કહ્યું કે 'કંઈ પણ થઈ શકે છે. આ ખૂબ જ અસ્થિર સ્થિતિ છે. ટ્રમ્પે કહ્યું, 'તેમનું માનવું છે કે અત્યારે સૌથી ખતરનાક સ્થિતિ યુક્રેન દ્વારા રશિયામાં મિસાઈલ છોડવાની છે, જે યુદ્ધને વધુ ખરાબ કરી શકે છે.

### :: સમાચાર રાઉન્ડઅપ ::

- ગુજરાત સહિત ૮ રાજયોમાં ૧૯ સ્થળોએ એનઈઆઈ ના દરોડા : શંકાસ્પદ વ્યક્તિઓની ધરપકડ.
- તામિલનાડુના ડીંડીગુલમાં ખાનગી હોસ્પિટલમાં આગ લાગતા ૭ દર્દીઓના કરૂણ મોત : ૨૯ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત.
- ભારતમાં વાયુ પ્રદુષણની સ્થિતિ ખુબ જ ખરાબ : એક પણ ભારતીયને શુધ્ધ હવા મળતી નથી : દર વર્ષે ૧૫ લાખ લોકોના પ્રદુષણથી મોત : ચોંકાવનારો અહેવાલ.
- શહેરી વિસ્તારમાં પીએમ આવાસ યોજનામાં ૫૦ ટકા મકાનો ખાલી : લોકો રહેવા માંગતા નથી : યોજનાનો મુળ ઉદ્દેશ્ય નષ્ટ.
- રિઝર્વ બેંકને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી : રશિયન ભાષામાં ઈ-મેઈલ મળ્યો.
- નાયરા એનર્જીની ધમાકેદાર યોજના : પેટ્રોલ-ડીઝલ પાંચ રૂપિયા સસ્તું મળશે : મહિનામાં બે વખત લાભ લઈ શકાશે.
- અમેરીકા ૧૭૯૪૦ ભારતીયોને પરત મોકલી દેશે : મોટાભાગના ગુજરાતીઓ.

## સૌરાષ્ટ્ર વિસ્તારમાં શિયાળાએ જમાવટ કરી : રાજકોટમાં ઠંડીનું યલો એલર્ટ

અમદાવાદ તા.૧૩

હવામાન વિભાગ દ્વારા રાજકોટ શહેર માટે ખાસ ઠંડીનો યલ્લો એલર્ટ જાહેર કર્યું છે. સતત બે દિવસથી સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડ વેવની આગાહીને પગલે નલિયામાં બે દિવસ અને રાજકોટમાં છેલ્લા બે દિવસથી કોલ્ડ વેવની અસર વર્તાઈ રહી છે. ત્યારે હજુ પણ આગામી ૨૪ કલાક માટે રાજકોટ શહેર માટે હવામાન વિભાગ દ્વારા ભારે ઠંડીની ચેતવણી વ્યક્ત કરવામાં આવી છે. સૌરાષ્ટ્ર-ગુજરાતમાં શિયાળાએ જમાવટ કરી છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત મહત્તમ અને લઘુતમ તાપમાન ઘટતું જઈ રહ્યું છે, જેને કારણે માટે શિયાળો બરાબર જામ્યો છે. ઠંડીનું પ્રમાણ વધુ રહેતા અનેક જિલ્લાઓમાં શાળાના સમયમાં પણ ફેરફાર કરવાની માગ કરવામાં આવી છે. આ ઉપરાંત ઠંડીનું પ્રમાણ વધુ રહેતા શિયાળુ પાકને પણ ફાયદો થવાની શક્યતાઓ છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં જન્મદિવસ નિમિત્તે હાર્દિક શુભકામના...

આધુનિક ઉપકરણોથી સુસજ્જ
Dolakia Orthopaedic Hospital
અગાઉથી એપોઇન્ટમેન્ટ લઇને આવવું.
ફોન (૦૨૮૫) ૨૬૨૪૮૯૯, મો. ૯૮૭૯૫ ૧૧૬૭૯
Digital X-Ray Machine · Allengers C ARM · Motorized Operation Table · UT600 Phillips Monitor · Administer Plus Anae. Troly
ઉપલબ્ધ સુવિધાઓ
- સચોટ નિદાન સાથે સારવાર.
- કમર દર્દ માટે ઓપરેશન વગરની સારવાર.
- ગોઠણના સાંધાની ઓપરેશન વગર સારવાર.
- પેઇન મેનેજમેન્ટ.
- દરેક ફ્રેકચરની આધુનિક સારવાર.
- લીફ્ટની સગવડતા સાથે.

દોલકીયા ઓર્થોપેડીક હોસ્પિટલ
દેવલ કોમર્શિયલ કોમ્પલેક્ષ, ગાંધી ચોક, જૂનાગઢ.
ફોન : (૦૨૮૫) ૨૬૨૪૮૯૯ / ૨૬૨૪૮૪૪, મો. ૯૮૭૯૫ ૧૧૬૭૯



શંખ બ્રાન્ડ મસાલા
Since 1983
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું • હળદર • ધાણાજીરૂ • ગરમ મસાલો



Ramdev INSTITUTIONAL SPECIAL
SINCE 1965
હોટેલ, રેસ્ટોરન્ટ, કેટરિંગ, કેન્ટીન, નમકીન, ફરસાણ અને ફાસ્ટ ફૂડના વ્યવસાયી મિત્રો માટે ઈન્સ્ટિટયુશનલ પેકમાં ઉપલબ્ધ.
અત્યંત વ્યાજબી ભાવ, રામદેવ ક્વૉલિટીની ગેરંટી.
- મરચું, હળદર, ધાણા, ધાણાજીરૂ – 2kg, 5kg
- રેડ ગોલ્ડ કાશ્મીરી મરચું – 1kg
- સ્ટ્રૉંગ હીંગ – 200g, 500g
- ગરમ મસાલા રેન્જ – 500g
- અચાર મસાલા – 500g, 1kg
- મિક્ષ પિકલ – 2kg, 5kg
- ખમણ, ઈડલી, ઢોકળા, ગુલાબ જામુન ઇન્સ્ટન્ટ મિક્ષ – 1kg
- અડદ પાપડ (સિંગલ મરી) – 1kg


For enquiries, please contact:
9327548534 ♦ 9875151801
(Time: 10 to 5)
રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રાઇવેટ લિમિટેડ
www.ramdev.co.in
ipsales@ramdev.co.in
HORECA



KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિત્તાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં જન્મદિવસ નિમિત્તે હાર્દિક શુભકામના...
જૂનાગઢમાં આપના દરેક બિઝનેશ માટે સફળતાની
નવી પરિભાષા આપતું પ્રાઈમ લોકેશન
7 CROSS SHOP & OFFICE
નવી આર.ટી.ઓ કચેરી તથા ખામધ્રોળ રોડ જેવા વિકસીત વિસ્તારોમાં વૃધ્ધિ અને સમૃધ્ધિની નવી તકો..




કોર્પોરેટ ઓફીસ, બેંક, શો-રૂમ, લેબોરેટરી, મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ, હોટલ, રેસ્ટોરન્ટ, હોસ્ટેલ, ટયુશન કલાસીસ, જીમ, ગવર્મેન્ટ ઓફીસ, ફીટનેશ સેન્ટર વગેરે માટે અહીં થાય છે નવી તકોનું નિર્માણ
- ભુકંપ પ્રતિરોધક સ્ટ્રકચર
- CCTV કેમેરા 24x7 સિકયોરીટી
- વિશાળ પાર્કીંગ સુવિધા
- હાઈસ્પીડ ઓટોડોર લીફ્ટ
- ફાયર સેફ્ટી સુવિધા

જીવન જરૂરી તમામ વસ્તુઓના પ્રત્યેક વેપારને વિકસાવવાની અને વિસ્તરવાની અમૂલ્ય તક
:: સાઈટ ::
ખોડીયાર મંદિર સામે, રેલ્વે ક્રોસીંગ પાસે, ખામધ્રોળ રોડ, જૂનાગઢ
:: બુકીંગ સંપર્ક ::
૯૨૨૭૮ ૧૨૧૧૮



CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ

હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
- CBC - લોહીના કણોની તપાસ
- RBS - સુગરની તપાસ
- HbA1c - સરેરાશ સુગરની તપાસ
- Lipid Profile - લોહીમાં ચરબીની તપાસ
- SGPT & SGOT - લીવરની તપાસ
- Creatinine - કિડનીની તપાસ
- Uric Acid - સાંધાના દુખાવાની તપાસ
- TSH - થાઈરોઈડની તપાસ
- Vitamin B12 - વિટામીન બી૧૨ ની તપાસ


માત્ર 749/- કિંમત ~~2870/-~~

હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ +
- Vitamin D - હાડકાના વિટામીન ડી ની તપાસ
- Electrolytes (Na,Cl,K) - સોડીયમ,કલોરાઈડ અને પોટેશયમ નું લેવલ
- I.Calcium - ફ્રી કેલ્શીયમ નું લેવલ
- Ferritin - બોનમેરોમાં લોહતત્વનું પ્રમાણ
- T3 T4 TSH - થાઈરોઈડની સંપુર્ણ તપાસ

માત્ર 1349/- કિંમત ~~5060/-~~

સચોટ નિદાન માટે ૧૨ કલાક ભૂખ્યા પેટે લોહી આપવું અનિવાર્ય છે.
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦
કેમ્પ સ્થળ :- કેર + લેબોરેટરી, ડૉ. કાઝી સાહેબની જૂની હોસ્પિટલ, ચીતાખાના ચોક પાસે, જૂનાગઢ - ૩૬૨ ૦૦૧.






INDIA'S LARGEST — DIAMOND — CERTIFICATION COMPANY.

IGI is India's largest and the world's second largest diamond certification company.

In India, IGI has 50%* market share in diamond and jewellery certifications.

Globally, IGI has 65%** market share in lab-grown diamond certifications.

IGI has 31 laboratories in 10 countries and 18 gemmology schools in 6 countries.^

IGI's 50 year legacy is thanks to its brand reputation, industry leadership and deep organizational expertise.

IGI has built customer relationships over the years by focussing on service quality across all types of diamonds, studded jewellery and coloured stones certification.

IGI INTERNATIONAL GEMMOLOGICAL INSTITUTE (INDIA) LIMITED
TRUST, CERTIFIED
www.igi.org

*In terms of number of certifications of diamonds, studded jewelry and colored stones for CY2023 (As per Redseer Report) **Based on the number of certifications of laboratory-grown diamonds for CY2023 (As per Redseer Report) ^As of September 30, 2024 (As per Redseer Report)

INTERNATIONAL GEMMOLOGICAL INSTITUTE (INDIA) LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the RHP with RoC and the Stock Exchanges. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at https://www.igi.org/; and on the websites of the BRLMs, i.e. Axis Capital Limited, Kotak Mahindra Capital Company Limited, Morgan Stanley India Company Private Limited and SBI Capital Markets Limited at www.axiscapital.co.in, https://investmentbank.kotak.com, www.morganstanley.com/india and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 32 of the RHP. Potential Bidders should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision. This announcement does not constitute an invitation or offer of securities for sale in any jurisdiction. The Equity Shares offered in the Issue have not been, and will not be, registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act") or any state securities law in the United States, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and in accordance with any applicable U.S. applicable state securities laws.

સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષની ઉજવણી

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં i-Hub, અમદાવાદ ખાતે સ્ટાર્ટઅપ ક્ષેત્રે મહિલા ઈનોવેટર્સના યોગદાનની ઉજવણી

**સ્ટાર્ટઅપ સૃજન પહેલ હેઠળ ૧૦ મહિલા સ્ટાર્ટઅપ્સને ભંડોળની ફાળવણી તથા ૫ મહિલા સ્ટાર્ટઅપ્સને i-Hub ખાતે કો-વર્કિંગ સ્પેસ માટે ફાળવણી-પત્રો પ્રદાન કરવામાં આવ્યા : મહિલા સ્ટાર્ટઅપ પ્રદર્શનમાં એગ્રીટેક, ક્લીન એનર્જી અને હેલ્થકેર સહિતના ક્ષેત્રોના વિશેષ ઈનોવેશન્સ ધરાવતા ૧૫ સ્ટાર્ટ અપે ભાગ લીધો : મુખ્યમંત્રીએ મહિલા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ સાધીને તેમની સ્ટાર્ટઅપ સફર વિશે જાણકારી મેળવી**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૩

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના બે વર્ષ પૂર્ણ થવાના અવસર ઉપર સેવા, સંકલ્પ અને સમર્પણના બે વર્ષની ઉજવણી કરવામાં આવી રહી છે. આ ઉજવણી અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને i-Hub, અમદાવાદ ખાતે સ્ટાર્ટઅપ ક્ષેત્રે મહિલા ઈનોવેટર્સના યોગદાનની ઉજવણી કરતી 'સેલિબ્રેટિંગ વુમન સ્ટાર્ટઅપ્સ એન્ડ ઈનોવેટર્સ' ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પ્રસંગે મહિલા સ્ટાર્ટઅપ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરીને પ્રદર્શનની મુલાકાત લીધી હતી. આ પ્રદર્શનમાં ક્લીન ટેક્નોલોજી, એગ્રીટેક, હેલ્થકેર અને ડીપ ટેક સહિત વિવિધ ક્ષેત્રોની મહિલા ઉદ્યોગસાહસિકોના વિશિષ્ટ કાર્યને પ્રદર્શિત કરવામાં આવ્યું હતું. વિવિધ ક્ષેત્રોના મહિલા સ્ટાર્ટઅપ્સ અને મહિલા ઉદ્યોગસાહસિકોએ આ પ્રદર્શનમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ગુજરાત નોલેજ સોસાયટી અને i-Hub દ્વારા યોજાયેલા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ મહિલા ઉદ્યોગ સાહસિકો સાથે સંવાદ સાધીને તેમની સ્ટાર્ટઅપ સફર વિશે જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રીએ ઈન્ટરેક્ટિવ સત્ર દરમ્યાન જણાવ્યું હતું કે, મહિલા સ્ટાર્ટઅપ્સ માટે ટેસ્ટિંગ અને વેલિડેશન અંગેની સુવિધાઓ આપવામાં આવશે. જેના થકી તેમના માઈન્ડ-ટુ-માર્કેટ સુધી પહોંચવાના પ્રયાસોને વેગ મળશે. 'સેલિબ્રેટિંગ વુમન સ્ટાર્ટઅપ્સ એન્ડ ઈનોવેટર્સ' કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ડિજિટલ ઈન્ડિયા, સ્ટાર્ટ અપ ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા જેવા અભિયાનોના પરિણામે આજે આપણો દેશ વૈશ્વિક સ્તરે સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમમાં ત્રીજા સ્થાને છે. વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ સૌ દેશવાસીઓને 'બેક ટુ બેઝિક'નો મંત્ર આપ્યો છે. જેના પરિણામે આજે રિસાયક્લિંગ અને વેસ્ટમાંથી બેસ્ટ જેવા પ્રકલ્પો વધુને વધુ સફળતા પ્રાપ્ત કરીને આગળ વધી રહ્યા છે. આ ક્ષેત્રે ઘણા યુવા ઉદ્યોગ સાહસિકો સારા સમાધાનો લઈને આગળ આવી રહ્યા છે. વિકસિત ભારતના નિર્માણમાં મહિલાઓની ભૂમિકા વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આજે અર્થતંત્રમાં મહિલાઓનું યોગદાન ૪૨% જેટલું છે. મહિલા ઉદ્યોગ સાહસિકોને જરૂરી તમામ સુવિધાઓ અને સહાયો થકી યોગ્ય પ્લેટફોર્મ પૂરૂ પાડીને વિકસિત ભારતના નિર્માણમાં તેમને વધુને વધુ સહભાગી બનાવવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે, એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ, મુખ્યમંત્રીએ સરકારી વિભાગો મહિલા ઉદ્યોગ સાહસિકોના ઉત્પાદનો અપનાવીને તેમને મદદરૂપ થાય તે માટે પણ વ્યવસ્થા વિચારવામાં આવશે, એમ જણાવ્યું હતું. મુખ્યમંત્રીએ વડાપ્રધાનના 'યહી સમય હૈ, સહી સમય હૈ' - સૂત્રને દોહરાવીને જણાવ્યું હતું કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ડેટા એનાલિટિક્સ સહિતની નવીન ટેકનોલોજી ક્ષેત્રે આજે દેશમાં ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સને વડાપ્રધાનના દૂરંદેશી નેતૃત્વમાં પૂરતી સુવિધાઓ અને સહાયો થકી યોગ્ય પ્લેટફોર્મ પૂરૂ પાડવા માટે સતત પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. ઉદ્યોગ સાહસિકોના સંકલ્પોને સાકાર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સતત પ્રતિબદ્ધ છે, એમ એમણે ઉમેર્યું હતું. આજે 'મેક ઈન ઈન્ડિયા' અને 'મેડ ફોર ઓલ'ના મંત્ર સાથે ભારતીય ઉદ્યોગો અને સ્ટાર્ટઅપ્સ વૈશ્વિક હરીફાઈમાં ખૂબ સારૂ પ્રદર્શન કરી રહ્યા છે, એમ જણાવીને મુખ્યમંત્રીએ સ્ટાર્ટઅપ્સ અને મહિલાઓને વિકસિત ભારતના નિર્માણ માટે પોતાનું યોગદાન આપવાનું અનુરોધ કર્યો હતો. આ ઈવેન્ટમાં ૧૦ મહિલા સ્ટાર્ટઅપ્સને સ્ટાર્ટઅપ સૃજન પહેલ હેઠળ ભંડોળ(ગ્રાન્ટ)ની ફાળવણી કરવામાં આવી હતી તેમજ ૫ મહિલા સ્ટાર્ટઅપ્સને તેમના વિકાસ અને નવીન પ્રયાસોને સરળ બનાવવા માટે i-Hub ખાતે કો-વર્કિંગ સ્પેસ અંગેના ફાળવણી-પત્રો પ્રદાન કરવામાં આવ્યા. આ પ્રસંગે ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, મહિલા ઈનોવેટર્સની સર્જનાત્મકતા અને નવીનતાની ઉજવણી કરવા માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમ અંતર્ગત આયોજિત પ્રદર્શન મહિલા ઉદ્યોગ સાહસિકોના ઉત્પાદનોને પ્રદર્શિત કરવાનું પ્લેટફોર્મ પૂરૂ પાડે છે. વધુમાં વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતે એક ઈકોસિસ્ટમ બનાવી છે જે WEStart અને સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી(SSIP) જેવા કાર્યક્રમો દ્વારા મહિલા ઉદ્યોગ સાહસિકોને સશક્ત બનાવે છે. સાથે જ, તેમણે i-Hub દ્વારા મહિલા ઉદ્યોગસાહસિકોને પૂરી પાડવામાં આવતી વિવિધ સહાયો અને વિવિધ ઉપક્રમોનો ઉલ્લેખ કરીને જણાવ્યું હતું કે, i-Hub મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવામાં મહત્વનો ભાગ ભજવશે.

## ખંભાળિયા : આરબીઆઈમાં રૂા.૪૮ હજાર કરોડના પ્રકરણમાં સંડોવાયેલા બંને આરોપીઓ જેલ હવાલે



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લા સાથે સમગ્ર રાજ્યમાં અતિ ચર્ચાસ્પદ બની ગયેલા ખંભાળિયા પંથકમાં રૂપિયા ૪૮ હજાર કરોડની રકમ ફ્રીઝ થયાના સમગ્ર પ્રકરણમાં એસ.ઓ.જી. પોલીસે તાકીદની કાર્યવાહી કરી, આરોપીઓને ઝડપી લેવાની નોંધપાત્ર કામગીરી કરી હતી. આ પ્રકરણના આરોપીઓને જેલ હવાલે કરી દેવામાં આવ્યા છે. વર્તમાન સમયમાં થતી નવતર ઠગાઈ સંદર્ભેના આ પ્રકરણની ચર્ચાસ્પદ બની ગયેલી વિગતમાં ખંભાળિયા પંથકના એક શખ્સ દ્વારા રાજકોટના શખ્સની મીલી ભગત આચરીને તેના રૂ. ૪૮,૦૦૦ કરોડ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયામાં જમા થયા છે અને આ રકમ રિલીઝ કરવા માટે પાંચ ટકા લેખે રૂ. ૨,૪૦૦ કરોડનો ટેક્સ ભરવાનો થતો હોવા અંગેના ફર્જી ડોક્યુમેન્ટસ તૈયાર કરાવવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણ દેવભૂમિ દ્વારકા જિલ્લા એસ.ઓ.જી. વિભાગને આવતા પી.આઈ. સીંગરખીયાના માર્ગદર્શન હેઠળ સ્ટાફ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, અને આ પ્રકરણમાં સંડોવાયેલા ખંભાળિયા તાલુકાના વચલા બારા ગામના મૂળ રહીશ અને રાજકોટ ખાતે રહેતા ઋતુરાજસિંહ ઉર્ફે ઋતુ અજીતસિંહ સોઢા (ઉ.વ. ૨૧) અને રાજકોટમાં નાગેશ્વર રોડ વિસ્તારમાં રહેતા માધવ કિરણકુમાર પ્રતાપરાય વ્યાસ (ઉ.વ. ૨૪) ને દબોચી લીધા હતા. ઝડપાયેલા આ બંને આરોપીઓને પોલીસે અહીંની અદાલતમાં રજૂ કરતા નામદાર અદાલતે આરોપીઓને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો છે. આરોપીઓ દ્વારા વ્યાપક પ્રમાણમાં બનાવટી દસ્તાવેજો તૈયાર કરાવી અને ટેક્સ ભરવાની રકમના હેતુથી ફંડિંગ મેળવવા માટે પૈસા આપી શકે તેવા આસામીઓની શોધ કરવામાં આવી રહી હતી. જો કે મોટી રકમનું કમિશન મેળવવાની લાલચમાં આ કૌભાંડનો કોઈ લોકો શિકાર બને તે પહેલા પોલીસે આરોપીઓને દબોચી લીધા હતા. આ કૌભાંડમાં અન્ય એક શખ્સનું નામ પણ ખુલવા પામ્યું છે. આ સમગ્ર પ્રકરણમાં અન્ય શખ્સો પણ સંડોવાયેલા હોવાની પૂરી શક્યતા વચ્ચે એસ.ઓ.જી. સ્ટાફ દ્વારા વધુ તપાસ કામગીરી કરવામાં આવી હતી. જેમાં પીઆઈ પ્રશાંત સીંગરખીયા સાથે સ્ટાફના હરદેવસિંહ જાડેજા, હરદીપસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ રાઠોડ, નિર્મલભાઈ આંબલીયા, વિજયસિંહ જાડેજા અને સ્વરૂપસિંહ જાડેજા દ્વારા જરૂરી કાર્યવાહી કરવામાં આવી રહી છે.

## વિસાવદર નગરપાલિકાના ભ્રષ્ટશાસનની સામે ખુલ્લેઆમ રણશિંગું

(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૩

છેલ્લા કેટલાય સમયથી વિસાવદર નગરપાલિકાની ભારે વિવાદાસ્પદ રીતે ભ્રષ્ટાચારમાં સંડોવણી હોવાના અહેવાલને પૃષ્ટિ મળી રહી છે. આર.ટી.આઈ. એકટીવીસ્ટ મૌલિક રીબડીયાના વિવિધ સોશિયલ મીડિયામાં પ્રસારીત થતા તેના જડમૂળ સુધીની તજવીજ કરી જાગૃત પત્રકાર મુકેશ રીબડીયાએ વિવિધ સ્થળોએ થયેલા કામોની સમીક્ષાઓ કરતા કામ કર્યા વગર કેટલાય બિલો ઉધારી દીધા છે તેમજ જે કંપનીને ભૂર્ગભ ગટર મેઈન્ટેન્સ માટેનો કોન્ટ્રાકટ આપ્યો છે તેમાં પણ સરકારી ધારાધોરણના નિયમોનું પાલન થયેલ નથી સાથે સાથે ગટરના ઢાંકણાઓ હલકી ગુણવત્તાના જોવા મળી રહ્યા છે. ચીફ ઓફીસરના મળતીયાઓએ પ્રજાના પૈસાને પોતાના સ્વહસ્તે લીધા છે તેમના કૌભાંડોનો આકડો પણ ખૂબ મોટો છે. સરકારી ગ્રાન્ટનો બેફામ અને અયોગ્ય જગ્યાએ ઉપયોગ કર્યો છે. રેલ્વેની હદમાં કોઈપણ જાતની મંજૂરી વગર હલકી જાતના મટીરીયલ સાથે કામ કરેલ છે. મુકેશ રીબડીયાએ વિવિધ ઉચ્ચ અધિકારીઓ સુધી ફરીયાદ કરી અને તાત્કાલિક ધોરણે વહીવટદાર સામે પગલાંઓ લેવાની અરજીઓ કરતા વહીવટીતંત્ર દોડતુ થયું છે પણ આ મુદ્દે વિવિધ પક્ષના નેતાઓ કેમ ચૂપચાપ તમાશો જોઈ રહ્યા છે તે પણ મુંઝવતો પ્રશ્ન છે. નગરપાલિકાના આ ભ્રષ્ટશાસનનો અંત ક્યારે આવશે અને પ્રજાના પૈસાનો પ્રજા માટે ક્યારે ઉપયોગ થશે તે માટેની આ લડાઈ અવિરત ચાલતી રહેશે એવું મુકેશ રિબડીયાએ જણાવ્યું હતું. લોકોને જાગૃત બનવા તેમજ આગામી દિવસોમાં વિવિધ પ્રકારના આંદોલનમાં સહભાગી બની અને આ સફેદપોશ લૂંટારૂ ટોળકીને જેલના સળીયા પાછળ ધકેલવા કોર્ટનો સહારો પણ લેવામાં આવશે એવું મુકેશ રિબડીયાએ જણાવ્યુંહતું.

## ગીરસોમનાથ જીલ્લા પત્રકાર સંઘના પ્રમુખ તરીકે ફરીથી મિતેષ પરમારની પ્રમુખ તરીકે વરણી કરાઇ



(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૩

દેશના સૌથી મોટા દિલ્હીથી રજિસ્ટ્રેશન થયેલ પત્રકાર સંગઠન એટલે અખીલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતી(ABPSS)ની ગુજરાતમા પ્રદેશ સંગઠનની પુનરચના કરવાની છે. જેથી ૨૪ કલાક પત્રકારત્વ સાથે સંકળાયેલા પત્રકારોની નિમણૂક કરાશે જે અંતર્ગત ગીરસોમનાથ જીલ્લામા અનેક નામાંકિત બેનરો જેવા કે પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનિક્સ મિડીયા સાથે જોડાયા .સરકારી પત્રકારનો દરરજો ધરાવનાર, પત્રકારત્વની ડીગ્રી ધરાવનાર અને સૌને સાથે રાખીને ચાલનારા મિતેષ પરમારની સક્રીય કામગીરીની ધ્યાને લઈ રાષ્ટ્રીય અધ્યક્ષ જીગ્નેશ કાલાવાડીયા તથા ટીમ દ્વારા ગીરસોમનાથ જીલ્લાના પ્રમુખ તરીકે ફરી તેમની નિમણૂક કરવામા આવી છે. આ સાથે આગામી દિવસોમાં ગીરસોમનાથ જીલ્લાની ૧૧ કમીટીની ટીમ જાહેર થશે ત્યારબાદ ગીરસોમનાથ જીલ્લાના વેરાવળ, કોડીનાર, ઉના, ગીર ગઢડા, સૂત્રાપાડા અને દીવના પ્રમુખની પણ નિમણૂક કરવામાં આવશે.

**અખીલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતી દેશનું સૌથી મોટું પત્રકારોનું રજિસ્ટ્રેશન સંગઠન : રાષ્ટ્રીય અધ્યક્ષ તરીકે જીગ્નેશ કાલાવડીયાએ મિતેષ પરમારની કરી ફરી પ્રમુખ પદે વરણી**

## સોમનાથ મંદિર સુરક્ષાચક્ર બેડાના નવનિયુકત પોલીસ ઈન્સ્પેકટરે ચાર્જ સંભાળ્યો

(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૩

વિશ્વ પ્રસિધ્ધ અને ઝેડ પ્લસ સુરક્ષા કવચ ધરાવતા સોમનાથ મહાદેવ મંદિર સુરક્ષાચક્ર બેડાના નવનિયુકત પોલીસ ઈન્સ્પેકટર યુ.બી.રાવલે ચાર્જ સંભાળ્યો.

૨૦૦૧થી ગુજરાત પોલીસ દળમાં જોડાયેલા તેઓ આણંદ, જૂનાગઢ, મહેસાણા, અમદાવાદ ગ્રામ્ય, સીઆઈડી ક્રાઈમ કરાઈ, સ્ટેટ મોનીટરીંગ સહિતના જગ્યાએ સેવા બજાવી છે.

ક્રિકેટ, વોલીબોલ, બેડમીન્ટન, ટેનીસ સહિતની રમતમાં પ્રવીણતા ધરાવતા તેઓએ જૂનાગઢના ચકચારી હત્યા કેસ ઉકેલવામાં તેમજ ધારી અને વંથલીમાંથી બનાવટી નોટોનો જથ્થો તથા અનેકવિધ અટપટા ગુન્હાઓ ઉકેલવામાં સફળ કામગીરી બજાવેલ છે. ચાર્જ સંભાળતાં જ મંદિર વિભાગનું નિરીક્ષણ કરી કાર્યરત થયા.

## ખંભાળિયામાં રાજ્યની ઉજળી પ્રતિભાઓને કેશવ એવોર્ડથી સન્માનિત કરાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા શહેરમાં જાયન્ટસ ગ્રુપ દ્વારા તાજેતરમાં શ્રીમદ ભાગવત સપ્તાહમાં રૂક્ષ્મણી વિવાહ પ્રસંગે કર્મયોગી કેશવ એવોર્ડનું એનાયત કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ગુજરાતમાં રાજ્ય કક્ષાએ નંબર આવેલો હોય અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના વતની હોય એવા જુદા જુદા ક્ષેત્રમાં પ્રતિભા ધરાવતા વ્યક્તિઓને એવોર્ડ વિતરણ કરવામાં આવ્યું હતું. આ એવોર્ડ એનાયત પ્રસંગે રાજકોટના સ્વામિનારાયણ મંદિરના મહંત શ્રી શાસ્ત્રી સ્વામી રાધારમણદાસજી, સ્વામી મુનીવત્સલ સ્વામી, દાતા ભીખુભા વાઢેરના પ્રતિનિધિ શૈલેન્દ્રસિંહ ભીખુભા વાઢેર, નગરપાલિકાના પ્રમુખ રચનાબેન મોટાણી, જિલ્લા પંચાયતના સદસ્ય એભાભાઈ કરમુરના હસ્તે આ એવોર્ડ એનાયત કરવામા આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જાયન્ટસ ગ્રુપના પ્રમુખ હેલીબેન ખેતિયા, દિલીપભાઈ વ્યાસ, રવિભાઈ દવે, બીનલબેન જોશી, ઈલાબેન વાઢેર, વિગેરેએ જહેમત ઉઠાવી હતી.

## વિસાવદર પંથકમાં અજગરના સંચરથી લોકોમાં ફફડાટ



(પ્રતિનિધિ દ્વારા)

વિસાવદર તા.૧૩

ગત સપ્તાહે પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયાના ખેતરમાં સરિસૃપ અજગરનું રેસ્કયુ કરવામાં આવેલ ફરી બીજો એક અજગર તેમના ખેતરની બાજુમાં જ રમેશભાઈ વાઘેલાના ખેતરના મકાનમાં આવી ચડેલ હતો. તેમજ ગણતરીના કલાકોમાં વિસાવદર શહેરના ખેડૂત જીણાભાઈ પાનસુરીયાની વાડીએ જોવા મળ્યો હતો. હર્ષદ રીબડીયાના કહેવા મુજબ આ બંને અજગરથી ખુબ મોટો અજગર છે જેને કારણે ખેત મજદૂરોમાં ભયનો માહોલ અજગરનો ઉપદ્રહ સિમવિસ્તારમાં કેમ વધ્યો છે તે માટે ફોરેસ્ટ વિભાગ માટે સતર્ક રહે તેના અભ્યાસ કરી તારણ મેળવે. આ માટે જંગલ વિસ્તારની ગતિવિધિઓ ઉપર નજર રાખીને લોકોમાં જે ભયનો માહોલ સર્જાયો છે તે માટે યોગ્ય પગલા લે એવું ખેડૂતનેતા હર્ષદ રીબડીયાએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું.

## માળિયા તાલુકામાં આરોગ્ય કર્મીઓ દ્વારા 'રક્તપિત કેસ તપાસ અભિયાન' અંતર્ગત સર્વે કામગીરી



જૂનાગઢ તા.૧૩

માળિયા તાલુકામાં પસંદ થયેલ ૭ ગામોમાં આરોગ્ય કર્મચારીઓ, સ્વયંસેવકો અને આશા બહેનો દ્વારા 'રક્તપિત કેસ તપાસ અભિયાન' LCDC અંતર્ગત સર્વે કામગીરી તાલુકા હેલ્થ ઓફિસર માળિયા ડો. આભા મલ્હોત્રા, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મેડિકલ ઓફિસરો, તાલુકા હેલ્થ સુપરવાઈઝર મિતેષ કછોટની દેખરેખ હેઠળ આ કામગીરી કરવામાં આવી અને લોકોને આ અંતર્ગત જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

સરકારની ગાઈડલાઈન મુજબ ઈ-ટેન્ડરીંગ પ્રક્રિયા દ્વારા ડસ્ટબીનની ખરીદી કરી

## જૂનાગઢના ૪૭ હજાર મિલ્કતધારકોને કોર્પોરેશન દ્વારા ડસ્ટબીનનું વિતરણ કરાયું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

સ્વચ્છ ભારત મિશનની ગાઈડ લાઈન મુજબ શહેરમાં ઘરે-ઘરે ઉત્પન્ન થતાં સુકા અને ભીના કચરાનું સ્થળ ઉપર જ સેગ્રીગેશન થાય તે ધ્યાને લઈ મહાનગર પાલિકા, જૂનાગઢ હદ વિસ્તારમાં આવેલ રહેણાંક તથા બિન રહેણાંક(કોમર્શીયલ) મિલ્કતોને સુકા અને ભીના કચરા માટે ૨(બે) નંગ ડસ્ટબીન આપવાનું નક્કી થયેલ. જ અન્વયે વર્ષ-૨૦૨૧-૨૨માં હાઉસટેક્ષ વિભાગમાં નોંધાયેલ રહેણાંક મિલ્કત-૧,૨૬,૨૭૫ તથા બિન રહેણાંક(કોમર્શીયલ) મિલ્કત ૩૮,૨૫૬ એમ બન્ને મિલ્કતો મળી કુલ-૧,૬૪,૯૮૧ મિલ્કતો પૈકી પ્રથમ તબક્કામાં ૯૪,૧૨૨ મિલ્કતો કે જેણે ચાલુ વર્ષનો વેરો ભરેલ છે. તેઓને ૨(બે) ડસ્ટબીન આપવા ૧૫માં નાણાપંચની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનાં કામ માટે મળેલ ગ્રાન્ટમાંથી રૂા.૩.૫૪ કરોડની ફાળવણી જનરલ બોર્ડ ઠરાવ નં.૩૩, તા.૧૬/૦૯/૨૦૨૨ થી કરવામાં આવેલ. જે ધ્યાને લઈ GEM પોર્ટલ ઉપરથી ૧૦ લીટર ડસ્ટબીન કુલ નંગ-૨(બે) લાખ ખરીદ કરવા માટેના ભાવ મંગાવવામાં આવેલ અને સૌથી નીચા ભાવની એજન્સીને વર્ક ઓર્ડર આપવામાં આવેલ, પરંતુ એજન્સી દ્વારા સપ્લાય કરેલ સેમ્પલની ગુણવતા ચેક કરવા (લેબ ટેસ્ટ) માટે CENTRAL INSTITUTE OF PETROCHEMICAL ENGINEERING & TECHNOLOGY (CIPET), અમદાવાદ લેબમાં મોકલતા લેબ ટેસ્ટીંગમાં એજન્સીનું સેમ્પલ રીઝેકટ થતાં આ એજન્સી પાસેથી નબળી ગુણવત્તાની ડસ્ટબીન ખરીદ કરવા સંસ્થાનાં હિતમાં ન હોય જેથી સ્થાયી સમિતિ ઠરાવ મંજૂર થતાં એજન્સીઝને આપેલ વર્ક ઓર્ડર કેન્સલ કરવા અને નવા ભાવ મંગાવવા માટેનો ઠરાવ કરવામાં આવેલ. જે ધ્યાને લઈ CIPET, અમદાવાદ રજૂ કરેલ ૧૦ લીટર ડસ્ટબીનનાં ટેકનીકલ QAP રીપોર્ટ અને ટેન્ડર મેન્યુઅલની જોગવાઈ અન્વયે ટેન્ડરની શરતો સ્પેસીફીકેશન તૈયાર કરવામાં આવેલ અને આ ટેકનીકલ સ્પેસીફીકેશન અને ટેન્ડરની શરતો " નિવારાત્મક તકેદારી નિરીક્ષણ "નાં ભાગરૂપે સ્થાયી સમિતિમાં રજૂ કરી સ્થાયી સમિતિ ઠરાવ મંજૂરી મળતાં સ્પર્ધાત્મક ભાવ મળી રહે તે હેતુથી દૈનિક વર્તમાનપત્રોમાં જાહેર નિવિદા પ્રસિદ્ધ કરી n-procure ઉપર ટેન્ડર ઓનલાઈન કરી ઈ-ટેન્ડરથી ભાવ મંગાવવામાં આવેલ અને આ માટે ટેન્ડરમાં ભાગ લેવા માંગતી એજન્સીઓને પ્રિ-બીડ મીટીંગમાં રૂબરૂ બોલાવવામાં આવેલ જે પ્રિ-બીડ મીટીંગમાં કુલ-૬ જેટલી પ્લાસ્ટીક ડસ્ટબીન પ્રોડકશન કરતી કંપનીઓનાં પ્રતિનિધિઓ હાજર રહેલ અને તેઓની લેખિત રજૂઆત અન્વયે સ્થાયી સમિતિ ઠરાવથી નિર્ણય કરાવેલ અને કોરોઝોડન્મ ઓનલાઈન સબમીટ કરવામાં આવેલ અને ત્યારબાદ ફરીથી e-tender કરી તા.૧૫/૦૩/૨૦૨૪ થી ઓનલાઈન ભાવ મંગાવવામાં આવેલ. જે પૈકી જુદી-જુદી કંપનીઓ દ્વારા ડસ્ટબીન સેમ્પલ પીસ રજૂ કરતા કુલ-૨(બે) એજન્સીઓ (૧) નીલકમલ લિમિટેડ, અમદાવાદ અને (૨) વીમ પ્લાસ્ટ લિમિટેડ, દમણ(cello)નાં ઓનલાઈન ભાવ મળેલ. આમ,ન-૧ એજન્સી નીલકમલ લિમિટેડ, અમદાવાદનાં ભાવ ટેન્ડરની અંદાજીત કિંમત રૂા.૩.૪૦ કરોડની સામે રૂા.૩,૨૫,૦૮,૦૦૦/-કરોડ અને વીમ પ્લાસ્ટ લિમિટેડ દમણનાં ભાવ ટેન્ડરની અંદાજીત કિંમત રૂા.૩.૪૦ કરોડની સામે રૂા.૩,૨૮,૫૦,૦૦૦/- કરોડ પુરા મળેલ. આમ, નીલકમલ લિમિટેડ, અમદાવાદનાં ભાવ ટેન્ડરની અંદાજીત કિંમતથી નીચા એટલે પ્રતિ ડસ્ટબીન રૂા.૧૬૨.૫૪ આવેલ હોય જેથી સ્થાયી સમિતિમાં ભાવ મંજુરી અંગે નિર્ણય અર્થે દરખાસ્ત કરતા સ્થાયી સમિતિ ઠરાવથી ભાવ મંજુરી મળતા નીલકમલ લિમિટેડ,અમદાવાદને રૂા.૩,૨૫,૦૮,૦૦૦/- પૂરાનો વર્ક ઓર્ડર આપી ડસ્ટબીન ખરીદ કરવામાં આવેલ. મહાનગર પાલિકા,જુનાગઢ દ્વારા ખરીદ કરવામાં આવેલ ડસ્ટબીન સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ e-tendeપ્રક્રિયા કરી ખરીદ કરવામાં આવેલ છે,અને CIPET લેબ ટેસ્ટ રીપોર્ટ મુજબ સેમ્પલ ટેસ્ટ કરાવતાં સેમ્પલ પાસ થતાં તે મુજબ ઉચ્ચ ગુણવતાની ડસ્ટબીન ખરીદ કરવામાં આવેલ છે.જેની વિતરણ વ્યવસ્થા હાલ ચાલુ હોય, આજ દિન સુધીમાં ૪૭,૦૦૦ જેટલા મિલ્કત ધારકોને ડસ્ટબીનનું વિનામુલ્યે વિતરણ કરવામાં આવેલ છે અને આગામી જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં તમામ ડસ્ટબીનનું વિતરણ કાર્ય પૂર્ણ થઈ જશે.

## ખંભાળિયા બાર એસોસિએશનની યોજાઈ ગયેલી ચૂંટણી સંદર્ભે ઉચ્ચકક્ષાએ રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૩

ખંભાળિયા વકીલ મંડળના હોદ્દેદારોની દર વર્ષની જેમ આ વર્ષે પણ ચૂંટણી યોજવામાં આવી હતી. ત્યારે આ ચૂંટણીમાં થયેલી પ્રક્રિયા તેમજ હોદ્દેદારોની નિયુક્તિ યોગ્ય રીતે થઈ ન હોવા અંગે અહીંના એડવોકેટ સંજય આંબલીયા દ્વારા અમદાવાદ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં લેખિત વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે. અત્રે યોજાઈ ગયેલી ખંભાળિયા બાર એસોસિએશનની ચૂંટણી સમયે અહીંના એડવોકેટ સંજયભાઈ આંબલીયા દ્વારા સ્થળ પર વાંધા અરજી આપવામાં આવી હતી. આ ઉપરાંત તેમના દ્વારા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેનને એક પત્ર પાઠવીને ખંભાળિયા બાર એસોસિએશનમાં થયેલી ચૂંટણીના બદલે થયેલા સિલેકશનને ગેરકાયદેસર ગણાવવામાં આવ્યું છે. અહીં યોજાઈ ગયેલી ચૂંટણીમાં બિનહરીફ હોદ્દેદારોના સંદર્ભે તેમના દ્વારા વિરોધ કરી, ચૂંટણી કરવા જણાવવામાં આવ્યું હતું. પરંતુ પ્રમુખ તથા અન્ય સભ્યો દ્વારા ચૂંટણી થશે નહીં તેમ કહી અને હોદ્દેદારો માટેના હોદ્દાની વહેંચણી કરી નાખવામાં આવી હોવાનું આ પત્રમાં જણાવ્યું છે. આથી ખંભાળિયા બાર એસોસિએશનની ચૂંટણીનો ઠરાવ રદ કરવા તેમજ પુનઃ ચૂંટણી થાય તે માટેની રજૂઆત આ પત્રમાં કરાઈ છે.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. આયોજીત આંતરકોલેજ ખેલકુદ રમતોત્સવમાં ઉત્કૃષ્ઠ પરફોર્મન્સ દાખવનાર રમતવિરો ઓડીસા ભુવનેશ્વર ખાતે કૌવત નિખારશે

**રમત-ગમત વિદ્યાર્થી જીવનમાં આત્મવિશ્વાસમાં વધારો કરવા સાથે જવાબદારી લેવાના ગુણનો વિકાસકરવા અને શિસ્ત, ટીમ વર્ક, દ્રઢતા અને ધ્યેય સેટિંગના મૂલ્યો શીખવે છે : પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી, કુલપતિ**



જૂનાગઢ, તા.૧૩

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા આંતર કોલેજ ખેલકુદ રમતોત્સવ સંપન્ન થયો. આ રમતોત્સવમાં દોડ, ફેક અને કુલ જેવી રમતોમાં ઉત્કૃષ્ઠ પરિણામ હાંસલ કરનાર અને વિવિધ એથ્લેટીક્સ રમતમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરનાર કોડીનારની કે.ડી.બારડ આર્ટસ કોલેજનાં શેખ સીકંદર જમાલભાઈ, એન.પી. આર્ટસ કોલેજ કેશોદનાં પરમાર રવિરાજસિંહ ભીખુભા, સરકારી આર્ટસ કોલેજ ભેસાણનાં પાનસુરીયા હર્ષ લાલજીભાઈ, એચ.એમ.વી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજનાં વાળા મેહુલ બાબુભાઈ,ભાલીયા જલ્પાબેન દિનેશભાઈ, મજેઠીયાસગુણાબેન ભુરાભાઈ, યુ.જી. એમ.કોમ. પી.જી. સેન્ટર સીમારનાં ભુવા કૈલાસ સામતભાઈ, જેજેસી. કોમર્સ કોલેજ જૂનાગઢનાં કારેણા વિપુલકુમાર ડાયાભાઈ, કોડીનારની સોમનાથ આર્ટસ કોલેજનાં વેગડ હર્ષ જીજ્ઞેશકુમાર અને ઝણકાટ ઈશાનસિંહ પંકજભાઈ, ઊના મહિલા આર્ટસ્ કોલેજનાં સોલંકી ઊર્મિલાબેન જગદિશભાઈ, ઘુસીયાગીરની ધાનાભાઈ માંડાભાઈ બારડ આર્ટ એન્ડ કોમર્સ કોલેજનાં નાઘેરા કૃપાલી સાજણભાઈ, અને સુત્રાપાડાની ડો. ભરત બારડ આર્ટસ,કોમર્સ કોલેજનાં જાદવ શીતલબેન જગમાલભાઈ રમતવિરો હવે આગામી સમયમાં ઓલ ઈન્ડીયા ઈન્ટર યુનિ. ટુર્નામેન્ટ ૨૦૨૪-૨૫ કલીંગ ઈન્સ્ટીટયુટ ઓફ સોશ્યલ સાયન્સીસ ભુવનેશ્વર-ઓડીસા ખાતે રમવા જશે. ભકતકવિ નરસિંહ મહેતા યુનિ.નાં ક્ષેત્રીય જિલ્લાઓની વિવિધ કોલેજોનાં રમત-ગમતમાં લાયકાત પ્રાપ્ત વિદ્યાર્થીઓ વચ્ચે રમાયેલ ઈનટર કોલેજ એથ્લેટીક્સ રમતોમાં યોગ્યતા હાંસલ કરનાર છાત્ર-છાત્રાઓને શુભકામનાં પાઠવતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે રમત-ગમત વિદ્યાર્થી જીવનમાં આત્મવિશ્વાસમાં વધારો કરવા સાથે જવાબદારી લેવાના ગુણનો વિકાસકરે છે. નિયમિત રીતે રમતગમતની પ્રેક્ટિસ કરવાથી વધુ સક્રિય અને સ્વસ્થ રહી શકાય અને શરીરને ઉત્સાહી, ગતિશીલ અને ઉર્જાવાન બનાવવામાં મદદરૂપ થાય છે.સફળ વ્યક્તિ માટે માનસિક અને શારીરિક બંને રીતે સ્વસ્થ હોવું જોઈએ, કોલેજોમાં શિક્ષણના માધ્યમથી માનસિક વિકાસ શરૂ થાય જ્યારે શારીરિક વિકાસ માટે કસરત અને રમત જરૂરી છે,આવશ્યક જીવન કૌશલ્યો વિકસાવવામાં રમતગમત પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. રમતગમતમાં ભાગીદારી આપણને શિસ્ત, ટીમ વર્ક, દ્રઢતા અને ધ્યેય સેટિંગના મૂલ્યો શીખવે છે. રમતો તણાવ રાહત અને માનસિક સુખાકારી માટે એક આઉટલેટ પ્રદાન કરે છે. શારીરિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહેવાથી એન્ડોર્ફિન્સ મુક્ત થાય છે, જે મૂડને વેગ આપે છે અને ચિંતા અને હતાશા ઘટાડે છે. યુનિ.નાં રમત-ગમત વિભાગનાં વડા પ્રો. જયસિંહ ઝાલાએ જણાવ્યુ હતુ કે યુનિ.ની સંલગ્ન કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રમત-ગમત ક્ષેત્રે વધુમાં વધુ રસ રૂચિ કેળવે તે દિશામાં યુનિ. દ્વારા રમતગમતમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓની ક્રિયાપ્રતિક્રિયાને પ્રોત્સાહન આપે છે જેનાથીવિદ્યાર્થી સમુદાયની ભાવનાને પ્રોત્સાહન મળવા સાથે વિવિધ પૃષ્ઠભૂમિના છાત્રોને એકસાથે લાવી સમાવેશીતા, ટીમ વર્ક અને મિત્રતાને પ્રોત્સાહન આપે છે. રમતગમત વ્યક્તિઓને એકબીજાના તફાવતો શીખવા અને આદર આપવા, મિત્રતા બાંધવા અને આજીવન બોન્ડ બનાવવાનું પ્લેટફોર્મ પુરૂ પાડે છે. યુનિ.નાં સ્પોર્સ સેલનાં કન્સલ્ટન્ટ સલીમભાઈ સીડાએ જણાવ્યુ કે ટૂંકા અંતરની ઝડપી દોડ (૧૦૦મી., ૨૦૦મી., ૪૦૦મી.), મધ્યમ અંતરની ઝડપી દોડ (૮૦૦મી., ૧૫૦૦મી.), લાંબા અંતરની દોડ (૫૦૦૦મી., ૧૦૦૦૦મી.), વિઘ્નદોડ (૧૧૦મી., ૨૦૦મી., ૪૦૦મી.), ટપ્પાદોડ (૪ ટ ૧૦૦, મી. ૪ ટ ૪૦૦મી.), લાંબી કૂદ, લંગડી ફાળકૂદ, ઊંચી કૂદ, વાંસકૂદ. ગોળાફેંક, હથોડાફેંક, બરછીફેંક, ચક્રફેંક.જેવી રમતોમાં યુનિનાં છાત્રો ઓડીસા ભુવનેશ્વર ઓડીસા ખાતે યોજાનાર રમતોત્સવમાં પોતાનું કૌવત નિખારશે. જેનાથી યુનિ.નાં રમતગમત-સ્પર્ધાઓમાં ખેલાડી સમય, અંતર કે ઊંચાઈમાં નોંધાયેલા પોતાના પૂર્વ આંકને અથવા સ્થપાયેલા વિક્રમને પડકાર તરીકે સ્વીકાશે,અને તેને આંબી જવા પુરૂષાર્થ કરશે, જેના કારણે સ્પર્ધક ખેલાડીઓમાં દ્વેષ કે શત્રુભાવ નહિ, પણ ખેલદિલી અથવા અરસપરસ સમજૂતી અને પ્રેમપૂર્ણ મૈત્રીસંબંધો વિકસી શકે છે. રાજ્ય, રાષ્ટ્ર કે વિશ્વ રમતોત્સવોમાં આવી ખેલકૂદ-સ્પર્ધાઓ દ્વારા વિદ્યાભ્યાસ સાથે સંધાન કરનાર છાત્રો પ્રતિષ્ઠાભર્યું અને મહત્વનું સ્થાન હાંસલ કરી શકે છે.

# પી.એમ. પોષણ યોજના અંતર્ગત 'મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના'નો જૂનાગઢ જીલ્લામાં શુભારંભ



જૂનાગઢ, તા.૧૩

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પુરવઠા અધિકારી રવિ ઠેસીયાના અધ્યક્ષસ્થાને જોષીપરા પ્રાથમિક શાળાના પી.એમ. પોષણ યોજના કેન્દ્ર ખાતે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અંતર્ગત શાળાના બાલવાટિકા થી ધોરણ ૮ સુધીના અંદાજિત ૨૫૬ બાળકોને સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ મેનુ મુજબ સુખડી પીરસી 'મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજના'નો શુભારંભ કરવામાં આવ્યો હતો આ તકે નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી મહેશ ડોડીયા, જિલ્લા નાયબ મામલતદારો, સુપરવાઈઝરો પી.એમ. પોષણ યોજનાની ટીમ તથા જોષીપરા પ્રાથમિક શાળાના પ્રાથમિક શિક્ષકો જોડાયા હતા. એમ.ટી.ડોડીયા દ્વારા શાળાના બાળકોને મુખ્યમંત્રી પોષ્ટિક અલ્પાહાર યોજનાનું મહત્વ સમજાવી પોષ્ટિક આહારની સમજ આપી હતી. આ યોજનાનું જૂનાગઢ જિલ્લાના ૧૦ તાલુકાની કુલ ૭૧૪ સરકારી અને ગ્રાન્ટ-ઈન-એઈડ પ્રાથમિક શાળાઓના બાલવાટિકા થી ધો.-૮ સુધીના કુલ ૭૯,૩૧૨ વિદ્યાર્થીઓને પી.એમ. પોષણ યોજનામાં આપવામાં આવતા બપોરના ભોજન ઉપરાંત શાળામાં શૈક્ષણિક કાર્ય શરૂ થાય તે પહેલા પ્રાર્થના સમયે "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના" દ્વારા કેલરી પ્રોટીન યુક્ત પૌષ્ટિક અલ્પાહાર આપવામાં આવેલ. જે અન્વયે તાલુકાના મામલતદારશ્રી તમામ, નાયબ મામલતદાર તમામ, સુપરવાઈઝર દ્વારા પી.એમ. પોષણ યોજનાના કેન્દ્રોની મુલાકાત લઈ ઉપરોક્ત યોજનાનો જિલ્લાના તમામ કેન્દ્રો ખાતે શુભારંભ કરવામાં આવ્યો હતો.

# ખનીજનો અંતિમ વપરાશકર્તા તરીકે નોંધણી કરાવવી જરૂરી

જૂનાગઢ, તા.૧૩

ગુજરાત ગૌણ ખનીજ છૂટછાટ નિયમો ૨૦૧૭ ના પરિશિષ્ટ-૩ હેઠળ ભાગ-૧માં દર્શાવેલ ખનીજ જેવા કે સાદી રેતી, હાર્ડ મુરમ, બ્લેકટ્રેપ, બિલ્ડીંગ સ્ટોન વગેરેના ઉપયોગ સાથે સંકળાયેલા જૂનાગઢ જિલ્લામાં ખનીજનો અંતિમ વપરાશ કરતા સરકારી, અર્ધસરકારી વિભાગો જેવા કે રાજ્ય સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ, સિંચાઈ વિભાગ, પંચાયત બોર્ડ, કોર્પોરેશન, રેલવે, નેશનલ હાઈવે ઓથોરિટી, પબ્લિક હેલ્થ વિભાગ વગેરે તમામ વિભાગો અને જાહેર/સરકારી બાંધકામો અન્ય એજન્સી, કોન્ટ્રાકટર, પેટા કોન્ટ્રાક્ટરને સોંપવામાં આવે તો કામ કરનાર એજન્સી, કોન્ટ્રાકટર, પેટા કોન્ટ્રાક્ટરે રજીસ્ટ્રેશન નિયત ફી ભરી પોર્ટલમાં વિભાગીય કોન્ટ્રાક્ટર એન્ડ યુઝર તરીકેની નોંધણી કરાવવા જણાવવામાં આવે છે.

ઉક્ત પ્રકારના અંતિમ વપરાશ કરતાઓ દ્વારા ILMS પોર્ટલ https://cgmatr.ncode.in માં લોગ ઈન કરી રજીસ્ટ્રેશન મોડ્યુલમાં જઈ લાગુ પડતી ફી ઓનલાઈન જમા કરાવી અંતિમ વપરાશ કરતા કેટેગરીમાં રજીસ્ટ્રેશન કરવાનું રહેશે કોન્ટ્રાકટર, પેટા કોન્ટ્રાકટર, એજન્સી જેવા અંતિમ વપરાશ કરતા ને રજીસ્ટ્રેશન કરાવવા અંગેની જવાબદારી જે તે ખાતા હેઠળ કામ કરતા હોય તે ખાતાના વડાની રહેશે જેની નોંધ લેવી તેમ ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કચેરી જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડની નવતર પહેલ રાજકોટ શહેરમાં વૈદિક વિવાહનો પ્રારંભ

**શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનો આજથી શુભારંભ : તમામ જ્ઞાતિના લોકો વૈદિક વિવાહમાં જોડાઈ શકશે**



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૩

શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આધ્યાત્મિક પ્રવૃત્તિઓની સાથે સાથે સમાજ ઉત્થાનની પણ અનેકવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ચેરમેન શ્રી નરેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ટ્રસ્ટ દ્વારા આધ્યાત્મિક, શિક્ષણ, આરોગ્ય અને ખેતીલક્ષી પ્રવૃત્તિઓ ચાલી રહી છે. ત્યારે લગ્ન પ્રસંગોમાં ખોટા ખર્ચ ન થાય અને સમાજને એક નવીન દિશા મળે તેવા ઉદ્દેશ સાથે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારાહિંદુ શાસ્ત્રોક્ત વિધિથી વૈદિક વિવાહની શરૂઆત કરવામાં આવી છે. રાજકોટ શહેરમાં ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આસ્થા ચોક પાસે આવેલા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ સંચાલિત શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે વૈદિક વિવાહનો આજથી પ્રારંભ થયો છે. આજ રોજ તારીખ ૧૨ ડિસેમ્બરના રોજ શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે મલ્ટી પર્પઝ હોલમાં પ્રથમ વૈદિક વિવાહ યોજાયા હતા. જેમાં અમરેલીના સાવરકુંડલાના ભરતભાઈ કારિયાની પુત્રી હસ્તી કારિયાના લગ્ન ગોંડલ તાલુકાના રીબ ગામના મુકેશભાઈ પીપળીયાના પુત્ર સંદીપ પીપળીયા સાથે યોજાયા હતા. વૈદિક વિવાહ પ્રસંગે બન્ને પક્ષ તરફથી ૨૫-૨૫ મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને હિંદુ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વૈદિક વિવાહ સંપન્ન થયા હતા. આ તકે નવ દંપતીને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ટ્રસ્ટીશ્રીઓએ મા ખોડલની પ્રતિમા આપીને લગ્ન જીવનની શુભકામના પાઠવી હતી. બન્ને પક્ષ દ્વારા શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનો આભાર વ્યક્ત કરાયો હતો અને ટ્રસ્ટના વૈદિક વિવાહના વિચારની સરાહના કરી હતી. વૈદિક વિવાહ વિધિ કરનાર શાસ્ત્રી શ્રી હિતેષભાઈ દવેએ જણાવ્યું હતું કે, હાલના ઝડપી યુગમાં લગ્ન પ્રસંગોમાં ડેકોરેશન, વ્યસન અને ફેશન જ જોવા મળે છે અને આપણી મૂળ સંસ્કૃતિ લુપ્ત થઈ રહી છે. જ્યારે વૈદિક વિવાહ કરવાથી દામ્પત્ય જીવનની અંદર યશ, વિજય, માન-પાન, પદ-પ્રતિષ્ઠાની પ્રાપ્તિ થાય છે. તેથી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ આ વૈદિક વિવાહ માટે તમામ જ્ઞાતિના લોકોને વિરાટભાવથી આવકારે છે. અહીં આવનાર વરઘોડીયા વૈદિક વિધિથી સંસ્કારિત થશે અને મા ખોડલના આશીર્વાદ લઈને જશે. શ્રી ભોજલરામ ઉત્કર્ષ ભવન ખાતે દિવસમાં ચાર વૈદિક વિવાહ યોજવામાં આવશે. વૈદિક વિવાહ પ્રસંગમાં વર અને કન્યા પક્ષ તરફથી ૨૫-૨૫ લોકો જ ઉપસ્થિત રહી શકશે અને સાદગીપૂર્ણ રીતે વિવાહ પ્રસંગ યોજી શકાશે.વૈદિક વિવાહમાં કોઈપણ જ્ઞાતિના લોકો નજીવી રજિસ્ટ્રેશન ફી ભરીને જોડાઈ શકશે. વૈદિક વિવાહ માટે અગાઉથી બુકિંગ કરાવવું અનિવાર્ય છે. હાલ વૈદિક વિવાહ માટેનું બુકિંગ શરૂ થઈ ગયું છે. બુકિંગ કરાવવા માટે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ મુખ્ય કાર્યાલય, સરદાર પટેલ ભવન, નવું બિલ્ડિંગ, ચોથો માળ, ચંદ્રેશનગર પાણીના ટાંકાની સામે, ન્યૂ માયાણીનગર, માલવીયાનગર પોલીસ સ્ટેશનવાળી શેરી, રાજકોટ, મો.નં. ૭૪૮૬૦૨૦૮૧૦ અથવા ૯૭૧૨૯૪૭૮૯૪ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# જૂનાગઢ જીલ્લા વહીવટી તંત્ર દ્વારા રાષ્ટ્રીય રક્તપિત નિર્મલ કાર્યક્રમ અંતર્ગત ૧,૦૫,૮૭૩ લોકોનો સર્વે કરાશે

**તા. ૧૨ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ જીલ્લાની અંદર ૬૪ ગામના ૨૧,૮૧૬ પરિવારમાં ૧,૦૫,૮૭૩ લોકોનો સર્વે કરવામાં આવશે**



જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર આરોગ્ય રક્તપિત નાબૂદી માટે ખડે પગે કામગીરી કરી રહ્યું છે ત્યારે રાષ્ટ્રીય રક્તપિત નિર્મૂલ કાર્યક્રમ અંતર્ગત લેપ્રેસી કેસ ડીટેકશન કેમ્પેઈન (LCDC) આગામી તા. ૧૨ થી ૨૧ ડિસેમ્બર ૨૦૨૪ દરમ્યાન જૂનાગઢ જિલ્લાની અંદર ૬૪ ગામના ૨૧,૮૧૬ પરિવારમાં ૧,૦૫,૮૭૩ લોકોનો સર્વે કરવામાં આવશે. જિલ્લા કલેકટરશ્રી અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં ડિસ્ટ્રિક્ટિ કો-ઓર્ડીનેશન કમિટીની રચના બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાન, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. અલ્પેશ સાલ્વી, અને જિલ્લા ક્ષય/લેપ્રેસી અધિકારી શ્રી ડો. સી.એલ.વ્યાસ હાજર રહ્યા હતા. લેપ્રસીમાં મલ્ટી બેસીલેરીમાં ૧૨ મહિના અને પોસી બેસીલેરીમાં ૬ મહિના સારવાર આપવામાં આવે છે. સારવાર દરમિયાન દર્દીને ૮૦૦ રૂપિયા સહાય આપવામાં આવે છે અને આશા કાર્યકરો દ્વારા દવા પૂર્ણ કરવામાં આવે તો મલ્ટી બેસીલેરી ૬૦૦ રૂપિયા અને પોસી બેસીલેરી માં ૪૦૦ રૂપિયા ચૂકવવામાં આવે છે. આ દવાઓ તમામ આરોગ્ય કેન્દ્ર ઉપર મફત સારવાર માટે આપવામાં આવે છે. આ તકે આરોગ્યતંત્ર દ્વારા જણાવવામાં આવે છે કે આછું ઝાંખું અને રતાશ પડતું ચાઠું રક્તપિત હોઈ શકે, રક્તપિત રોગથી ગભરાવાની જરૂર નથી, નિયમિત સારવાર અને તકેદારી રાખવામાં આવે તો રક્તપિત ચોક્કસ મટી શકે છે. તેમ જિલ્લા ક્ષય/લેપ્રેસી અધિકારી જૂનાગઢ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લાના અધિકારીઓ તથા પદાધિકારી સાથે સમીક્ષા બેઠક યોજતા પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયા




(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૩

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લાગતી બાબતોના કેબિનેટ મંત્રી અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી કુંવરજીભાઈ બાવળીયાની અધ્યક્ષતામાં કલેકટર કચેરી ખંભાળિયા ખાતે જિલ્લાના અધિકારીઓ તથા પદાધિકારીઓ સાથે જિલ્લાના પ્રશ્નો અંગેની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં પ્રભારી મંત્રીશ્રીએ પાણી પુરવઠો, સિંચાઈ, અન્ન પુરવઠો, કૃષિ, વીજ પુરવઠો, સહિત કેન્દ્ર તથા રાજ્ય સરકારની જનકલ્યાણલક્ષી યોજનાઓના લાભ, જિલ્લામાં કાર્યરત પ્રોજેક્ટ્સ સહિતના અન્ય વિભાગોના કામો વિશે તલસ્પર્શી માહિતી મેળવી વિસ્તૃત ચર્ચા કરી હતી. વધુમાં જિલ્લાના પ્રવાસન અને ધાર્મિક સ્થળો પર સ્વચ્છતા, પાણી પુરવઠા સહિતની સુવિધાઓ સુનિશ્ચિત થાય તે માટે સૂચનાઓ આપી હતી. ઉપરાંત, કેન્દ્ર તથા રાજ્ય સરકારની પ્રજાહિતલક્ષી યોજનાઓનો લાભ જન જન સુધી પહોંચાડવા તથા સાંસદશ્રી તથા ધારાસભ્યશ્રીના કામોને અગ્રતા આપવા જણાવ્યું હતું. ઉપરાંત વિવિધ વિભાગના પડતર પ્રશ્નો અંગે માહિતી મેળવીને તેના પર વિસ્તૃત ચર્ચા કરી તાકીદે કામો પૂર્ણ કરવા મંત્રીશ્રીએ જરૂરી સૂચનો તથા માર્ગદર્શન આપ્યું હતું.

આ બેઠકમાં કલેકટર જી.ટી.પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.ધાનાણી, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રચનાબેન મોટાણી, જિલ્લા પંચાયત કારોબારી ચેરમેન જીતેન્દ્ર કણઝારીયા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુર ગઢવી, અગ્રણી પી.એસ.જાડેજા, સંજય નકુમ, યુવરાજસિંહ વાઢેર, રસિક નકુમ, ભરત ચાવડા, ભરત ગોજીયા સહિત વિવિધ વિભાગના અધિકારીઓ તથા પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# UPSC સીવીલ સર્વીસની મેઈન્સ એકઝામ પાસ કરી લોઢવા ગામ તથા આહીર સમાજનું ગૌરવ વધારતાં રોહિત ભોળા

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૧૩

સમગ્ર ભારતમાંથી કુલ ૧૩ લાખથી વધુ પરીક્ષાર્થીઓમાંથી ૨૯૦૮ ઉમેદવારોએ UPSC મેઈન્સ પાસ કરેલી છે.તેમાંથી ઈન્ટરવ્યુ બાદ હવે ૧૦૫૬ ઉમેદવારોનું સિલેકશન થવાનું છે.ત્યારે તેમાં લોઢવા ગામનું ગૌરવ રોહિતભાઈ કરશનભાઈ ભોળા એ પણ આ પરિક્ષા પાસ કરેલી છે. સમગ્ર વૈશ્વિક લેવલે લેવામાં આવતી અઘરી પરીક્ષાઓમાં ત્રીજા ક્રમની સૌથી ટફ એક્ઝામ એટલે Union public service commission. લોઢવા તથા સમગ્ર પંથક માટે ખૂબ જ આનંદ ની વાત છે.કે, આપણાં યુવાઓ આ લેવલ સુધી સફર કરી રહ્યા છે. જે ગ્રામ્ય કક્ષાએ થી પણ આ લેવલ સુધી જઈ શકે એ વાત સાબિત કરી દીધી. લોઢવા ગામનાં કરશનભાઈ ભગવાનભાઈ ભોળા કે જેઓ લોઢવા ગામમાં જ પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવે છે તથા BAPS સ્વામિનારાયણ મંદિર લોઢવાનું સફળ સંચાલન કરે છે. તેમનાં પુત્ર રોહિત એ પ્રથમ



પ્રયાસમાં જ યુપીએસસીમાં સીવીલ સર્વિસનાં બે લેવલ પાર કરી લીધા અને હવે આખરી લેવલ એટલે ઈન્ટરવ્યું બાકી છે. તે પણ સફળતા પુર્વક પાર કરે તેવાં શુભેચ્છાઓ ઠેરઠેરથી મળી રહેલ છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ગુનેગારને જ્યારે સરકારે જ ભગાડ્યો!

ઓગસ્ટ ૨૦૧૦ની વાત છે જ્યારે રાજ્યસભામાં ભોપાલ ગેસ દુર્ઘટના પર ચર્ચા ચાલી રહી હતી. આ દુર્ઘટના અંગે આરોપ લગાવવામાં આવ્યા હતા કે તત્કાલિન વડાપ્રધાન રાજીવ ગાંધીએ યુનિયન કાર્બાઈડના સીઈઓ વોરેન એન્ડરસનને ભારતમાંથી ભાગવામાં મદદ કરી હતી. દુર્ઘટના દરમિયાન મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન રહેલા અર્જુન સિંહે રાજીવનો બચાવ કર્યો હતો અને કહ્યું હતું કે ભોપાલ ગેસ દુર્ઘટનાના સંબંધમાં તેમના પર લાગેલા તમામ આરોપો પાયાવિહોણા છે. અર્જુન સિંહે કહ્યું કે રાજીવ ગાંધીએ એન્ડરસન અંગે એક પણ શબ્દ કહ્યો નથી. તેમના પર કોઈપણ પ્રકારના આરોપ લગાવવા સંપૂર્ણપણે પાયાવિહોણા છે. તેમણે ભાવનાત્મક રીતે કહ્યું કે આ ઘટના બાદ તેઓ તેમના પદ પરથી રાજીનામું આપવા તૈયાર હતો, પરંતુ રાજીવ ગાંધીએ તેમ કરવાની ના પાડી. ચાલો જાણીએ એ ભયાનક કાળી રાતની કહાની, જેણે હજારો લોકોની ઊંઘ હરામ કરી દીધી હતી.

ભોપાલના યુનિયન કાર્બાઈડના પ્લાન્ટ નંબર 'C' માં ૨-૩ ડિસેમ્બરની મધ્યાંતર રાત્રિ પછી સવારે ઝેરી ગેસ મિથાઈલ આઈસોસાયનેટ લીક થઈ રહ્યો હતો. તેમાંથી બનેલી ગેસના વાદળને પવન દૂર સુધી ખેંચી જતો હતો અને લોકો રસ્તા પર પત્તાંની માફક પડતા જતા હતા. કેટલાક લોકો તે સવારે પણ જાગ્યા જ નહીં. એ રાત્રે તેમને મોતની ઊંઘ આવી હતી. સરકારી આંકડાઓ અનુસાર, આ દુર્ઘટનાના થોડા જ કલાકોમાં ૫,૨૯૫ લોકો માર્યા ગયા હતા. મૃત્યુનો આ સિલસિલો વર્ષો સુધી ચાલતો રહ્યો. અમેરિકન જંતુનાશક બનાવતી કંપની ડાઉ યુનિયન કાર્બાઇડની ફેક્ટરીમાંથી લગભગ ૪૦ ટન ગેસ લીક થયો હતો. આ ઝેરી ગેસના લીકેજની અસર એટલી બધી હતી કે વર્ષો પછી મૃત્યુઆંક ૨૫ હજારની આસપાસ પહોંચી ગયો. એવું કહેવાય છે કે આ ઝેરી ગેસને કારણે લોકોને મોતને ઘાટ ઉતારવામાં સરેરાશ ત્રણ મિનિટનો સમય લાગ્યો હતો.

દુર્ઘટનાનું કારણ એ હતું કે યુનિયન કાર્બાઈડની ટાંકી નંબર ૬૧૦માં ઝેરી મિથાઈલ આઈસોસાયનેટ ગેસ પાણીમાં ભળ્યો હતો. આ કેમિકલ પ્રક્રિયાને કારણે ટાંકીમાં દબાણ સર્જાયું હતું અને ટાંકી ખુલી હતી અને તેમાંથી નીકળતા ગેસે હજારો લોકોના જીવ લીધા હતા. આનાથી ફેક્ટરીની નજીકની ઝૂંપડપટ્ટીઓને સૌથી ખરાબ અસર થઈ હતી. કુલ ૫,૨૧,૦૦૦ લોકો તેનાથી પ્રભાવિત થયા હતા. એક અનુમાન મુજબ પહેલા બે દિવસમાં લગભગ ૫૦ હજાર લોકોની સારવાર કરવામાં આવી હતી. શરૂઆતમાં ડોકટરોને બરાબર ખબર ન હતી કે શું કરવું જોઈએ કારણ કે તેઓને મિથાઈલ આઈસોસાયનેટ ગેસથી પીડિત લોકોની સારવાર કરવાનો કોઈ અનુભવ નહોતો. જો કે, ગેસ લીક થયાના આઠ કલાક પછી, ભોપાલને ઝેરી ગેસની અસરથી મુક્ત માનવામાં આવતું હતું. પરંતુ, આજ સુધી આ શહેર સંપૂર્ણ રીતે ઉગરી શક્યું નથી. આખા શહેરમાં વિચિત્ર દુર્ગંધ ફેલાઈ ગઈ હતી અને ચારેબાજુ લાશો જ લાશો વિખેરાયેલી હતી. થોડા જ દિવસોમાં આસપાસના વૃક્ષો ઉજ્જડ બની ગયા અને પ્રાણીઓના ફૂલી ગયેલા શબનો નિકાલ કરવો પડયો. ૧૭૦,૦૦૦ લોકોને હોસ્પિટલો અને કામચલાઉ દવાખાનાઓમાં સારવાર આપવામાં આવી હતી. ૨,૦૦૦ ભેંસો, બકરીઓ અને અન્ય પ્રાણીઓને એકત્ર કરી દફનાવવામાં આવ્યા હતા.

ભોપાલ ગેસ દુર્ઘટના કેસમાં ૭ જૂને કોર્ટે આઠ લોકોને દોષિત ઠેરવ્યા હતા અને તેમને બે વર્ષની જેલની સજા ફટકારી હતી. આ કેસમાં યુનિયન કાર્બાઈડનો તત્કાલીન વડો વોરેન એન્ડરસનને ફરાર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, તે ભારત છોડવામાં સફળ રહ્યો હતો. એન્ડરસન ગેસ અકસ્માતના ૪-૫ દિવસ પછી ૭ ડિસેમ્બરે ભોપાલ પહોંચ્યો હતો અને એરપોર્ટ પર જ તેની ધરપકડ કરવામાં આવી હતી. એન્ડરસને ફેક્ટરીમાં અગાઉના અકસ્માતોની અવગણના કરી હતી. ધરપકડના બીજા દિવસે એટલે કે થોડા કલાકોમાં જ ભોપાલના તત્કાલીન કલેક્ટર મોતી સિંહ અને એસપી સ્વરાજ પુરી એન્ડરસનને સરકારી કારમાં એરપોર્ટ લઈ ગયા. રાજ્ય સરકારનું વિમાન ત્યાં તૈયાર હતું, જેમાં એન્ડરસનને દિલ્હી મોકલવામાં આવ્યો. તે જ સાંજે દિલ્હીથી અમેરિકા જવા રવાના થઈ ગયો. આ પછી એન્ડરસન ક્યારેય ભારત આવ્યો નથી. કલેક્ટર મોતી સિંહે ૨૦૦૮માં 'અનફોલ્ડિંગ ધ બીટ્રેયલ ઓફ ભોપાલ ગેસ ટ્રેજેડી' પુસ્તક લખ્યું હતું. તેણે લખ્યું છે કે એન્ડરસનને તત્કાલિન સીએમ અર્જુન સિંહના આદેશ પર મુક્ત કરવામાં આવ્યો હતો. મધ્ય પ્રદેશના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન અર્જુન સિંહ તેમની આત્મકથા 'ધ ગ્રેન ઑફ સેન્ડ ઈન ધ અવરગ્લાસ ઑફ ટાઈમ'માં લખે છે કે એન્ડરસનને જામીન આપવા માટે ગૃહ મંત્રાલય તરફથી ફોન આવ્યો હતો. મિથાઈલ આઈસોસાયનેટ ગેસ એ જ ગેસ હતો જેનો ઉપયોગ બીજા વિશ્વયુદ્ધમાં થયો હતો. જેનો ઉપયોગ જર્મન તાનાશાહ હિટલરે ગેસ ચેમ્બરમાં કર્યો હતો. તેણે આ ગેસ ચેમ્બરનો ઉપયોગ તેના દુશ્મનોને મારવા માટે કર્યો હતો. જીનીવા કન્વેન્શન હેઠળ આ ગેસ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. આ પછી પણ જ્યારે ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં દેશમાં ઈમરજન્સી લાદી ત્યારે આ ઝેરી ગેસનો ઉપયોગ કરનાર યુનિયન કાર્બાઈડને ભોપાલમાં ફેક્ટરી ખોલવાની પરવાનગી આપવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૩ માં, ભોપાલ ગેસ દુર્ઘટના પર એક અભ્યાસ બહાર આવ્યો હતો, જે લગભગ ૩૦ વર્ષના સંશોધન પછી પ્રકાશિત થયો હતો. આ અભ્યાસ ૧૯૮૫ થી ૨૦૧૫ દરમિયાન દુર્ઘટનામાં બચી ગયેલા ૯૨,૩૨૦ લોકો પર કરવામાં આવ્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે આ દુર્ઘટનાએ ગર્ભમાં રહેલા બાળકોને પણ બક્ષ્યા નથી. જેઓ બચી ગયા તેમાંથી ઘણાને કેન્સર થયું. શ્વાસ લેવામાં તકલીફ અને આંખોની રોશની ગુમાવવા જેવી ઘણી સમસ્યાઓ વિકસિત થઈ.

# સંપૂર્ણ પોષણ માટે ડબલ ફોર્ટિફાઈડ મીઠું અને ફોર્ટિફાઈડ ચોખાનો રોજિંદા આહારમાં સમાવેશ કરો અને સ્વસ્થ જીવન જીવો

## એનિમિયા અને કુપોષણથી જન-જનને રક્ષણ આપે છે આયર્ન, આયોડીનથી સંપન્ન ડબલ ફોર્ટિફાઈડ મીઠું અને વિટામિન બી૧૨, ફોલિક એસિડથી સમૃદ્ધ ફોર્ટિફાઈડ ચોખા

નાગરિકોના સુસ્વાસ્થ્ય માટે સરકાર સતત પ્રયત્નશીલ છે. સરકારશ્રીના કુપોષણ અને એનિમિયા રોકવા માટેના એક પ્રયત્નરૂપે ડબલ ફોર્ટીફાઈડ મીઠું "કલ્પતરૂ" અને ફોર્ટીફાઈડ ચોખાં લોન્ચ કરવામાં આવ્યાં છે અને જાહેર વિતરણ વ્યવસ્થા દ્વારા આ સુધારેલ અને આરોગ્યવર્ધક ચોખા/મીઠું તમામ નાગરીકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે. એનિમિયા અને કુપોષણથી જન-જનને રક્ષણ આપતાં આયર્ન,આયોડીનથી સંપન્ન ડબલ ફોર્ટિફાઈડ મીઠું અને વિટામિન બી૧૨, ફોલિક એસિડ તેમજ આયર્નથી સમૃદ્ધ ફોર્ટિફાઈડ ચોખા વિષે થોડી માહિતી મેળવીએ.

ડબલ ફોર્ટિફાઈડ મીઠું :

મીઠાનો વ્યાપકપણે ઉપયોગ થતો હોવાથી તે રસોઈનો અને દરેક વ્યક્તિના ભોજનનો અને એક મહત્ત્વપૂર્ણ હિસ્સો છે. મીઠું આપણા શરીરમાં ખુટતાં સુક્ષ્મ દ્રવ્યો પહોંચાડવા માટેનું એક સંપૂર્ણ અને ઉત્તમ વાહક બની શકે તેમ હોવાથી આયોડીન અને આયર્ન જેવા પોષક તત્વો માટે વાહક તરીકે મીઠું પસંદ કરવામાં આવ્યું અને તેમાંથી જન્મ થયો ડબલ ફોર્ટીફાઈડ મીઠાંનો.

ડબલ ફોર્ટીફાઈડ મીઠું એક નવા પ્રકારનું મીઠું છે, જે ભોજનમાં બે સૂક્ષ્મ પોષક તત્વો આયોડિન અને આયર્ન પુરાં પાડે છે. આ મીઠાના ઘટકતત્વો સામાન્ય રીતે આપણા દૈનિક આહારની આયોડિનની જરૂરિયાતના ૧૦૦ ટકા અને આયર્નની જરૂરિયાતના ૩૦ થી ૬૦ ટકા પુરી કરે છે. આયર્નની બાકીની જરૂરિયાત લીલાં શાકભાજી, કઠોળ, અન્ય આયર્નયુક્ત ખોરાક ઉપરાંત જરૂર પડ્યે આયર્નની ગોળી કે સિરપ દ્વારા પુરી કરી શકાય છે. આયોડિન અને આયર્નની ઉણપને લીધે થતી સમસ્યાઓ નિવારવા માટે ડબલ ફોર્ટીફાઈડ મીઠું ઉપયોગી છે. 'કલ્પતરૂ' ના નામે ઓળખાતું ડબલ ફોર્ટિફાઈડ મીઠું ઘરેલું ખોરાકમાં સરળતાથી વાપરી શકાય છે, તે રોજિંદા ખોરાક જેવાં કે શાક, દાળ, રોટી વગેરેમાં મિશ્રિત કરવું આરોગ્ય માટે લાભદાયી છે.

પીએમ-પોષણ યોજના (મિડ-ડે મીલ)માં બાળકો માટે બનાવવામાં આવતા ભોજનમાં પણ આ મીઠાનો ઉપયોગ કરવામાં આવે છે. કલ્પતરૂ ડબલ ફોર્ટીફાઈડ મીઠું રાજયના તમામ એન.એફ.એસ.એ. કાર્ડધારકો માટે દરેક વાજબી ભાવની દુકાને ઉપલબ્ધ છે.

ડબલ ફોર્ટીફાઈડ મીઠું પરિવારના તમામ સભ્યો ખાઈ શકે છે. પરંતુ કિશોરીઓ અને મહિલાઓમાં એનીમિયાનું જોખમ વધારે હોવાથી, તેમણે આ મીઠું ખાસ વાપરવું જોઈએ. ડબલ ફોર્ટીફાઈડ મીઠામાં દેખાતા કાળા કણો મીઠામાં આયર્ન ઉમેરેલું છે તે દર્શાવે છે. પર્યાપ્ત માત્રામાં આયર્ન આપણા શરીરમાં એનેમિયા થતો અટકાવવામાં મદદરૂપ થાય છે. ડબલ ફોર્ટીફાઈડ મીઠું આપણને આયોડીનની ઉણપને લીધે થતી, સૌથી વધારે જોવા મળતી ગોઈટર (ગળામાં ગાંઠ)ની બમારીથી બચાવે છે.




બાળકોના મગજ અને શરીરના યોગ્ય વિકાસ માટે આયોડીન અને આયર્ન આવશ્યક હોવાથી તેમજ વ્યાપકપણે જોવા મળતાં એનીમિયાથી બચવા માટે સાદું મીઠું વાપરવાની જગ્યાએ ડબલ ફોર્ટીફાઈડ મીઠું વાપરવું જરૂરી છે.

આયોડિન બાળકોના સર્વાંગી શારીરિક અને માનસિક વિકાસ તેમજ શરીરના વિવિધ અંગો જેમ કે હૃદય, મગજ અને સ્નાયુઓની કામગીરીમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. બાળકોના મગજનો યોગ્ય વિકાસ થવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવતું હોવાથી આયોડિન સગર્ભાઓ અને ધાત્રી માતાઓ માટે જરૂરી છે. આયર્ન શરીરની સામાન્ય ઊર્જા અને એકાગ્રતા. પાચનક્રિયાઓ, રોગપ્રતિકારક શક્તિ અને શરીરના તાપમાનનું નિયમન જેવી અનેક મહત્વપૂર્ણ કામગીરીને જાળવવામાં મદદરૂપ થાય છે.

ડબલ ફોર્ટીફાઈડ મીઠામાં આયોડિન ઉપરાંત આયર્ન હોવાથી, રસોઈ બની જાય ત્યારબાદ જ ડબલ હોર્ટીફાઈડ મીઠું ઉપરથી ઉમેરવું. ડબલ ફોર્ટીફાઈડ મીઠાને બરણીમાંથી ચમચી વડે જ કાઢવું. તેને પ્લાસ્ટિક અથવા કાચની બંધ બરણીમાં રાખવું જોઈએ અને ભેજ તેમજ સૂર્યપ્રકાશથી દૂર રાખવું જોઈએ સીધો સૂર્યપ્રકાશ મીઠામાંના આયોડીનની માત્રા ઘટાડી શકે છે. ડબલ ફોર્ટીફાઈડ મીઠું એના ઉત્પાદનની તારીખથી ૧૨ મહિના સુધી વપરાશ યોગ્ય રહે છે. ડબલ ફોર્ટીફાઈડ મીઠું બનાવવાની પ્રક્રિયા મોંઘી હોય છે, પરંતુ સરકારશ્રીની યોજનાઓ હેઠળ ટોકન ભાવે અથવા તો વિનામૂલ્યે આ મીઠું ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ડબલ ફોર્ટીફાઈડ મીઠાનો સ્વાદ સામાન્ય મીઠા જેવો જ હોય છે. મીઠામાં આયોડીન અને આયર્ન ઉમેરાવાથી મીઠામાં કે તે મીઠું વાપરી બનાવેલા ભોજનના સ્વાદમાં કોઈ ફેર પડતો નથી.

ફોર્ટિફાઈડ ચોખાઃ

ફોર્ટિફાઈડ ચોખામાં આયર્ન, ફોલિક એસિડ, વિટામિન બી ૧૨ અને અન્ય પોષક તત્ત્વો મિશ્રિત કરવામાં આવે છે. ફોર્ટીફાઈડ ચોખાનો સંગ્રહ, તેને રાંધવાની પદ્ધતિ તેમજ સ્વાદ સામાન્ય ચોખા જેવો જ હોય છે. તેના ફાયદા અનેક છે. તે આયર્ન અને વિટામિનની ઉણપ દૂર કરીને શરીરમાં ઉર્જા અને તાકાત બક્ષે છે. તેનાથી ફોલિક એસિડ અને વિટામિન બી ૧૨ મળતાં લોહીની કમી દૂર થાય છે, એનિમિયા થતો અટકે છે. મગજની કાર્યક્ષમતા વધારવા અને રકતકણોના ઉત્પાદન માટે જરૂરી વિટામીન બી-૧૨ તેમાંથી મળે છે. તે બાળકોના યોગ્ય શારીરિક અને માનસિક વિકાસ માટે ફાયદાકારક છે. તેમાંનું ફોલીક એસીડ ગર્ભમાં રહેલ શિશુના વિકાસ અને રકત ઉત્પાદનમાં મદદરૂપ થાય છે. તે સામાન્ય ચોખાના બદલે વાપરવામાં આવે તો વધારાના પોષક તત્વો મળતાં હોવાથી આરોગ્ય માટે લાભદાયી સાબિત થાય છે. ફોર્ટિફાઈડ ચોખાનો ઉપયોગ શાકભાજી ભાત, ખીચડી, પુલાવ અને અન્ય ચોખા આધારિત વાનગીઓમાં કરી શકાય છે. સંપૂર્ણ પોષણ માટે ડબલ ફોર્ટિફાઈડ મીઠું અને ફોર્ટિફાઈડ ચોખાનો રોજિંદા આહારમાં સમાવેશ કરો અને સ્વસ્થ જીવન જીવો..

-: ખાસ લેખ:-
ભાર્ગવ કે. ભંડેરી

# સુત્રાપાડાના બરૂલાના તળાવમાંથી માટીચોરીના મામલે NHAIના કોન્ટ્રાકટરને રૂા.૧.૩૧ કરોડનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ દ્વારા)

વેરાવળ, તા.૧૩

ગીર સોમનાથના સુત્રાપાડાના બરૂલા ગામે સરકારી તળાવમાંથી ગેરકાયદેસર રીતે માટી ચોરી કર્યાના મુદ્દે ખાણ ખનીજ વિભાગ દ્વારા NHAIના કોન્ટ્રાકટરને રૂા.૧.૩૧ કરોડનો દંડ ફટકારતા ચકચાર જાગી છે. સુજલમ સુફલામના નામે સરકારને લાખો રૂપિયાની રોયલ્ટીનો ચુનો ચોપડવા માટે ગોઠવાયેલ કૌભાંડ મિડીયા દ્વારા ખુલ્લુ પાડી આ મુદ્દે અહેવાલ પ્રસિદ્ધ કરી જવાબદાર તંત્રને જગાડ્યું હતું.

સોમનાથ કોડીનાર નેશનલ હાઈવેનું કામ કરી રહેલ કલથીયા એન્જી. નામની એજન્સીમાં ગીર સોમનાથ વિસ્તારના એક રાજકીય નેતા દ્વારા પેટામાં માટીકામ રાખવામાં આવેલ હતુ. આ કામમાં નિયત થયેલ બોરોપીટના બદલે નજીકના જ વિસ્તારોમાંથી માટીચોરી કરી નાખવા માટે સુનિયોજીત કૌભાંડ રચવામાં આવેલ અને સુત્રાપાડા તાલુકાના બરૂલા ગામે આવેલ સરકાર તળાવમાંથી ડિસેમ્બરથી માર્ચ સુધી બેફામ રીતે હજારો મેટ્રિક ટન માટીચોરીને અંજામ આપવામાં આવ્યો હતો. આ માટીચોરી કૌભાંડમાં જીલ્લા પંચાયત સિંચાઈ વિભાગના અધિકારી સાથે સાંઠગાંઠ રચી સુજલમ સુફલામના નામે માટી ચોરીને અંજામ અપાયેલ પરંતુ જુલાઈ માસમાં વરસાદ આવતા તળાવના પાળા ક્ષતિગ્રસ્ત બનતા ભયજનક સ્થિતિમાં આવી જતા બરૂલા ગામના ગીર સોમનાથ ભાજપ બક્ષીપંચ મોરચા ના અધ્યક્ષ પ્રો. જીવાભાઈ વાળાએ તંત્રને ફરિયાદ કરી હતી. આ સમયે મિડીયામાં માટીચોરી મુદ્દે અહેવાલો પ્રસિદ્ધ થતાં તંત્ર પણ હરકતમાં આવ્યુ હતુ. યુદ્ધના ધોરણે તળાવના પાળાની મરામત શરૂ કરાતા મોટી દુર્ઘટના બનતી અટકી હતી. આ તળાવ ક્ષતીગરત બનેલ ત્યારે માટીચોરી કૌભાંડનો પર્દાફાશ થયો હતો અને નેશનલ હાઈવેના કોન્ટ્રાકટરના પેટામાં માટીકામ કરી રહેલ રાજકીય નેતાના મળતીયાઓએ મોટાપાયે માટીચોરી કરી હોવાનું સામે આવતા આ મામલે સિંચાઈ



વિભાગ દ્વારા ખાણ ખનીજ વિભાગને માટી ચોરી અંગે લેખિત જાણ કરી હતી.


આ અંગે કાર્યવાહીની વિગતો આપતા જીલ્લા ભુસ્તરશાસ્ત્રી વિજય સુમેરાએ જણાવેલ કે, જીલ્લા પંચાયત સિંચાઈ વિભાગના પત્ર અનુસંધાને NHAI ના કોન્ટ્રાકટર કલથીયા એન્જી.ને માટી ચોરી અંગે નોટિસ ફટકારી નિયમ અનુસાર બે સુનવણી રાખી હતી. જેમાં ત્રીજી સુનવણીમાં કલથીયા એન્જી.ના પ્રતિનિધિ હાજર ન રહેતા આખરે ૫૬ હજાર મેટ્રિક ટન માટી ચોરી મામલે રૂ.૧ કરોડ ૩૧ લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે. સદરહુ દંડની રકમ આગામી ૩૦ દિવસમાં ભરપાઈ કરવામાં નહીં આવે અથવા અપીલ નહીં કરાઈ તો રેવન્યુ તેમજ FIR કરી વસુલાત કરવામાં આવશે. અત્રે નોંધનીય છે કે, તાલાલા વિધાનસભા વિસ્તારના રાજકીય નેતાના મળતીયાઓ દ્વારા આચરવામાં આવેલ માટી ચોરી કૌભાંડમાં નેતાના ધમપછાડા વચ્ચે જીલ્લાના તંત્રએ આકરી કાર્યવાહી કરતાં સમગ્ર જીલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે.


# રાણપુર ખાતે આવેલા શ્રી રાણેશ્વર મહાદેવ મઠ ખાતે સનાતન વૈદિક ધર્મોત્સવ અંતર્ગત યજ્ઞાનુષ્ઠાન મહોત્સવનું ભવ્ય આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

રાણપુર ગામે આવેલા શ્રી રાણેશ્વર મહાદેવ મઠ ખાતે આગામી તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૫થી તા.૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ સુધી સનાતન વૈદિક ધર્મોત્સવ અંતર્ગત યજ્ઞાનુષ્ઠાન મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે અને જે અંગેની જોરશોરથી તૈયારી હાથ ધરવામાં આવી છે.







## તા.૧૦ જાન્યુઆરી ૨૦૨૫થી યજ્ઞોત્સવનો પ્રારંભ થશે અને ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના યજ્ઞોત્સવની પૂર્ણાહુતી થશે : આ યજ્ઞોત્સવનો લાભ લેવા ભાવિકો, ધર્મપ્રેમી જનતા અને સંતોને ભાવભર્યું નિમંત્રણ : મહેશગીરી બાપુ ગુરૂ અમૃતગીરી બાપુના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી

રાણપુર ખાતે આવેલા શ્રી રાણેશ્વર મહાદેવ મઠ ખાતે યોજાનારા આ ધર્મોત્સવ યજ્ઞોત્સવના કાર્યક્રમમાં અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવનાર છે. દેવાધીદેવ રાણેશ્વર મહાદેવ શ્રી ગુરૂ દત્તાત્રેયજી મહારાજ અને પૂ. ગુરૂદેવ અમૃતગીરી બાપુની પરમ કૃપાથી સનાતન વૈદિક ધર્મના સંસ્થાપનના સંકલ્પ હેતથી શ્રી રાણેશ્વર મહાદેવ મંદિરના પટાંગણમાં વૈદિક યજ્ઞાનુષ્ઠાન મહોત્સવનું અનેકવિધ યજ્ઞો સાથે ભવ્ય આયોજન થવા જઈ રહ્યું છે. શ્રી ગુરૂદત્તાત્રેય ભગવાનના ૨૪ ગુરૂ છે અને આ મહોત્સવ પણ ૨૪ યજ્ઞનો દુર્લભ મહોત્સવ છે. આ સમગ્ર યજ્ઞોત્સવ દરમ્યાન તા.૧૦ જાન્યુઆરીથી ૨૦ ફેબ્રુઆરી દરમ્યાન અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવશે તેમજ યજ્ઞોત્સવના કાર્યક્રમ દરમ્યાન પૂજન સહિતના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત તા.૧૪-૧-૨૦૨૫ના ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે જેમાં ભગવતીબેન ગોસ્વામી, પિયુષભાઈ મિસ્ત્રી, બ્રીજદાન ગઢવી સહિતના કલાકારોનો આ કાર્યક્રમ રાત્રે ૯ કલાકે અમૃત દ્વારના સામે રાણપુર સોરઠ ખાતે યોજાશે. જયારે ૨૨-૧-૨૦૨૫ના બિરજુ બારોટ, જયશ્રી માતાજી અને જીતુદાન ગઢવીના ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. જયારે તા.૨૯-૧-૨૦૨૫ના રાજભા ગઢવી, શૈલેષ મહારાજ અને પ્રતિબેન વાજાનો ભજન સંધ્યાનો કાર્યક્રમ રાખેલ છે. જયારે ૨૦ ફેબ્રુઆરી ૨૦૨૫ના સવારે ૯ કલાકે ભંડારો રાખવામાં આવેલ છે અને સંતો-મહંતો તેમજ ભારતભરના સંતો પણ ખાસ ઉપસ્થિત રહેનાર છે. આ સૌપ્રથમવાર યોજાઈ રહેલા ધાર્મિક મહોત્સવ યજ્ઞોત્સવના કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી રાણેશ્વર મહાદેવ મઠ રાણપુર, શ્રી ગુરૂદત્તાત્રેય સંસ્થાન ગિરનાર, શ્રી ભૂતનાથ મહાદેવ મંદિર જૂનાગઢના મહંત શ્રી મહેશગીરી બાપુ ગુરૂ શ્રી અમૃતગીરી બાપુના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

અનીતિ તથા પ્રમાદથી સમૃધ્ધિ નાશ પામે છે...

- ઋગ્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક સુદ-૧૧ પ્રબોધિની એકાદશી, દેવઉઠી એકાદશી, પંઢરપુર યાત્રા, પંચક તા.૧૨ નવેમ્બર ૨૦૨૪, મંગળવાર, પારસી તા.૩૦, મુસ્લિમ તા.૯, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, હર્ષણ યોગ, બવ કરણ, સૂ.ઉ.૭:૦૪, સૂ.અ.૬:૦૭

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યવસાયિક સંબંધિત કાર્યમાં પ્રગતિ થાય. સ્વમાન ભંગનો યોગ છે.
વૃષભ:માનસિક ચિંતા અનુભવાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુન:આવક-જાવક સરભર રહે. હિતશત્રુઓને પીછેહટ કરવી પડે.
કર્ક: અટકેલા કાર્યોમાં પ્રગતિ થાય. રોકાયેલા નાણાં છૂટા થાય.
સિંહ: ધંધા-નોકરીને લગતા કાર્યમાં લાભ થાય. આકસ્મીક પ્રવાસ-મુસાફરી થાય.
કન્યા: ધંધા-નોકરીને લગતા કાર્યમાં સાવધાની રાખવી. ગેરસમજના ભોગ ન બની જવાય તે જોજો.
તુલા: આર્થિક વ્યવહારમાં સંભાળવો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક:નવિન શુભ સમાચાર મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
ધન: નવિન કાર્યમાં સફળતા મળે. નજીકના સંબંધીથી લાભ થાય.
મકર: આર્થિક મુંઝવણમાં વધારો થાય. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું.
કુંભ: વડીલવર્ગ કે ઉચ્ચ અધિકારીથી લાભ થાય. યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય.
મીન: ગૃહવિવાદ ન થાય તે જોજો. ભાગીદાર સાથે મનદુઃખ થાય.

# તેઓને નોકરી આપી શકતા નથી તો કેટલા સમય સુધી મફત રાશન આપી શકાય ? : સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને ઠપકો આપ્યો

## કોર્ટની બેન્ચે આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું જ્યારે કેન્દ્રએ કોર્ટને જણાવ્યું કે, ૮૧ કરોડ લોકોનેભૂખ્યા ન રહે તે માટે મફત અથવા સબસિડીવાળું રાશન આપવામાં આવી રહ્યું છે



નવી દિલ્હી, તા.૧૩ સુપ્રીમ કોર્ટે કોવિડ રોગચાળા પછી સ્થળાંતરિત કામદારોને મફત રાશન આપવામાં આવે છે અને તેમની રોજગારની તકો અને ક્ષમતા નિર્માણની જરૂરિયાત ઉપર ભાર મૂકતા ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને ન્યાયમૂર્તિ મનમોહનની બેન્ચે કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતા અને એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યાભાટીને જણાવ્યું હતું. એડવોકેટ પ્રશાંત ભૂષણ ૨૦૨૦માં કોવિડ રોગચાળા દરમ્યાન પરપ્રાંતિય મજૂરોની સમસ્યાઓ અને વેદનાઓ ઉપરના સુઓમોટુ કેસમાં એનજીઓ તરફથી હાજર હતા. ‘ઈ-શ્રમ’ પોર્ટલ ઉપર નોંધાયેલા તમામ સ્થળાંતર કામદારોને તાત્કાલિક રાહત આપવા માટે મફત રશન આપવા અંગે કહ્યું હતું કે, તેના માટે નિર્દેશો જારી કરવાની જરૂર છે.

બેન્ચે કહ્યું કે, ક્યાં સુધી આ ફ્રીમાં આપી શકાય ? શા માટે આપણે આ સ્થળાંતર કામદારો માટે નોકરીની તકો, રોજગાર અને ક્ષમતા નિર્માણ માટે કામ કરતા નથી ? ભૂષણે કહ્યું કે, આ અદાલત દ્વારા સમયાંતરે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને સ્થળાંતર કામદારોને રેશન કાર્ડ જારી કરવા માટે નિર્દેશો જારી કરવામાં આવ્યા છે જેથી તેઓ કેન્દ્ર દ્વારા આપવામાં આવતા મફત રાશનનો લાભ લઈ શકે. તેમણે કહ્યું કે, તાજેતરનો આદેશ કહે છે કે, જેમની પાસે રેશન કાર્ડ નથી પરંતુ તેઓ ‘ઈ-શ્રમ’ પોર્ટલ હેઠળ નોંધાયેલા છે તેમને પણ કેન્દ્ર દ્વારા મફત રાશન આપવામાં આવશે. જસ્ટિસ સૂર્યકાંતે કહ્યું કે, આ સમસ્યા છે. જે ક્ષણે અમે રાજ્યોને તમામ પરપ્રાંતિય કામદારોને મફત રાશન આપવાનો નિર્દેશ આપીએ છીએ, ત્યારે એક પણ અહીં જોવા મળશે નહીં. લોકોને ખુશ કરવા માટે રાજ્યોરાશન કાર્ડ જારી કરી શકે છે કારણ કે, તેઓ સારી રીતે જાણે છે કે, મફત રાશન પૂરૂં પાડવાની જવાબદારી કેન્દ્રની છે.

ભૂષણે કહ્યું કે, જો ૨૦૨૧માં વસ્તી ગણતરી થઈ હોત તો સ્થળાંતર કામદારોની સંખ્યામાં વધારો થયો હોત કારણ કે, કેન્દ્ર હાલમાં ૨૦૧૧ની વસ્તી ગણતરીના ડેટા ઉપર આધાર રાખે છે. ખંડપીઠે કહ્યું કે, આપણે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે વિભાજન ન કરીએ, નહીં તો તે ખૂબ મુશ્કેલ હશે. મહેતાએ કહ્યું કે, આ કોર્ટના આદેશો કોવિડ-વિશિષ્ટ છે. તે સમયે આ અદાલતે સ્થળાંતર કામદારોની તકલીફને જોતા સહાય પૂરી પાડવા માટે આ આદેશો પસાર કર્યા હતા. સરકાર ૨૦૧૩ના કાયદાથી બંધાયેલી છે અને વૈધાનિક યોજનાથી આગળ વધી શકતી નથી. સુનાવણીમાંમહેતા અને ભૂષણ વચ્ચે થોડી ઉગ્ર દલીલો જોવા મળી હતી. સોલિસિટર જનરલે કહ્યું હતું કે, અદાલતે આર્મચેર એનજીઓ દ્વારા આપવામાં આવેલા ડેટા અને આંકડાઓ ઉપર આધાર રાખવો જોઈએ નહીં, જે લોકોને રાહત આપવાને બદલે સર્વોચ્ચ અદાલતમાં મુસદ્દો તૈયાર કરવામાં અને અરજી દાખલ કરવામાં વ્યસ્ત હતી. ભૂષણે જણાવ્યું હતું કે, મહેતા તેમનાથી નારાજ હતા કારણ કે, તેમણે તેમના સંબંધિત કેટલાક ઈ-મેઈલ જાહેર કર્યા હતા. જસ્ટિસ સૂર્યકાંતે મહેતા અને ભૂષણ બંનેને શાંત કરવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે, સ્થળાંતર કામદારોના કેસની વિગતવાર સુનાવણીની જરૂર છે અને તેને ૮ જાન્યુઆરીએ સૂચિબદ્ધ કરવામાં આવે. જસ્ટિસ સૂર્યકાંત અને જસ્ટિસ મનમોહનની ખંડપીઠ ત્યારે આશ્ચર્યચકિત થઈ ગઈ જ્યારે કેન્દ્રએ કોર્ટને માહિતી આપી કે ૨૦૧૩ના રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ૮૧ કરોડ લોકોને મફત અથવા સબસિડીવાળું રાશન આપવામાં આવી રહ્યું છે. ૨૯ જૂન, ૨૦૨૧ના રોજ આપેલા ચુકાદામાં અને ત્યારપછીના આદેશોમાં સર્વોચ્ચ અદાલતે અધિકારીઓને કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન મુશ્કેલીમાં મૂકાયેલા તમામ સ્થળાંતર કામદારોને રેશનકાર્ડ આપવા સહિત કલ્યાણના પગલાં લેવા જણાવ્યું હતું. આ પોર્ટલ દેશના અસંગઠિત ક્ષેત્રના કામદારોને કલ્યાણ લાભો અને સામાજિક સુરક્ષાના પગલાંની ડિલિવરીની સુવિધા આપવાના પ્રાથમિક ઉદ્દેશ્ય સાથે કેન્દ્રીયશ્રમ અને રોજગાર મંત્રાલય દ્વારા શરૂ કરાયેલ અસંગઠિત કામદારોનો વ્યાપક રાષ્ટ્રીય ડેટાબેઝ છે. ૨ સપ્ટેમ્બરના રોજ સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને તેના ૨૦૨૧ના ચુકાદાના પાલન અને સ્થળાંતર કામદારોને રેશન કાર્ડ અને અન્ય કલ્યાણના પગલાં પૂરા પાડવા અંગેના અનુગામી નિર્દેશો વિશેની વિગતો આપતું સોગંદનામું દાખલ કરવા જણાવ્યું હતું. કેન્દ્રએ કહ્યું હતું કે, તે રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ પાત્રતા ધરાવતા તમામ લોકોને રાશન આપી રહ્યું છે. સર્વોચ્ચ અદાલતે ૨૦૨૧ના ચુકાદામાં અસંગઠિત કામદારો માટે રાષ્ટ્રીય ડેટાબેઝ બનાવવા પ્રત્યે કેન્દ્રના ઉદાસીન વલણને અક્ષમ્ય ગણાવ્યું હતું અને તમામ સ્થળાંતર કામદારોની નોંધણી અને તેમને રાહત પ્રદાન કરવા માટે ૩૧ જુલાઈ, ૨૦૨૧ સુધીમાં તેની શરૂઆત કરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને રોગચાળો ચાલે ત્યાં સુધી તેમને મફત સૂકું રાશન પૂરૂં પાડવા માટેની યોજનાઓ ઘડવા આદેશ આપ્યો હતો જ્યારે કેન્દ્રને વધારાના અનાજની ફાળવણી કરવાનું કહ્યું હતું અને સંબંધિત વિભાગને સ્થળાંતરિત મજૂરોને અન્નની ફાળવણી અને વિતરણ કરવા નિર્દેશ આપ્યો હતો.

# ભારતમાં ૬૬ ટકા વ્યવસાયો સરકારી સેવાઓ મેળવવા માટે લાંચ ચૂકવે છે : અહેવાલમાં દાવો

(એજન્સી) તા.૧૩ લોકલ સર્કલ દ્વારા સર્વેક્ષણ કરવામાં આવતા તેમાં વ્યવસાયોએ દાવો કર્યો હતો કે, તેઓએ સપ્લાયર તરીકે પાત્ર બનવા, ક્વોટેશન અને ઓર્ડર મેળવવા અને ચૂકવણી મેળવવા માટે લાંચ આપી હતી. ઓનલાઈન પ્લેટફોર્મ લોકલ સર્કલ્સના સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, ભારતના ૧૫૯ જિલ્લાઓમાં સર્વેક્ષણ કરાયેલા લગભગ ૬૬ ટકા વ્યવસાયોએ સરકારી સેવાઓ મેળવવા માટે લાંચ આપવાનું સ્વીકાર્યું છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, CCTV કેમેરાને ડિજિટાઇઝ કરવાથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને અટકાવવામાં આવ્યો નથી. વ્યાપારી કંપનીઓએ દાવો કર્યો હતો કે, તેઓએ છેલ્લા ૧૨ મહિનામાં સપ્લાયર તરીકે પાત્ર બનવા, ક્વોટેશન અને ઓર્ડર મેળવવા અને ચૂકવણી લેવા માટે વિવિધ પ્રકારની સરકારી સંસ્થાઓને લાંચ આપી હતી. આ સર્વે ૨૨ મેથી ૩૦ નવેમ્બરની વચ્ચે કરવામાં આવ્યો હતો. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો હતો કે, નોંધાયેલી કુલ લાંચમાંથી ૭૫ ટકા સરકારી વિભાગો જેમ કે કાનૂની, મેટ્રોલોજી, ફૂડ, ડ્રગ, આરોગ્ય વગેરેના અધિકારીઓને ચૂકવવામાં આવી હતી. ઘણાએ GST અધિકારીઓ, પ્રદૂષણ વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન અને પાવર વિભાગને લાંચ આપવાની પણ જાણ કરી હતી. ૧૮,૦૦૦થી વધુ પ્રતિસાદો સાથે આ સર્વેક્ષણમાં ૫૪ ટકાએ દાવો કર્યો હતો કે, તેઓને લાંચ આપવા માટે દબાણ કરવામાં આવ્યું હતું, જ્યારે ૪૬ ટકાએ અમલદારશાહી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે સ્વેચ્છાએ ચૂકવણી કરી હતી. ઘણા વ્યવસાયો અનામી રૂપે કહે છે કે, સરકારી વિભાગો પરમિટ અથવા અનુપાલન પ્રક્રિયાને ઝડપી બનાવવા ઈચ્છતા હોય ત્યારે લાંચ એ જીવનનો એક માર્ગ બની જાય છે, સત્તાના લાયસન્સની ડુપ્લિકેટ નકલો અથવા મિલકતની બાબતો સાથે સંબંધિત કંઈપણ મેળવવા માટે પણ લાંચ આપવી પડે છે. સર્વેક્ષણમાં સામેલ ૬૬ ટકા વ્યવસાયોએ છેલ્લા ૧૨ મહિનામાં લાંચ ચૂકવી છે. માત્ર ૧૬ ટકાએ લાંચ આપ્યા વિના તેમનું કામ કરાવવાનો દાવો કર્યો હતો અને ૧૯ ટકાએ કહ્યું હતું કે, તેમને આવું કરવાની જરૂર નથી.



છેલ્લા ૧૨ મહિનામાં લાંચ ચૂકવનાર વ્યવસાયોમાંથી, ૫૪ ટકાએ આવું કરવાની ફરજ પડી હતી, જ્યારે ૪૬ ટકાએ સમયસર પ્રક્રિયા માટે લાંચ ચૂકવી હતી. આ પ્રકારની લાંચ ગેરવસૂલી સમાન છે જ્યાં સરકારી એજન્સીઓ સાથે કામ કરતી વખતે પરમિટ, સપ્લાયર લાયકાત, ફાઈલો, ઓર્ડર અને ચૂકવણી નિયમિતપણે રોકી રાખવામાં આવે છે. રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે કે, CCTV કેમેરાને ડિજિટાઇઝ કરવાથી અને વધારવાથી સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચારને અટકાવવામાં આવ્યો નથી. આ લાંચ સીસીટીવીથી દૂર બંધ દરવાજામાં આપવામાં આવે છે. સરકારી ઈ-પ્રોક્યોરમેન્ટ માર્કેટપ્લેસ જેવી પહેલ ભ્રષ્ટાચાર ઘટાડવા માટેના યોગ્ય પગલાં હોવા છતાં સપ્લાયરની લાયકાત, બિડ મેનીપ્યુલેશન, કમ્પ્લીશન સર્ટિફિકેટ અને ચૂકવણી માટે ભ્રષ્ટાચાર થાય છે. સર્વેક્ષણ કરાયેલા વ્યવસાયોએ દાવો કર્યો હતો કે, છેલ્લા ૧૨ મહિનામાં લાંચના વ્યવહારોની સંખ્યા અને ચૂકવેલ લાંચના કુલ મૂલ્યમાં ઘટાડો થયો છે. ડેલોઈટ ઈન્ડિયાના પાર્ટનર આકાશ શર્માએ ન્યૂઝ એજન્સી પીટીઆઈને જણાવ્યું હતું કે, વ્યવસાયો એવું માને છે કે, નીતિઓ અને પ્રક્રિયાઓ અંગે એકદમ ન્યૂનતમ જાળવણી કરવાથી કોઈ નિયમનકારી તપાસ અને દંડનીય કાર્યવાહી થઈ શકતી નથી. ભ્રષ્ટાચારના કેસોમાં તાજેતરના વલણો જોતા સંસ્થાઓએ તેમના અનુપાલન માળખા ઉપર ફરીથી વિચાર કરવા અને મજબૂત ભ્રષ્ટાચાર વિરોધી કાર્યક્રમની જરૂર છે.

# પશ્ચિમ લંડનના ભારતીય મૂળના છોકરાએ ૧૦ વર્ષની ઉંમરે આઈન્સ્ટાઈન અને હોકિંગને પાછળ છોડી દીધા

(એજન્સી) તા.૧૩ લંડનનાં હાઉન્સલોમાં રહેતાં ભારતીય બ્રિટિશ ક્રિશ અરોરાએ દુનિયાને ચોંકાવી દીધી છે. તે માત્ર ૧૦ વર્ષનો છે, પરંતુ તેનું મગજ આઈન્સ્ટાઈન અને હોકિંગ કરતાં વધુ ઝડપથી કામ કરે છે. ભારતીય મૂળનાં ક્રિશ અરોરાને ૧૬૨ના આઈક્યુ સ્કોર માટે ઓળખવામાં આવે છે. આ આઈક્યુ સ્કોર આઈન્સ્ટાઈન અને સ્ટીફન હોકિંગના આઈક્યુ કરતાં વધારે છે. ગ્રેડ ૮ પ્રમાણપત્ર સાથે તે પિયાનો વાદક છે અને કુશળ ચેસ ખેલાડી પણ છે. યુકે ન્યૂઝ આઉટલેટ મેટ્રોના રિપોર્ટ અનુસાર, આ સ્કોર ક્રિસને વિશ્વનાં સૌથી બુદ્ધિશાળી લોકોમાં ટોચનાં ૧ ટકામાં સ્થાન અપાવે છે. ભારતીય ક્રિશ અરોરા મેન્સામાં અભ્યાસ કરે છે. આ એક એવી સંસ્થા છે જ્યાં ખૂબ જ હોશિયાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ઈન્ડિયા ટુડેના અહેવાલ અનુસાર, ક્રિશ કહે છે કે ૧૧-પ્લસની પરીક્ષા ખૂબ જ સરળ હતી. તેને આશા છે કે તેને તેની ક્ષમતા અનુસાર અહીં પડકારો મળશે. આ સિવાય તેનાં માતાપિતા મૌલી અને નિશ્ચલ બંને એન્જિનિયર છે. તેઓ કહે છે કે જ્યારે ક્રિશ ૪ વર્ષનો હતો ત્યારે તેણે તેની ક્ષમતાઓ જોઈ હતી. એક આઈટી ફર્મમાં કામ કરતી ક્રિશની માતા કહે છે કે, તે ૪ વર્ષની ઉંમરથી જે રીતે કામ કરતો હતો તે આ ઉંમરનાં બાળક માટે ખૂબ જ વધારે હતું. તે ખૂબ સારી રીતે અભ્યાસ કરતો હતો અને તેને જોડણીમાં પણ કોઈ સમસ્યા નહોતી. ક્રિશ હંમેશાં ગણિતને પસંદ કરતો હતો અને તેમાં સારો હતો. ક્રિશની માતાએ કહ્યું કે મને યાદ છે કે તે ચાર વર્ષનો થયો તે પહેલાં તે મારી સાથે ત્રણ કલાક બેઠો હતો અને ગણિતનું આખું પુસ્તક પૂરૂં કર્યું હતું. આઠ વર્ષની ઉંમરે ક્રિશે એક જ દિવસમાં આખા વર્ષનો અભ્યાસક્રમ પૂરો કર્યો હતો. તેની માતાએ જણાવ્યું કે "તે જે પણ કરે છે, તેમાં શ્રેષ્ઠ બનવા માંગે છે." તેમની શૈક્ષણિક સિદ્ધિઓ ઉપરાંત, ક્રિશ એક કુશળ સંગીતકાર પણ છે. તેણે પિયાનોવાદક તરીકે પુરસ્કારો જીત્યાં છે અને માત્ર છ મહિનામાં ચાર ગ્રેડ પૂરા કર્યા પછી ટ્રિનિટી કોલેજ ઑફ મ્યુઝિક દ્વારા હોલ ઑફ ફેમમાં સામેલ કરવામાં આવ્યો છે. તેની પાસે હાલમાં ગ્રેડ ૮ પિયાનો પ્રમાણપત્ર છે. ક્રિશે વેસ્ટ લંડનમાં ઘણી સંગીત સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. સંગીત વિશે ક્રિશ કહે છે કે "હું સ્પર્ધાઓમાં મારૂં સંગીત રજૂ કરવા વિશે નર્વસ થતો નથી કારણ કે હું જાણું છું કે હું ગડબડ કરવાનો નથી." તેનાં ફ્રી સમયમાં, ક્રિશને કોયડાઓ અને ક્રોસવર્ડ્સ ઉકેલવામાં મજા આવે છે અને તે ટીવી શો યંગ શેલ્ડનનો ચાહક છે. તેનાં માતા-પિતાએ તેની પ્રતિભાને ઓળખીને તેને ચેસ શિખવવા માટે એક શિક્ષક રાખ્યો છે. ક્રિશ હવે નિયમિતપણે ચેસમાં તેનાં પ્રશિક્ષકને હરાવે છે.

# સીરિયનો તેમના દેશનું ભવિષ્ય નક્કી કરશે : યુએન પ્રમુખ

(એજન્સી) તા.૧૩ યુએન સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે કહ્યું કે સીરિયાનું ભવિષ્ય સીરિયન લોકોએ નક્કી કરવાનું છે અને નવી સંસ્થાઓમાં વ્યવસ્થિત રાજકીય સંચાલન સુનિશ્ચિત કરવા માટે ઘણું કામ બાકી છે. રવિવાર, ૮ ડિસેમ્બરના રોજ, યુએનના વડાએ ‘આ સંવેદનશીલ સમયે શાંતિ અને હિંસા ટાળવા માટે, ભેદભાવ વિના તમામ સીરિયનોના અધિકારોનું રક્ષણ કરવા માટે’તેમના આહ્‌વાનને પુનરાવર્તિત કર્યું. એક જાણીતા મીડિયાએ યુએન સેક્રેટરી જનરલને ટાંકીને જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર તમામ કેસોમાં રાજદ્વારી અને કોન્સ્યુલર પરિસર અને કર્મચારીઓની અખંડિતતાનું સન્માન કરવું જોઈએ. ગુટેરેસે કહ્યું, ‘કોઈપણ રાજકીય સંક્રમણ સર્વસમાવેશક અને વ્યાપક હોય અને તે તેમની તમામ વિવિધતામાં સીરિયન લોકોની કાયદેસરની આકાંક્ષાઓને પૂર્ણ કરે તે સુનિશ્ચિત કરવા માટે અમને આંતરરાષ્ટ્રીય સમુદાયના સમર્થનની જરૂર પડશે. સીરિયાની સાર્વભૌમત્વ, એકતા, સ્વતંત્રતા અને પ્રાદેશિક અખંડિતતા હોવી જોઈએ. પુનઃસ્થાપિત.’ તેમણે કહ્યું કે સંયુક્ત રાષ્ટ્ર એવા લોકોની સ્મૃતિનું સન્માન કરશે જેમણે આ સંઘર્ષનો ભોગ લીધો છે. તેમણે કહ્યું, ‘અમે સીરિયાના લોકોને એવા દેશનું નિર્માણ કરવામાં મદદ કરવા માટે પ્રતિબદ્ધ છીએ જ્યાં સમાધાન, ન્યાય, સ્વતંત્રતા અને સમૃદ્ધિ બધા માટે સહિયારી વાસ્તવિકતા હોય. આ સીરિયામાં સ્થાયી શાંતિનો માર્ગ છે.’ દરમ્યાન ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતાન્યાહુએ રવિવારે જાહેરાત કરી હતી કે ૧૯૭૪નો યુએન-નિરીક્ષિત છૂટાછેડા કરાર, જેણે ઈઝરાયેલ અને સીરિયા વચ્ચે ડિમિલિટરાઈઝ્ડ બફર ઝોનની સ્થાપના કરી હતી, તે ‘ભંગ’ થઈ ગઈ છે અને તેના ઉપર અમારો કબજો છે. નેતાન્યાહુએ આ ટિપ્પણીઓ ઈઝરાયેલના કબજા હેઠળના ગોલાન હાઈટ્‌સમાં માઉન્ટ બેન્ટેલની મુલાકાત દરમ્યાન કરી હતી, જે સીરિયન સરહદ ઉપર એક અનુકૂળ બિંદુ છે. તેમની સાથે રક્ષા મંત્રી ઈઝરાયેલ કાત્ઝ પણ હતા. વડાપ્રધાને કહ્યું કે બશર અલ-અસદની સરકારના પતનથી ‘મધ્ય પૂર્વમાં અસ્થિરતા પેદા થઈ છે’.

# તમે ક્યારે મૃત્યુ પામશો ? : AI-સંચાલિત ‘ડેથ ક્લોક’ પાસે તેનો જવાબ હોય શકે છે



(એજન્સી) તા.૧૩ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા સંચાઈટ એપ્લિકેશન, ‘ડેથ ક્લોક’, વપરાશકર્તાઓની જીવનશૈલીની આદતોના આધારે તેમની આયુષ્યની આગાહી કરવાની ક્ષમતા માટે લોકપ્રિયતા મેળવી રહી છે. જુલાઈમાં તેના લોન્ચ થયા પછી ૧,૨૫,૦૦૦થી વધુ ડાઉનલોડ્‌સ સાથે, એપ્લિકેશન માત્ર આરોગ્ય ઉત્સાહીઓનું જ નહીં પરંતુ અર્થશાસ્ત્રીઓ અને નાણાકીય આયોજનકારોનું પણ ધ્યાન ખેંચી રહી છે. AI-સંચાલિત ‘ડેથ ક્લોક’ ૧,૨૫,૦૦૦ લોકો દ્વારા ડાઉનલોડ કરવામાં આવી છે. બ્રેન્ટ ફ્રાન્સન દ્વારા વિકસિત, ડેથ ક્લોક વ્યક્તિગત આગાહીઓ પ્રદાન કરવા માટે ૧,૨૦૦થી વધુ આયુષ્ય અભ્યાસ અને ૫.૩ કરોડ સહભાગીઓના વિશાળ ડેટાસેટનો ઉપયોગ કરે છે. એપ્લિકેશન વપરાશકર્તાની સંભવિત મૃત્યુ તારીખનો અંદાજ કાઢવા માટે આહાર, કસરત, તણાવ સ્તર અને ઊંઘની પેટર્ન જેવા પરિબળોને ધ્યાનમાં લે છે. ‘ફોન્ડ ફેરવેલ’ ડેથ-ડે કાર્ડ -એપ્લિકેશનને આરોગ્ય અને ફિટનેસ કેટેગરીમાં લોકપ્રિયતા મળી છે, કારણ કે તે વપરાશકર્તાઓ તંદુરસ્ત જીવનશૈલી પસંદગીઓ બનાવવાની રીતો બતાવે છે.

**મૃત્યુની ઘડિયાળ : નાણાકીય આયોજન માટેનું સાધન ?**

આ ટેક્નોલોજીની અસરો વ્યક્તિગત જિજ્ઞાસાથી ઘણી વધારે છે. આયુષ્ય એ નાણાકીય અને આર્થિક ગણતરીઓમાં નિર્ણાયક પરિબળ છે, નિવૃત્તિ આવકની જરૂરિયાતોથી લઈને જીવન વીમા અને પેન્શન ફંડમાં પોલિસી કવરેજ સાથે સોશિયલ સિક્યોરિટી એડમિનિસ્ટ્રેશનનું મૃત્યુદરનું કોષ્ટક પણ છે. અને તેમાં વાર્ષિક નાણાકીય અહેવાલ દર્શાવવામાં આવ્યું છે. જો કે, ફ્રાન્સ નોંધે છે કે આ એપમાં સરેરાશ વિશાળ માર્જિન હોય શકે છે. ડેથ ક્લોકમાં વપરાતા નવા અલ્ગોરિધમ્સ વધુ અનુરૂપ કસ્ટમાઈઝ્ડ ડેથ ક્લોક આપી શકે છે. આ ટેક્નોલોજી નાણાકીય આયોજનમાં ક્રાંતિ લાવવાની ક્ષમતા ધરાવે છે, જે વ્યક્તિઓને તેમની નિવૃત્તિ બચત અને રોકાણો વિશે વધુ માહિતગાર નિર્ણયો લેવા સક્ષમ બનાવે છે. નેશનલ બ્યુરો ઓફ ઈકોનોમિક રિસર્ચ દ્વારા પ્રકાશિત તાજેતરના સંશોધન પેપરોએ આર્થિક ગણતરીઓમાં આયુષ્યના મહત્ત્વ ઉપર પ્રકાશ પાડ્યો છે. એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આર્થિક વર્તણૂકના ઘણા પાસાઓ વય અને આરોગ્યની સ્થિતિના આધારે VSLમાં નોંધપાત્ર ફેરફારો જોવા મળ્યા હતા. રાયન ઝાબ્રોસ્કી જેવા નાણાકીય આયોજકો, જેમણે આ વિષય ઉપર વિસ્તૃત રીતે લખ્યું છે, તે નિવૃત્તિ આયોજનમાં ચોક્કસ આયુષ્યની આગાહીના મહત્ત્વ ઉપર ભાર મૂકે છે. ડેથ ક્લોક જેવા AI- સંચાલિત સાધનોની મદદથી, વ્યક્તિઓ તેમની નિવૃત્તિ માટે વધુ સારી રીતે આયોજન કરી શકે છે અને તેમના રોકાણો વિશે માહિતગાર નિર્ણયો લઈ શકે છે. એપના ડેવલપર ફ્રેન્સન માને છે કે વ્યક્તિની મૃત્યુ તારીખની આગાહી એ વ્યક્તિના જીવનમાં સૌથી મહત્ત્વપૂર્ણ અને પ્રભાવશાળી તારીખ હોય છે. વ્યક્તિની સ્વાસ્થ્ય વર્તણૂકો અને નાણાકીય આયોજનને પ્રભાવિત કરવાની તેની સંભવિતતા એ સંકેત છે કે કેવી રીતે AI દીર્ઘાયુષ્ય વિશેની આપણી સમજને ફરીથી આકાર આપી શકે છે અને અર્થશાસ્ત્ર ઉપર ગહન અસરો ધરાવે છે.

# સરકારે મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રાને RBIના ૨૬મા ગવર્નર તરીકે નિયુક્ત કર્યા



નવી દિલ્હી, તા. ૧૩ સરકારે મહેસૂલ સચિવ સંજય મલ્હોત્રાને ભારતીય રિઝર્વ બેંકના ૨૬માં ગવર્નર તરીકે નિયુક્ત કર્યા છે. કેબિનેટની નિમણૂક સમિતિએ મલ્હોત્રાના નામને મંજૂરી આપી હતી જેમને ત્રણ વર્ષ માટે આરબીઆઈ ગવર્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. ૧૯૯૦ બેચના રાજસ્થાન કેડરના IAS અધિકારી મલ્હોત્રા શક્તિકાંત દાસનું સ્થાન લીધું છે. જેમનો કાર્યકાળ (૧૦ ડિસેમ્બર, ૨૦૨૪)ના રોજ સમાપ્ત થયો છે. ૨૬મા આરબીઆઈ ગવર્નર બનનારા મલ્હોત્રા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી કાનપુરમાંથી કોમ્પ્યુટર સાયન્સમાં એન્જિનિયરિંગ સ્નાતક છે અને તેમણે અમેરિકાની પ્રિન્સટન યુનિવર્સિટીમાંથી પબ્લિક પોલિસીમાં માસ્ટર્સ કર્યું છે. તેમની ૩૩ વર્ષથી વધુની કારકિર્દીમાં તેમણે પાવર, ફાઈનાન્સ અને ટેક્સેશન, ઈન્ફર્મેશન ટેક્નોલોજી અને ખાણો સહિતના વિવિધ ક્ષેત્રોમાં કામ કર્યું છે. હાલમાં તેઓ નાણા મંત્રાલયમાં સચિવ (મહેસૂલ) છે. મલ્હોત્રાના અગાઉના ખાતાઓમાંતેમણે નાણા મંત્રાલય હેઠળના નાણાકીય સેવાઓ વિભાગમાં સચિવનું પદ સંભાળ્યું હતું. તેમની પાસે રાજ્ય તેમજ કેન્દ્ર સરકારના સ્તરે નાણા અને કરવેરાનો બહોળો અનુભવ છે. તેમના વર્તમાન કામના ભાગરૂપે તેઓ પ્રત્યક્ષ અને પરોક્ષ કરના સંદર્ભમાં કર નીતિ ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. નિમણૂક આશ્ચર્યજનક છે કારણ કે બજાર દાસ માટે ત્રીજી ઈનિંગની અપેક્ષા રાખતું હતું જેમણે તેમની નિમણૂક પહેલાં મિન્ટ રોડ સરકાર સાથેના તૂટેલા સંબંધોનું સફળતાપૂર્વક સમાધાન કર્યું છે. જો તેમને બીજી મુદત આપવામાં આવી હોત તો દાસ આઝાદી પછી સૌથી વધુ સમય સુધી સેવા આપનાર ગવર્નર બની શક્યા હોત. વર્તમાન રેકોર્ડ બેનેગલ રામા રાવ પાસે છે જેમણે ૧૯૫૦ના દાયકાના મધ્યથી ૧૯૬૦ના દાયકાની શરૂઆતમાં ૭.૫ વર્ષનો કાર્યકાળ કર્યો હતો. જ્યારે બિમલ જાલાન અને આરએન મલ્હોત્રાને પણ એક્સટેન્શન મળ્યું હતું, બંનેએ વહેલા પદ છોડવાનું પસંદ કર્યું હતું. જાહેરાતમાં વિલંબથી એવી અટકળોને વેગ મળ્યો કે દાસ ત્રીજી મુદત માટે પસંદ કરાશે કારણ કે ભૂતકાળમાં તમામ એક્સ્ટેંશનની જાહેરાત અગાઉથી કરવામાં આવી હતી. દાસે હાલમાં નાણામંત્રીની મુલાકાત લીધી હતી અને અનુમાન લગાવ્યું હતું કે તેમને ત્રીજું એકસટેન્શન મળશે. વાસ્તવમાં આ સારા સંબંધોને કારણે તેમના પુરોગામી ઉર્જિત પટેલે ૧૦ ડિસેમ્બર ૨૦૧૮ના રોજ તેમના કાર્યકાળ પહેલા ઐતિહાસિક [illegible]

(અનુ. છઠ્ઠા પાને)

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બોગસ પાસપોર્ટ કૌભાંડમાં તલાટી સહિત નવ શખ્સોની ધરપકડ

## જુના રેકર્ડ કાઢી બોગસ ડોકયુમેન્ટના આધારે નવા રેકર્ડ બનાવ્યા, દ્વારકા પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના નેજા હેઠળ એસઓજી દ્વારા તપાસ



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૩

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી જન્મના રેકર્ડ સાથે ચેડા કરી યુ.કે.ના પોર્ટુગીઝના વીઝા મેળવવા માટે બનાવટી ભારતીય પાસપોર્ટના આધારે આચરેલા કૌભાંડનો દ્વારકા પોલીસે પર્દાફાશ કરી સસ્પેન્ડ તલાટી કમ મંત્રી સહિતના નવ શખ્સોની ધરપકડ કરી વધુ પૂછપરછ આરંભી હતી.

આ સમગ્ર કૌભાંડની સિલસિલાબંધ વિગત એવી છે કે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી તંત્રમાં જન્મના રેકર્ડ સાથે ચેડા કરી સાચી એન્ટ્રીઓનો નાશ કરી બોગસ એન્ટ્રીઓના આધારે ગ્રામ પંચાયતના વેબપોર્ટલના ખોટા જન્મના પ્રમાણપત્ર બનાવી ભારતીય પાસપોર્ટના આધારે યુ.કે.ના પોર્ટુગીઝ વિઝા મેળવવાના કૌભાંડમાં યુ.કે. જવા ઈચ્છુક વ્યક્તિઓની પસંદગી કરી પોર્ટુગીઝ નાગરિક ધરાવતા શખ્સો સાથે સંપર્ક કરી નાણાંકીય લેવડ-દેવડ કરી અને તેઓના ડોકયુમેન્ટનો ઉપયોગ કરી પાસપોર્ટ માટે એપ્લીકેશન કરનાર વ્યક્તિનું ફર્સ્ટનામ રાખવામાં આવતું હતું. ઉપરાંત માતા-પિતાનું નામ બદલીને પોર્ટુગીઝના વાલી તરીકે બતાવી જન્મના ખોટા પ્રમાણપત્રો બનાવી લેવામાં આવતા હતાં. જેમાં તેની ઉંમર ૨૧ વર્ષથી ઓછી રાખવામાં આવતી હતી. કેમ કે, માયનોર તરીકે વિઝા મેળવવામાં સરળતા રહેતી હતી. આ વિગતોના આધારે આધારકાર્ડમાં એડીટીંગ કરી નામ તથા સરનામા બદલાવી નાખવામાં આવતા હતાં. તેમજ આધાર કાર્ડ અને જન્મના પ્રમાણપત્રોના આધારે સાઉથ ગુજરાતના વલસાડ, દમણ અને સુરતના એજન્ટો મારફતે તમામ કામગીરી કરવામાં આવતી હતી. ઉપરાંત બનાવટી પાસપોર્ટ બની જતાં પોસ્ટ મારફતે અગાઉ નિયત કરેલા સ્થળે આવે ત્યારે મેળવી લઈ અને અરજદાર સુધીનું પહોંચાડવા અંગેનું સુવ્યવસ્થિત કૌભાંડ આચરવામાં આવતું હતું. આ કૌભાંડ અંગે પોલીસ અધિક્ષક નિતેશ પાંડેયના નેજા હેઠળ એસ.ઓ.જી. પી.આઈ. પી.સી. સીંગરખીયા, પી.એસ.આઈ. આર.જી. વસાવા, એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ જાડેજા, ઈરફાનભાઈ ખીરા, ભીખાભાઈ ગાગીયા તથા હેડ કોન્સ્ટેબલ જીતુભાઈ હુણ, નિર્મલભાઈ આંબલિયા, કિશોરસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ જાડેજા, નિતેશભાઈ સાદીયા તથા લોક રક્ષક વિજયસિંહ જાડેજા, પબુભાઈ માયાણી, ખેતશીભાઈ મુન, વજાભાઈ લાંબરીયા, સ્વરૂપસિંહ જાડેજા, દિનેશભાઈ ચાવડા, સુમાતભાઈ ચાવડા, સંજયભાઈ વારોતરીયા સહિતના સ્ટાફ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

આ કૌભાંડ સાથે સંકળાયેલા પોરબંદર, સુરત, વલસાડ અને દમણના જુદા જુદા આરોપીઓની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેઓની પૂછપરછમાં પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી યુ.કે. (ઈંગ્લેન્ડ) જવા ઈચ્છતા વ્યક્તિઓ પોરબંદરમાં રહેતા પાસપોર્ટ એજન્ટ દિલીપ મોઢવાડિયા અને તેના સંબંધી આશિષ ઓડેદરાનો સંપર્ક કરતા હતાં જેમાં આશિષ વલસાડ અને દમણના પાસપોર્ટ એજન્ટોના સંપર્કમાં હતો. તેમજ રાયદે રાણા ઓડેદરા પોર્ટુગીઝ નાગરિકોના દસ્તાવેજો તથા પાસપોર્ટ બનાવવા જરૂરી માહિતી મેળવી, ફરજ મોકુફ રહેલા તલાટી કમ મંત્રી હાર્દિક રાવલિયાનો સંપર્ક કરી અરજદારનું નામ પોર્ટુગીઝ માતા અથવા પિતાનું નામ અને માયનોર વિઝા સરળતાથી મળી રહે તે રીતે ૨૧ વર્ષથી ઓછા રાખી જન્મ તારીખમાં ફેરફાર કરતા હતા અને ત્યારબાદ તલાટી કમ મંત્રી હાર્દિક તેની સરકારી ફરજનો ગેરઉપયોગ કરી જન્મ-મરણ નોંધ રજીસ્ટરમાં જૂની નોંધો કોઈપણ રીતે હટાવી તેમાં સત્તાની રૂએ ઓનલાઈન વેબપોર્ટલમાં ખોટા જન્મ પ્રમાણપત્રો જનરેટ કરી પોતાની સહી કરી અને ખોટા જન્મ પ્રમાણપત્રો પુરા પાડતો હતો.

ત્યારબાદ આશિષ ઓડેદરા અને દિલીપ મોઢવાડિયા દમણના એજન્ટ પ્રતિક ટંડેલને જન્મ તારીખનો દાખલો મોકલી આપતા હતાં. જેથી પ્રતિક ટંડેલ દ્વારા પાસપોર્ટ કઢાવવા આધારકાર્ડની જરૂરિયાત હોય, જેથી તેના સંબંધી અને ગ્લોબલ સાયબર કાફેનો સંચાલક નિહલ ટંડેલ મારફતે આધાર કાર્ડમાં અપડેટ કરાવી, નવું આધાર કાર્ડ બનાવી લેતા હતાં અને તમામ દસ્તાવેજ વલસાડના પાસપોર્ટ એજન્ટ ભાવેશ પંચાલને સોંપતા હતા. જેથી ભાવેશ પાસપોર્ટની વેબસાઈટ ઉપર ખોટી માહિતી તથા ડોક્યુમેન્ટ અપલોડ કરી પાસપોર્ટ મેળવવાની ઝડપી અને સરળતા માટે સુરતના પાસપોર્ટ એજન્ટ રિતેશ શાહ અને પિનાકિન રાણાની મદદ લેતો હતો. તેમજ આ બનાવટી પાસપોર્ટ પ્રતિક ટંડેલ મારફતે કુરિયર કરી, આશિષ ઓડેદરા અને દિલીપ મોઢવાડિયાને મોકલી આપતો હતો. આ પાસપોર્ટ એજન્ટો દ્વારા બનાવટી પાસપોર્ટ ધારક જ્યારે પોર્ટુગીઝ વિઝા માટે એપ્લીકેશન કરે ત્યારે પૂછપરછ કરવામાં આવતા સવાલો અંગે અરજદારને અગાઉથી જ તૈયારી કરાવી દેવામાં આવતી હતી. આ રીતે સમગ્ર કૌભાંડ ચાલતુ હતું. પોલીસ દ્વારા તપાસ દરમ્યાન ઓનલાઈન વેબ પોર્ટલો અને જન્મ તારીખના દાખલાઓ તથા રીઝનલ પાસપોર્ટ ઓફિસની કચેરીમાંથી પાસપોર્ટ નંબર તેમજ પાસપોર્ટની કોપી સહિતના દસ્તાવેજો એકઠાં કર્યા હતાં. તેમજ પોલીસે પાસપોર્ટ એપ્લીકેશન ફોર્મમાં એપ્લીકેશન કરનાર એજન્ટના ઈ-મેઈલ આઈડી તથા આઈ.પી., સાઈનઅપ ડીટેઈલ સહિતની વિગતો મેળવવામાં આવી હતી. ઉપરાંત ઈમેઈલ દ્વારા યુકે, રશિયા, ઓસ્ટ્રેલિયા, અને દુબઈથી કૌભાંડીઓ ઓપરેટ કરતા હોવાની વિગતો ખુલતા પોલીસ દ્વારા માઈક્રો પ્લાનિંગ તપાસ સાથે શંકાસ્પદ શખ્સોની ઓળખ કરવામાં ટેકનિકલ ઈન્ટેલીજન્સની પણ મદદ લેવામાં આવી હતી.

સમગ્ર ટોળકી દ્વારા ૧૯૬૦ માં આઝાદ થયેલા દમણ અને દિવ તથા ગોવામાં રહેનારા લોકોના પાસપોર્ટ પોર્ટુગીઝ હતા, જેથી આ લોકો સહેલાઈથી યુરોપ અને ઈંગ્લેન્ડ જઈ શકતાં હતાં અને તેઓને યુરોપ તથા ઈંગ્લેન્ડની નાગરિકતા સરળતાથી મળી જતી હતી અને સેટલમેન્ટ લેટર પણ મળતો હતો. આ લેટરના આધારે પતિ, પત્ની, પુત્ર, પુત્રીઓ તથા પ્રપૌત્રને પણ યુરોપ કે ઈંગ્લેન્ડ બોલાવી શકતા હતા. જેથી તેઓને ઈંગ્લેન્ડ જવું હોય અને ત્યાં સ્થાયી થવું હોય તો ઈંગ્લેન્ડમાં રહેનારા પોર્ટુગીઝ લોકોને મોટી રકમ આપી પોર્ટુગીઝ લોકો માતા-પિતા, દાદા-દાદી, નાના-નાની બની જઈ વિઝા મોકલતા હતાં અને તેમના આધારે પાસપોર્ટ બનાવનારો બનાવટી જન્મના દાખલા, આધાર કાર્ડ બનાવી તેમના ઉપરથી બનાવટી પાસપોર્ટ ઈસ્યૂ થતો હતો. જેથી ઈંગ્લેન્ડ જનારને આરામથી વિઝા મળી રહે અને થોડા સમય બાદ ત્યાંની નાગરિકતા મળી રહે. અમુક બનાવટી પાસપોર્ટ ધારકો હાલ યુ.કે. ખાતે વિઝા મેળવીને ગયેલા છે, તેઓના વિઝા તેમજ પાસપોર્ટ રદ કરવા અંગેની કાર્યવાહી પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. આ સમગ્ર પ્રકરણની વધુ તપાસ હાલ એસ.ઓ.જી. વિભાગના પી.આઈ. પ્રશાંત સિંગરખીયા ચલાવી રહ્યા છે.

# ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડનો રૂા.૪,૨૨૫ કરોડનો આઈપીઓ આજે ૧૩ ડિસેમ્બરે ખુલ્યો

## પ્રત્યેક રૂા. ૨ની ફેસ વેલ્યુના ઈક્વિટી શેર દીઠ રૂા. ૩૯૭થી રૂા.૪૧૭નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરવામાં આવ્યો છે




(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા. ૧૩

ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટિટ્યૂટ (ઈન્ડિયા) લિમિટેડ (**“IGI” or “The Company”**) દ્વારા આજે શુક્રવાર, ૧૩ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ સંદર્ભે તેની બિડ/ઓફર ખોલવામાં આવેલ છે. ઈશ્યૂ બંધ થવાની મંગળવાર, તા.૧૭ ડિસેમ્બર, ૨૦૨૪ છે.

રૂા. ૪૨,૨૫૦ મિલિયન (રૂા. ૪,૨૨૫ કરોડ)ના મૂલ્યના (પ્રત્યેક રૂા.૨ની ફેસ વેલ્યુના) ઈક્વિટી શેર્સની કુલ ઓફર સાઈઝમાં રૂા.૧૪,૭૫૦ મિલિયન (રૂા. ૧,૪૭૫ કરોડ) સુધીના મૂલ્યના ફ્રેશ ઈશ્યૂ અને રૂા.૨૭,૫૦૦ મિલિયન (રૂા.૨,૭૫૦ કરોડ) સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે. (“Total Offer Size”). ઈશ્યૂની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂા. ૩૯૭થી રૂા. ૪૧૭ નક્કી કરવામાં આવી છે (“The Price Band”).

ઈક્વિટી શેર દીઠ રૂા. ૩૯.૭થી રૂા. ૪૧.૭ના ડિસ્કાઉન્ટ સહિતનો પ્રાઈઝ બેન્ડ એમ્પ્લોઈ રિઝર્વેશન પોર્શનમાં ભાગ લઈ રહેલા લાયક ઠરેલા કર્મચારીઓને ઓફર કરવામાં આવે છે (“Employee Reservation Portion Discount”). બિડ્સ લઘુતમ ૩૫ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૩૫ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે (“Bid Lot”).

કંપની ઈશ્યૂમાંથી મળેલી કુલ રકમનો નીચેના હેતુઓ માટે ઉપયોગ કરવાની દરખાસ્ત કરે છે: પ્રમોટર તરફથી આઈજીઆઈ નેધરલેન્ડ્સ ગ્રુપ અને આઈજીઆઈ બેલ્જિયમ ગ્રુપના હસ્તાંતરણ માટે ખરીદીની કિંમત ચૂકવવા માટે અંદાજિત રૂા. ૧૩,૦૦૦ મિલિયન (રૂા. ૧,૩૦૦ કરોડ) અને બાકીની રકમ સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે (“Object of the Offer”).

વેચાણ માટેની ઓફરમાં બીસીપી એશિયા ટોપકો પીટીઈ લિમિટેડ દ્વારા રૂા. ૨૭,૫૦૦ મિલિયન (રૂા. ૨,૭૫૦ કરોડ) સુધીના ઈક્વિટી શેર્સનો સમાવેશ થાય છે (“Promoter Selling Shareholder”).

મુંબઈમાં રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ, મહારાષ્ટ્રમાં ૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ ફાઈલ કરાયેલા કંપનીના રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ દ્વારા ઈક્વિટી શેર્સ ઓફર કરવામાં આવે છે. બ્લેકસ્ટોનના પ્રાઈવેટ ઈક્વિટી એશિયાના હેડ અમિત દિક્ષીતે જણાવ્યું હતું કે “વૃદ્ધિના આ આગામી પ્રકરણમાં આઈજીઆઈને સમર્થન આપતા અમે ગર્વ અનુભવીએ છીએ.

આ કંપનીને તેની પહોંચ અને ઓફરિંગને વિસ્તારવામાં અને સર્ટિફિકેશનના વન-સ્ટોપ પ્રોવાઈડર બનવામાં મદદ કરીને આઈજીઆઈની હાજરી અને કામગીરીને મજબૂત કરવાના અમારા બિઝનેસ બિલ્ડરના Not for distribution outside India પ્રયત્નો ચાલુ હોવાનું દર્શાવે છે.

જ્યારે અમે બે વર્ષ પહેલાં પ્રથમ વખત કંપનીમાં રોકાણ કર્યું હતું ત્યારે અમે જાણતા હતા કે યોગ્ય સંસાધનો અને એક્સેસ સાથે તેહમાસ્પની કારભારી હેઠળ તેની પાસે જબરદસ્ત સંભાવના છે. અમે મેનેજમેન્ટ ટીમ સાથે ભાગીદારી કરવાનું ચાલુ રાખીશું અને આઈજીઆઈમાં ભારે રોકાણ કરીશું તથા તેની બજારની અગ્રણી સ્થિતિને વધુ મજબૂત બનાવીશું.’’

આઈજીઆઈના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તેહમાસ્પ પ્રિન્ટરે જણાવ્યું હતું કે ‘‘આ આઈજીઆઈ માટે એક જબરદસ્ત સીમાચિહ્નરૂપ છે. શરૂઆતથી અમારૂં વિઝન આ વ્યવસાયને વૈશ્વિક નેતૃત્વમાં વિકસાવવાનું છે. અમે ભારતમાં પ્રથમ મૂવર્સ છીએ. અમે વિકાસની પ્રચંડ સંભાવના ધરાવતા ઉદ્યોગમાં મજબૂત કુશળતા અને નવીનતા દર્શાવી છે. અમને બ્લેકસ્ટોનનું સમર્થન પ્રાપ્ત છે અને ૫૦ વર્ષ જૂની વૈશ્વિક કંપનીને ભારતમાં પબ્લિક કંપની બનાવવા માટે ઉત્સાહિત છીએ’’.

જાન્યુઆરી ૨૦૨૪માં તેહમાસ્પ પ્રિન્ટરને જેમ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ દ્વારા ‘હોલ ઓફ ફેમ’ ઈવેન્ટમાં લૂઝ સ્ટોન્સ અને સ્ટડેડ જ્વેલરી ઉદ્યોગમાં તેમના અમૂલ્ય યોગદાનને માન આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની ઘણી સિદ્ધિઓ અને પ્રશંસાઓ ઉપરાંત તેમને ઉ.ઢ.ઝ.ઝ. દ્વારા ‘આઉટસ્ટેન્ડિંગ જરથુષ્ટિ પ્રોફેશનલ ઓફ ધ યર - ૨૦૨૩’ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.

બ્લેકસ્ટોનના વરિષ્ઠ મેનેજિંગ ડિરેક્ટર મુકેશ મહેતાએ જણાવ્યું હતું કે, ‘‘આઈજીઆઈ માટે આ એક નોંધપાત્ર સિદ્ધિ છે અને તે આનાથી વધુ સારા સમયે ન આવી શકી હોત. બે વર્ષથી ઓછા સમયમાં અમે લેબ ગ્રોન ડાયમંડ્સના સર્ટિફિકેશનમાં ગ્લોબલ લીડર તરીકે તથા અન્ય સેગમેન્ટ્સમાં વધુને વધુ સ્પર્ધાત્મક કંપની તરીકે આઈજીઆઈની સ્થિતિ મજબૂત કરવામાં મદદ કરી છે. અમે આઈજીઆઈમાં સૌથી મોટા શેરહોલ્ડર છીએ અને તેના વૃદ્ધિના આગામી તબક્કામાં તેની સાથે ભાગીદારી ચાલુ રાખવા માટે રોમાંચિત છીએ.’’

# સુત્રાપાડાનાં વડોદરા ઝાલા ભરતી નિયંત્રક યોજનામાં ભ્રષ્ટાચારની તપાસ કરવાની માંગ

(જાદવ ભોળા દ્વારા)

લોઢવા, તા. ૧૩

ગીર સોમનાથ જીલ્લાનાં સુત્રાપાડા તાલુકાનાં વડોદરા ઝાલા ભરતી નિયંત્રક ડેમ આવેલ છે. જેની ઉપરનાં જર્જરીત દરવાજા ૧૮ કોલમ અને મશીનરીને એજન્સીએ બારોબર લોખંડ વેચાણ કરી નાંખેલ છે. જાહેર હરરાજી કરીને વેચાણ કરવાનું થતું હોય અને તે રકમ સરકારમાં જમાં કરાવવાની થતી હોય છે. આવી રીતે લોખંડનાં ૧૮ દરવાજા સહિત આશરે ૧૬ ટન જેટલું લોખંડ પરબારૂ વેંચાણ કરી નાંખેલ તથા ડેમ પર પાળાપેટનું બાંધકામ કરવાનું હતું પરંતુ સ્થળ ઉપર કામ કરેલ નથી તો આ ભષ્ટાચારની તપાસ કરીને કસુરવારો સામે કડક પગલાં



લેવાની રજુઆત પણ વડોદરા ઝાલાનાં ભીખાભાઈ રામાભાઈ ઝાલા દવારા જવાબદાર અધિકારીઓને કરેલ જેનાં કોલ રેકોર્ડીંગ પણ અરજદાર પાસે છે. તેમ છતાં આજદીન સુધી કોઈ જ પગલાં ભરેલ નથી તેવી રજુઆત જળસંપતિ અને પાણી પુરવઠામાં કુંવરજી બાવળીયા તથા અધિક ઈજનેર રાજકોટને તેમણે કરેલ છે.

# ઓબેસિટી ઈન્ડિયા-૨૦૨૪ મેદસ્વીતા નિવારણ, વ્યવસ્થાપન અને સારવાર ક્ષેત્રે થયેલી પ્રગતિ અંગે અમદાવાદમાં ૧૩થી ૧૫ ડિસેમ્બર ૩ દિવસનું સંમેલન યોજાશે

અમદાવાદ તા. ૧૩

ભારતમાં મેદસ્વીતા કે સ્થૂળતાનું પ્રમાણ રોગચાળાના સ્તરે પહોંચી ગયું છે, છેલ્લાં કેટલાંક વર્ષો દરમ્યાન તેના પ્રમાણમાં થયેલાં ચિંતાજનક વધારાને પરિણામે તે હવે દેશમાં સૌથી મોટી આરોગ્ય કટોકટી બનવા તરફ આગળ વધી રહ્યું છે. કેટલાંક અભ્યાસોમાં જણાવ્યાં અનુસાર દેશની લગભગ ૫% વસ્તી રોગગ્રસ્ત મેદસ્વીપણાથી પ્રભાવિત છે. ઓલ ઈન્ડિયા એસોસિયેશન ફોર એડવાન્સિંગ રિસર્ચ ઈન ઓબેસિટી (એઆઈએઆરઓ) દ્વારા ૧૩થી ૧૫ ડિસેમ્બર દરમ્યાન અમદાવાદમાં તેની ૧૭મી વાર્ષિક કોન્ફરન્સ "ઓબેસિટી ઈન્ડિયા ૨૦૨૪"નું આયોજન કરવામાં આવ્યું છે. વર્લ્ડ ઓબેસિટી ફેડરેશન દ્વારા સમર્થિત આ ઈવેન્ટમાં નિષ્ણાંતો, સંશોધકો અને પ્રેક્ટિશનર્સને, ભારત અને વિશ્વ માટે સૌથી મહત્ત્વના આરોગ્ય પડકારોમાં પૈકીના એક એવા મેદસ્વીપણા અંગેની ચર્ચા કરવા માટે એક મંચ પર લાવવામાં આવ્યા છે. ઓબેસિટી સર્જન, એન્ડોક્રિનોલોજિસ્ટ્સ, ડાયાબિટોલોજિસ્ટ્સ, ફિઝિશિયન્સ, ન્યુટ્રિશનિસ્ટ્સ અને એજ્યુકેટર્સ જેવા હેલ્થકેર પ્રોફેશનલ્સ સહિત ૫૦૦થી વધુ પાર્ટિસિપન્ટ્સ સાથે આ કોન્ફરન્સ ઈન્ટરડિસિપ્લિનરી સહયોગની સુવિધા આપશે અને મેદસ્વીપણાની સમજણ અને વ્યવસ્થાપનમાં થયેલી પ્રગતિ અંગે જાણકારીની આપ-લે કરશે. તેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય નિષ્ણાંતો સાથે નેટવર્કિંગની તક તથા જ્ઞાનની વહેંચણીના અનેક સત્રો પણ યોજાશે.

એઆઈએઆરઓ (AIAARO)ના પ્રમુખ અને કોન્ફરન્સના ઓર્ગેનાઈઝિંગ ચેરમેન ડો.મહેન્દ્ર નરવરિયાએ જણાવ્યું હતું કે, "ઓબેસિટી ઈન્ડિયા ૨૦૨૪ના આયોજન દ્વારા, અમારૂં લક્ષ્ય લોકોમાં મેદસ્વીતા અંગે જાગૃતિ લાવવાનું, તેની સાથે સંકળાયેલી હિન ભાવના ઘટાડવાનું અને આ રોગચાળાને દૂર કરવા માટે પુરાવા-આધારિત ઉકેલોને પ્રોત્સાહન આપવાનું છે. અમે સ્થૂળતા અંગેના શિક્ષણને શાળા/મેડિકલ કોલેજના અભ્યાસક્રમો અને જાહેર આરોગ્યની પહેલોમાં સંકલિત કરવા માટે માત્ર તબીબી સમુદાય સાથે જ નહીં, પરંતુ સમાજ અને નીતિ ઘડવૈયાઓ સાથે પણ જોડાઈશું. આ કોન્ફરન્સમાં એશિયા ઓસનિયા એસોસિએશન ફોર ધ સ્ટડી ઓફ ઓબેસિટીના પ્રમુખ ગી હ્યુન કાંગ સહિતના જાણીતા વક્તાઓ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે અને વર્લ્ડ ઓબેસિટી ફેડરેશનના ભૂતપૂર્વ પ્રમુખ ફિલિપ શેરર દ્વારા ઓનલાઈન મુખ્ય સંબોધન કરવામાં આવશે."

એઆઈએઆરઓ (AIAARO)ના પૂર્વ અધ્યક્ષ




અને પ્રોગ્રામ ચેર ડો.બંશી સાબુએ જણાવ્યું હતું કે, "અમદાવાદમાં બીજી વખત ઓબેસિટી ઈન્ડિયા કોન્ફરન્સ યોજાઈ રહી છે. તેમાં અત્યાધુનિક સંશોધન પ્રસ્તુતિઓ, ઈન્ટરેક્ટિવ વર્કશોપ અને નિષ્ણાત પેનલ ચર્ચાઓનું આયોજન કરાશે, જેનો ઉદ્દેશ સ્થૂળતા નિવારણ, વ્યવસ્થાપન અને સારવારની સમજણને આગળ વધારવાનો છે."

આ સંમેલનમાં ભાગ લેનારા સહભાગીઓ મેદસ્વીતા પાછળના વિજ્ઞાન અંગે પણ ચર્ચા કરવા ઉપરાંત, પેથોફિઝિયોલોજી, લેટેસ્ટ સારવાર અને ઔજારો અને સેમાગ્લુટાઈડ ઈન્જેક્શન જેવા નવીન વિષયો પર જાણકારીની આપલે કરશે. મેદસ્વીતા સાથે સંકળાયલી નાનપ કે હિનતાની લાગણીને દૂર કેવી રીતે કરી શકાય તે માટે નિષ્ણાંતો જીવનશૈલીમાં ફેરફાર અને નિવારણ માટેના ઉપાયોની પણ ચર્ચા કરશે.

અગાઉ ઓબેસિટી સર્જરી સોસાયટી ઓફ ઈન્ડિયાના પ્રમુખ તરીકે સેવા આપનારા ડો.મહેન્દ્ર નરવરિયાએ એઆઈએઆરઓ (AIAARO) ની સમાવેશક અને મલ્ટિડિસિપ્લિનરી પ્રકૃતિ પર પણ ભાર મૂક્યો હતો, જે મેદસ્વીપણાનો વ્યાપકપણે સામનો કરવા માટે વિવિધ હેલ્થકેર વ્યાવસાયિકોને એકમંચ પર લાવે છે. આ સોસાયટી છેલ્લા ૨૦ વર્ષથી કાર્યરત છે અને સમયની જરૂરિયાતને લગતા વિવિધ વિષયો પર આ પ્રકારની વાર્ષિક પરિષદોનું આયોજન કરે છે, આ વર્ષે તેનું આયોજન અમદાવાદમાં કરાયું છે. આ સોસાયટી વર્લ્ડ ઓબેસિટી ફેડરેશન સાથે સંકળાયેલી છે અને વિશ્વ આરોગ્ય સંસ્થાઓ (ડબ્લ્યુએચઓ) એનસીડી જોડાણ સાથે ભાગીદાર છે.

### છેલ્લા ૨૦ વર્ષથી ગાય, પાણી, પ્રકૃતિ, સંસ્કૃતિ અને રાષ્ટ્રને જીવન સમર્પિત કરનાર

# ભારત સરકાર દ્વારા ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચરલ રીસર્ચ (ICAR )દ્વારા રાજકોટના ઉદ્યોગપતિ એવા ગૌ-ભક્ત ભરતભાઈ પરસાણા ને સ્ટાર ફાર્મર સ્પીકર નો એવોર્ડથી નવાજીયા



(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૩

માનવી સુખ ની શોધ માં ભટક્યા કરે છે. પરંતુ મિત્રો આજે એક અનોખી માટી ના અનોખા માનવી ની વાત કરીએ તો મજા પડે છેલ્લા ૨૦ વર્ષથી ગાય, પાણી, પ્રકૃતિ, સંસ્કૃતિ અને રાષ્ટ્રને જીવન સમર્પિત કરનાર કૃષિની સમૃદ્ધિ અને ભવિષ્યની ઉજવણી કરવા માટે કૃષિ જાગરણની એડિશન ઓફ ધ મિલિયોનેર ફાર્મર ઑફ ઈન્ડિયા (MFOI) એવોર્ડ્સ ૨૦૨૪ જે ICAR - ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા દિલ્હી ખાતે આયોજિત થયેલ ઈવેન્ટ એ કૃષિમાં સંપત્તિ સર્જનની ભવ્ય ઉજવણી ના કાર્યક્રમ નું આયોજન થયેલ જેમાં નોંધપાત્ર સફળતા હાંસલ કરી હોય તેવા કૃષિને સંપત્તિ અને વૃદ્ધિના સ્ત્રોતમાં ફેરવી છે. તેમાં ભારતમાં સૌથી ધનિક ખેડૂત કોણ છે? આશ્ચર્યજનક ૨૨,૦૦૦ નોમિનેશનમાંથી ૧,૦૦૦ ટોચના ખેડૂતોને સન્માનિત કરેલ જેમણે ભારતના સૌથી પ્રગતિશીલ અને સમૃદ્ધ ખેડૂતોની સિદ્ધિઓને સ્વીકારવા માટે ૧૫,૦૦૦ ઉદ્યોગ નેતાઓ, ખેડૂતો અને વૈશ્વિક પ્રતિનિધિઓ સાથે જોડાયેલા ભારતીય કૃષિનો ચહેરો બદલી નાખનાર લોકોની અદ્ભુત યાત્રાના સાક્ષી બનનાર રજકોટ ના ઉદ્યોગ પતિ એવા સમાજ શ્રેષ્ઠી ગૌ-ભકત ભરતભાઈ પારસાણા ને સ્ટાર ફાર્મર સ્પીકર નો એવોર્ડ એનાયત થયેલ છે.

આપણે સૌ જાણીયે છીએ કે ભરતભાઈ કોઈ જ્ઞાતિ,જાતિ,નો ભેદભાવ રાખ્યા વગર પોતે ૭૦ વિધામાં પથરાયેલ પોતાની ફેક્ટરી ૧૦૦૦ માણસો નો સ્ટાફ રાજકોટની આજુબાજુમાં બીજી ફેક્ટરીઓ અને ૨૫ ગાયો, ૫૫ વીધા ખેતીની જમીન. છતાં કોઈપણ જાતનું અભિમાન કે સ્વાર્થની ભાવના રાખ્યા વગર ઓફિસનો આરામ ત્યાગીને છેલ્લા ૨૦ વર્ષથી ગાય,પાણી,પ્રકૃતિ,સંસ્કૃતિ અને રાષ્ટ્ર ને જીવન સમર્પિત કર્યુ છે.તેથી આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ૨૦૧૦ માં ગુજરાત ના મુખ્યમંત્રી હતા ત્યારે ભરતભાઈ પરસાણાનું પ્રાકૃતિક ખેતીના પ્રચારક તરીકે શાલ ઓઢાડીને સન્માન કરેલ આ સિવાય આજ સુધી પ્રાકૃતિક ખેતીના પ્રચાર માટે કોઈ નું સન્માન થયેલ નથી. તન - મન - ધનથી રોજ ૧૬ કલાક ગામડામાં નાનામાં નાના ખેડૂતો સુધી રૂબરૂ જઈને ખેડૂતો ને પ્રાકૃતિક ખેતી તરફ વાળીને તેમજ ગૌધન ને બચાવવાનું મહાઅભિયાન હાથ ધર્યું છે.

ભરતભાઈ પરસાણા દ્વારા ખેડૂત માટે સરસ મજાનો પ્રયોગ જેમાં ગાયનું ૨૫૦ ગ્રામ દૂધ અને ૨૫૦ ગ્રામ ગૌ મૂત્ર અને ૨૫૦ ગ્રામ ગોબર નું પાણી, ૧૦૦ ગ્રામ દેશી ગોળ તેનું મિશ્રણ કરી ૧૫ લીટર પાણીના પંપમાં આ બધું મિશ્રણ નાથવાથી ૨૦ રૂપિયાનો ખર્ચ થાઈ છે. અને તેનાથી ખેડૂતને કોઈ પણ જાતનું નુકશાન થાઈ તો એક કરોડ નું ઈનામ બાર પાડેલ છે.

રાજકોટ માં રહેતા ખેડૂતોની સેવા માં ઓતપ્રોત થયેલા સુખી, સમૃદ્ધ અને સંપન્ન પરિવાર માંથી આવે છે. તે લાખોપતિ કે કરોડોપતિ નહિ પણ અબજોપતિ હોવા છતાં સંતોષી જીવન જીવે છે.એ ભરતભાઈ પરસાણા પ્રમાણિક જેને ક્યારેય કોઈ પાસે લાંબો હાથ કર્યો નથી કે ક્યારેય કોઈપણ વ્યક્તિનો તેમણે વિરોધ પણ કર્યો નથી.સર્વે ના સુખ માં મોટું સુખ છે અને સૃષ્ટિ ના સમસ્ત જીવાત્માનું કલ્યાણ થાય તે અટલ અને અગોચર સત્ય સેવા છે તેવા જીવન મંત્ર સાથે અવિરત સેવા માં ઓતપ્રોત રહે છે.. હું કરું છું કે મારા દ્વારા જ થાય તેવા અભિમાન નું એક બિંદુ પણ તેમને અડ્યું નથી

સરળ અને સહજ ભાષામાં કહીએ તો ભરતભાઈ નું વ્યકિતત્વ એવું છે કે તેઓ ગ્રાઉન્ડ લેવલ એટલે કે ધરતી સાથે જોડાયેલ છે આપને એમ લાગશે કે આમ કેમ લખ્યું છે છતે પૈસે ગ્રાઉન્ડ લેવલ એટલે વળી શું... ? પણ મિત્રો જ્યારે આ અનોખા ભરતભાઈ પરસાણા ને મળ્યા વગર ખબર ન પડે પણ સૌની સમજણ માટે એટલુ કહી શકાય કે શૂન્ય માંથી સર્જન કરી અભિમાન વગર સૌને વિવેક થી બોલાવતા ચલાવતા તેમજ ખોટી ટીકા ટિપ્પણી કર્યા વગર સાદાઈ થી અને સહજતા થી કોઈ પણ વ્યક્તિ સીધા જ એમને મળી શકે છે.. હાલના સમયમાં ઘણા બધા એવા લોકો પણ હોય છે કે જેઓ એક સ્ટેપ આગળ વધે એટલે નાના માં નાના વ્યક્તિ તરફ નહિ જોતા હવા મા ઉડવા લાગે છે..!! પરંતુ આ માનવ ની વાત જ અનોખી છે. તે તો તેમને જે મળ્યા હોય તે જ સમજી શકે કે આ વ્યક્તિત્વ શું છે..

દરરોજ માતા પિતા ગુરુદેવ અને ભગવાન ને એટલી જ પ્રાર્થના કરે છે કે મને મારાથી થાય એટલી સમાજ સેવા કરાવજો. તેઓ પોતાની વાહવાહી માં જરાપણ માનતા નથી અન્યો નું ભલું કેમ થાય એજ અને આ એક જ સુંદર વિચાર ને પકડીને સેવાકાર્ય કરીએ રાખે છે અને અન્ય સેવા સંસ્થા સાથે જોડાયેલા રહે છે.

એમનો પરિવાર વતન,મિત્ર,સગા સંબંધી નો પ્રેમ જોઈલો.. અરે અજાણ્યા કોઈપણ વ્યક્તિ સાથે મુલાકાત થઈ હોય તો માણસ પારખી અને તેમને પણ એટલોજ પ્રેમ ભાવ આપે છે જાણે તેમના પરિવારનો એક સભ્ય હોય.

ભલે ઓછું ભણેલા છતાં સોશિયલ મીડિયા નો પણ ભરપુર ઉપયોગ કરી ઘણા એવા સેવા ના કાર્યો કર્યા છે. તેમના પિતાશ્રી ભૂરાભાઈ પણ ભક્તિ માં મોટું નામ ધરાવતાં અને ભરતભાઈ પણ સત દેવીદાશ અમર દેવીદાસ ના પરમ સેવક ભરતભાઈ ચારવેદો પુરાણનો અભ્યાસ કરી યુવાનોને ધર્મ અને સંસ્કૃતિ તરફ વાળ્યા છે. આટલે થી નહિ અટકતા પ્રકૃત્તિ પર્યાવરણ ના પ્રેમી પણ એટલા જ છે..ગીરગંગા પરિવાર ટ્રસ્ટ માં વરસાદી પાણીનું યોગ્ય જતન થાય તેના માટે અનેક ચેકડમ બનાવવા માટે આર્થિક સહયોગ આપેલ છે . સદભાવના વૃદ્ધાશ્રમ,વૃક્ષારોપણ ની સેવાકિય પ્રવૃત્તિ સાથે સંસ્થાના પાયા થી જોડાઈ આજે પ્રેરણાત્મક બની અસંખ્ય લોકોને સાથે જોડનારા બની ગયા છે અને ૧૩૦૦૦ થી વધુ ફળાવ વૃક્ષો ખરીદી કરી ને પોતાના ખર્ચે ખેડૂતો ને ગામડે પહોચાડેલ,જરૂરીયાતમંદ વ્યક્તિ ને હોસ્પિટલ માં દર્દીઓ આર્થિક સહયોગ આપે છે તેમજ સ્કૂલ ના બાળકો ને પુસ્તકો,વોટર બોટલ,સ્કૂલ બેગ વગેરે ની આર્થિક સહાય કરે છે. વર્ષના ૩૬૫ દિવસ શિયાળો, ઉનાળો અને ચોમાસું. ટાઢ, તડકો કે વરસતા વરસાદ માં પણ ગાય આધારીત પ્રાકૃતિક ખેતી,ગૌવંશ ની સારી ઓલાદ બચાવો માટે અભિયાન જેવા અસંખ્ય કાર્યક્રમો કરી ચૂક્યા છે.

# સોમનાથ દરીયા સાગર સુરક્ષા કવચનો જડબેસલાક પ્રારંભ



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૧૩

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર અને ૧૧૦ કિ.મી.ના ગીર સોમનાથ જીલ્લાના દરીયામાં અને કિનારાઓમાં સાગર સુરક્ષા કવચનો ગઈરાત્રીના ૮ વાગ્યાથી પ્રારંભ થયો છે જે આજે રાત્રીના ૮ વાગ્યે સાગર મોકડ્રીલની આ કવાયત પુરી થશે.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજાની આગેવાની નીચે જીલ્લાની એસઓજી, એલસીબી, દરીયાઈ સીમાનં સાંકળતા પોલીસ સ્ટેશન તથા કોસ્ટગાર્ડ, ફીસરીઝ, પોર્ટ, એલઆઈબી સહિતની વિવિધ ટુકડીઓ પેટ્રોલીંગ કરી રહી છે.

શંકાસ્પદ કે જરૂર લાગે તેવી બોટના ડોકયુમેન્ટસ, બોટમાં કોણ કોણ છે, શું છે તે પુછપરછ અને ડમી બોટ સાથે મોકડ્રીલનો સમાવેશ થાય છે. વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિર પણ ઝેડ પ્લસ સુરક્ષા ચક્ર ધરાવતું હોઈ તેને પણ આ સુરક્ષા કવાયતમાં આવરી લેવાયું છે. ગીર સોમનાથ જીલ્લા પોલીસ વડા મનોહરસિંહ જાડેજા દ્વારા સમયાંતરે વર્ષમાં બે થી ત્રણ સાગર સુરક્ષા કવચ યોજાતું રહે છે. આ ડ્રીલથી સંભવીત આપતી સામે પ્રતિકાર કરવા માટે તંત્ર કેવું સજજ છે તેના સુચન જાણવા, ક્ષતિ હોય તો તે નિવારવા અને જો કોઈ તાકીદનો સમય ભવીષયમાં ઉભો થાય તો કેટલી ઝડપે અને કેટલી અસરકારક રીતે તંત્ર ત્વરીત ભૂમિકા ભજવે છે તેનું પ્રત્યક્ષ નિર્દેશનનો અનુભવ કેળવાતો હોય છે જેમાં સારી કામગીરી પ્રોત્સાહન અને ક્ષતિ કામગીરીને ઠપકો કે પગલાં લઈ તંત્રની સજાગતા, સતર્કતા, મજબુત, દ્રઢ અને જડબેસલાક બનાવાય છે.

આ સુરક્ષા કવાયતમાં એસઓજીના એન.બી.ચૌહાણ, એલસીબી પીઆઈ અરવીંદસિંહ જાડેજા, સિંધવ, ઉદય રાવલ, નવાબંદર વી.કે.ઝાલા, કોડીનાર-પ્રભાસ પાટણ, સુત્રાપાડા, વેરાવળ પોલીસ, મશીન પોલીસ સ્ટેશનો સહિત સમગ્ર કાફલો આદ્રીથી છે ક નવાબંદર સુધીનો દરીયો હથીયાર બંધ જવાનો સાથે ખુંદી રહી છે.

# દર્દીઓ માટે દેવદૂત સમી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા બની પ્રામાણિકતાનું ઉત્તમ ઉદાહરણ



જૂનાગઢ તા.૧૩

૧૦૮ ઈમરજન્સી સેવાઓ આપાતકાલીન પરિસ્થિતિ માં અને છેવાડા નાં વિસ્તારો સુધી પહોંચી ને દેવદૂત સમાન અવિરત કામ કરે છેં.તારીખ ૧૧/૧૨/૨૦૨૪ ના રોજ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકા નાં ગોરડકા ૯ ગામ પાસે બોટાદ નાં રહેવાસી એવા એક ૩૬ વર્ષીય "રાજેશભાઈ અનિયારીયા નામ નાં રાહદારી વ્યક્તિ નું રસ્તા પર ભેંશ સાથે બાઈક અથડાવાથી બાઈક પર થી પડી ગયા હતાં અને છાતી ના ભાગ પર ઈજા થઈ હતી.રાહદારી દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ ને કોલ કરતા નજીક ની ૧૦૮ એમ્બ્યુલન્સ તરત જ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ હતી.૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ માં ઈ.એમ.ટી તરીકે પંડ્યા ધ્રુવકુમાર અને પાઈલોટ માં ભાવિનભાઈ ડાભી દ્વારા જરૂરી સારવાર આપીને વધુ સારવાર અર્થે બોટાદ ની સબિહા સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.૧૦૮ ના સ્ટાફ દ્વારા તેના ઘર નો સંપર્ક કરી ને આ બાબત ની જાણ કરી હતી.તેની સાથે પાકીટ માં રોકડ,સોનાનો ૯ ચેન,લેપટોપ,અને મોબાઈલ,ઘર અને વાહન ની ચાવીઓ જરૂરી અગત્યના ડોક્યુમેન્ટ હોવાથી આ કિંમતી સામાન હોવાથી તેના પરિવારજનો ને સુપ્રત કરવામાં આવી હતી.જેની અંદાજીત કિમત ૧,૫૦,૦૦૦ લાખ ની માલમતા થઈ હતી.આ તકે તેમના પરિવારજનો દ્વારા ૧૦૮ એમ્બ્યુલન્સ ની સેવા અને પ્રામાણિકતા બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આમ, સમઢીયાળા ૧૦૮ એમ્બ્યુલન્સ કર્મીઓની સેવા પ્રામાણિકતા નું પણ ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# ગીર ગઢડા તાલુકાના વડવીયાળા ગામે દિપડાને ફાસલામાં નાખી મોત નિપજાવવાના ગુન્હામાં શખ્સ ઝડપાયો

ગીર ગઢડા તા.૧૩

ગીર(પુર્વ)વન વિભાગ ઘારી હેઠળની જસાઘાર રેન્જના કાર્યક્ષેત્ર હેઠળની નવાબંદર રાઉન્ડની ગીરગઢડા બીટના કાર્યક્ષેત્રના ગીરગઢડા તાલુકાના વડવીયાળા ગામે ખરાબા ખાણ વિસ્તાર નામે ઓળખાતા રેવન્યુ વિસ્તારમાંથી ચરલના ઝાડમાં પથ્થર સાથે બાંઘેલ ફાસલામાં ફસાયેલ લટકતી હાલતમાં વન્યજીવ દિપડા નર-૧ નો મૃતદેહ હોવાની તા.૧૦.૧૨.૨૦૨૪ ના સાજના ૧૬.૦૫ કલાકે વન વિભાગના સ્ટાફને બાતમી મળતા શ્રી રાજદિપસિંહ ઝાલા સાહેબ,નાયબ વન સંરક્ષકશ્રી ઘારી તથા શ્રી કે.પી.ભાટીયા સાહેબ,મદદનિશ વન સંરક્ષકશ્રી ઉનાના સીઘા સુચના અને માર્ગદર્શન હેઠળ શ્રી એલ.બી.ભરવાડ,રેન્જ ફોરેસ્ટ ઓફીસર જસાઘાર તથા નવાબંદર રાઉન્ડના સ્થાનિક સ્ટાફ તથા ટ્રેકર્સ ટીમ સાથે તાત્કાલીક સ્થળ પર પહોચી સ્થળ ચકાસણી કરતા બનાવ સ્થળે ચરલના ઝાડમાં પથ્થર સાથે બાંઘેલ ફાસલામાં ફસાયેલ લટકતી હાલતમાં વન્યજીવ દિપડા નર-૧ નો મૃતદેહ મળી આવેલ આ કેસમાં દિપડાનું મૃત્યુ કલ્ચ વાયરના ફાસલા વડે થયાનું ખુલતા આ કેસની તપાસ ગતીમાન કરતા તા.૧૧.૧૨.૨૦૨૪ના રોજ આ કેસમાં વડવીયાળા ગામના દેવશીભાઈ બાઉભાઈ જાદવની સંડોવણી બહાર આવતા અને તેની કબ્જાવાળી વાડીમાં તપાસ કરતા વધુ ૪(ચાર) ફાસલા મળી આવતા તેઓની વન્યપ્રાણી સંરક્ષણ ઘારા-૧૯૭૨ ના ભંગ બદલ ઘોરણસર અટક કરી આજ



તા.૧૨.૧૨.૨૦૨૪ના રોજ નામ.ગીરગઢડા કોર્ટમાં રજુ કરતા નામ.કોર્ટ દવારા આરોપી દેવશીભાઈ બાઉભાઈ જાદવના રીમાન્ડ મંજુર કરેલ છે.

# જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી ખાતે બેઠક યોજાઈ




**બંદર-આઈસ ફેક્ટરીને લગતા મુદ્દાઓ, કોલ્ડ સ્ટોરેજ વિષયક બાબતો અંગે ચર્ચા હાથ ધરાઈ : પોર્ટ વિસ્તાર, મત્સ્યોદ્યોગ વિભાગ, ગુજરાત મેરિટાઈમ બોર્ડ, ફૂડ વિભાગને જરૂરી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા કલેક્ટરએ માર્ગદર્શિત કર્યા**

(પ્રતિનિધિ દ્વારા)

ગીર-સોમનાથ તા.૧૩

જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાની અધ્યક્ષતામાં પ્રાંત કચેરી ખાતે પોર્ટ વિસ્તાર, મત્સ્યોદ્યોગ વિભાગ, ગુજરાત મેરિટાઈમ બોર્ડ, ફૂડ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં બોટ માલિકો, બોટ એસોસિએશન, જી.આઈ.ડી.સી એસોસિએશનના પ્રતિનિધિઓ સાથે વિવિધ વ્યવસ્થાઓ મુદ્દે એક બેઠક યોજાઈ હતી. કલેકટરએ સંલગ્ન વિભાગ પાસેથી બંદરના એન્ટ્રી અને એક્ઝિટ સુવ્યવસ્થિત કરવા વિષયક, બોટ બિલ્ડીંગ યાર્ડ, બોટ પાર્કિંગ, નેટ મેકિંગ અને દુકાનો માટે અલગ અલગ જગ્યા ફાળવવી અને આઈડલ બોટ માટે અલગ પાર્કિંગની વ્યવસ્થા, જર્જરિત પુલના વૈકલ્પિક રસ્તા, રણબારા, ફિંગરજેટી સહિતની વ્યવસ્થાઓ મુદ્દે ઝીણવટભરી માહિતી મેળવી હતી. કલેકટર સમક્ષ પ્રેઝન્ટેશનના માધ્યમથી આઈસ ફેકટરીને લગતા મુદ્દાઓ, એમોનિયા ગેસનું પરિવહન, કોલ્ડ સ્ટોરેજ વગેરેના ક્રાઈટેરિયા સહિત ખાવાલાયક બરફ અંગે ફૂડ એન્ડ ડ્રગ્સ કંટ્રોલ, ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નિયમો, રજિસ્ટ્રેશન અને લાઈસન્સ, બરફ સંયત્રની મજૂરી માટેની સામાન્ય આવશ્યકતાઓ(સ્વતંત્ર/અલગ) બરફના નિકાસ માટે મત્સ્યઉત્પાદનોની પ્રક્રિયા માટે માન્ય સવલતો વગેરે મુદ્દાઓ રજૂ કરાયા હતાં. બોટની કામગીરી સાથે જોડાયેલા આગેવાનોએ કલેક્ટર સમક્ષ બંદર અને બોટને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતાં. જેનો ત્વરિત નિકાલ કરવા કલેક્ટરએ સંબંધિત વિભાગના અધિકારીઓને સૂચના આપી હતી. કલેકટરએ પ્રોસેસિંગ પ્લાન્ટ, આઈસ ફેક્ટરી, કોલ્ડ સ્ટોરેજ વિષયક બાબતો અંગે ઉપસ્થિત સર્વેને માર્ગદર્શિત કર્યા હતાં અને સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી વિવિધ માર્ગદર્શિકાઓનું અચૂક પાલન થાય તેવી સૂચના આપી હતી.

# ૧૪મી ડિસેમ્બર વિશ્વ ઉર્જા સંરક્ષણ દિવસ




વિશ્વ ઉર્જા સંરક્ષણ દિવસ ૧૪મી ડિસેમ્બરે વૈશ્વિક સ્તરે ઉજવવામાં આવે છે જેથી ઉર્જા વપરાશના મહત્વ અને આપણા રોજિંદા જીવનમાં તેનો ઉપયોગ, તેની અછત અને વૈશ્વિક ઈકો સિસ્ટમની ટકાઉપણું પર તેની અસરને પ્રકાશિત કરવામાં આવે. તે લોકોમાં જીવનના દરેક ક્ષેત્રમાં ઊર્જા બચાવવાના મહત્વનો સંદેશ આપવા માટે ઉજવવામાં આવે છે. સમગ્ર દેશમાં ચર્ચાઓ, પરિષદો, ચર્ચાઓ, વર્કશોપ, સ્પર્ધાઓ વગેરે જેવી ઘણી બધી ઘટનાઓનું આયોજન કરીને ઊર્જા સંરક્ષણની પ્રક્રિયાના માર્ગને પ્રોત્સાહન આપવામાં આવે છે. ૨૦૦૧ માં, ભારતના બ્યુરો ઓફ એનર્જી એફિશિયન્સી(BEE) એ એનર્જી કન્ઝર્વેશન એકટનો અમલ કર્યો. વસ્તીમાં વૃદ્ધિ સાથે, ઊર્જાની જરૂરિયાત પણ સતત વધી રહી છે. આમ, ઉર્જા વાર્તાલાપ અને ઉર્જા કાર્યક્ષમતાના મહત્વ વિશે સામાન્ય લોકોમાં જાગૃતિ લાવવા દર વર્ષે 'ઊર્જા સંરક્ષણ દિવસ' ઉજવવામાં આવે છે. ઉર્જા સંરક્ષણ એ ઉર્જાનો વપરાશ ઘટાડવા અને ઓછામાં ઓછી ઉર્જાનો ઉપયોગ કરવા માટે કરવામાં આવેલ એક પ્રયાસ છે જેથી ઉર્જા સ્ત્રોતો ભવિષ્યના ઉપયોગ માટે બચાવી શકાય. જો કે, ઉર્જાનો વધુ કાર્યક્ષમ ઉપયોગ કરીને અથવા સેવાના વપરાશની માત્રામાં ઘટાડો કરીને ઉર્જા સંરક્ષણ પ્રાપ્ત કરી શકાય છે. આપણા રોજિંદા જીવનમાં આપણે જે ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીએ છીએ તેમાંથી મોટાભાગના 'નોન-રિન્યુએબલ' છે, તેનો ફરીથી ઉપયોગ અને નવીકરણ કરી શકાતો નથી. એવું કહેવાય છે કે આપણા ઉર્જા સંસાધનો ફક્ત ૪૦ વર્ષ કે તેથી વધુ સમય સુધી ટકી શકે છે. તેથી, દરેક વ્યક્તિએ તેમના વર્તનમાં ઊર્જા સંરક્ષણનો સમાવેશ કરવો જોઈએ અને ઊર્જા સંરક્ષણ યોજનાને વધુ અસરકારક બનાવવા જોઈએ. ઉર્જા સંરક્ષણ દિવસ દર વર્ષે ૧૪ ડિસેમ્બરે મનાવવામાં આવે છે. આ દિવસ લોકોને ગ્લોબલ વોર્મિંગ અને આબોહવા પરિવર્તન વિશે જાગૃત કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે અને ઉર્જા સંસાધનોની બચત તરફના પ્રયત્નોને પ્રોત્સાહન આપે છે.

**- ડો. જી.આર. ગોહિલ**

# જૂનાગઢમાં જન્મદિવસ નિમિતે પોકેટ હનુમાન ચાલીસાનું વિતરણ કરાયું







જૂનાગઢ તા.૧૩

સ્વામી લીલાશાહ મિત્રમંડળ જૂનાગઢના ચેરમેન રમેશકુમાર શેવકાણીના ૭૦ માં જન્મદિવસ નિમિત્તે પોકેટ હનુમાન ચાલીસા તૈયાર કરાવેલ જેનું વિમોચન-વિતરણ સિંધી સમાજના અગ્રણી કરવેરા સલાહકાર શ્રી લોકેશકુમાર કારીયા હસ્તે કરવામાં આવેલ. આ તકે જતીનભાઈ, યાજ્ઞિકભાઈ, ગૌતમભાઈ, જીતેન્દ્રભાઈ, કલ્પેશભાઈ હાજર રહેલ હતા. પોકેટ હનુમાન ચાલીસા વિનામૂલ્યે મેળવવા રમેશકુમાર શેવકાણી ભવાની પ્રોવિઝન સ્ટોર, ગાંધીગ્રામ જૂનાગઢ મોબાઈલ નંબર - ૯૪૨૭૯૪૬૮૨૨ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

# દ્વારકા શારદાપીઠમાં રાજ્યકક્ષાની શાસ્ત્રીય સ્પર્ધાઓનું આયોજન



(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૩

શ્રી ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, નિયામક શલાઓની કચેરી, ગાંધીનગર, શ્રી ગુજરાત સંસ્કૃત પાઠશાળા શિક્ષક મંડળ, અમદાવાદ, શ્રી શ્રીશંકરાચાર્ય-અભિનવ સચ્ચિદાનંદ તીર્થ સંસ્કૃત મહાવિદ્યાલય, દ્વારકા દ્વારા આયોજિત ૩૩મી રાજ્ય કક્ષાની શાસ્ત્રીય સ્પર્ધાઓ આયોજન દિનાંક ૧૬ ડિસેમ્બર થી ૧૯ ડિસેમ્બર શ્રી શારદાપીઠ વિદ્યાસભા સંચાલિત શ્રી શંકરાચાર્ય ગુરૂકુળ, ઋણમુકતેશ્વર માર્ગ દ્વારકારમાં થઈ રહ્યું છે. આપ સૌ ભગવદ ભક્તો સંસ્કૃત પ્રેમીઓને હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# વંથલી તાલુકાના લુશાળા ગામે મધ્યપ્રદેશના આદિવાસી પરિવારની સગીર બાળાનું લગ્નની લાલચે અપહરણ કરી દુષ્કર્મ આચર્યું : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ જીલ્લાના વંથલી તાલુકાના લુશાળા ગામે બનેલા એક બનાવમાં મધ્યપ્રદેશના આદિવાસી પરિવારની સગીર વયની બાળાનું લગ્નની લાલચે અપહરણ કરી અને દુષ્કર્મ આચર્યા અંગેની ફરિયાદ પોલીસ દફતરે નોંધાઈ છે. આ બનાવ અંગે વંથલી પોલીસે આપેલી વિગત અનુસાર મધ્યપ્રદેશના બડવાની તાલુકાના મેણીમાતા ગામના એક પરિવારની સગીર વયની એટલે ૧૫ વર્ષ અને એક માસની ઉંમરની બાળાનું અપહરણ કરી ગયાની ફરિયાદ નોંધાઈ છે જેમાં આરોપી તરીકે ખેતીયા સન ઓફ બઠડા બારેલા આદીવાસી, કુમારીયા સન ઓફ બઠડા બારેલા આદીવાસી, તાતીયા સન ઓફ બઠડા બારેલા આદીવાસી રહે. મૌરાની ગામ તા.જી. બડવાની મધ્યપ્રદેશ તથા ઈકા સન ઓફ સરપીયા બારેલા આદીવાસી રહે.મેણીમાતા ગામ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામનો આરોપી ખેતીયા સન ઓફ બઠડા ભોગ બનનાર સગીર બાળાનું લગ્નની લાલચ આપી લલચાવી ફોસલાવી અને અપહરણ કરી ગયેલ અને સાહેદો વચ્ચે પડતા તમામ આરોપીઓએ એક સંપ કરી ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપેલ જયારે આરોપી નં.૧ ખેતીયા સન ઓફ બઠડાએ ભોગ બનનાર સગીર બાળાની ઈચ્છા વિરૂધ્ધ તેના ઉપર શરીર સબંધ બાંધી દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાવવામાં આવી છે. પોલીસે આ બનાવના અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ બીએનએસ કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩), ૫૪, ૧૧૫(૨), પોક્સો એકટ કલમ ૬, ૮, ૧૨ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ વંથલી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.કે. પરમાર ચલાવી રહ્યા છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે દત જયંતીની ઉજવણી કરવામાં આવશે

## પુજન, અર્ચન, આરતી, મહાપુજા, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે



જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આવતીકાલે દત જયંતીની ઉત્સાહભેર અને ભાવભેર ઉજવણી કરવામાં આવશે અને અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. ગિરનાર ઉપર આવેલા દત્ત શિખર ખાતે આવતીકાલે ગુરૂદતાત્રેય ભગવાનના ચરણપાદુકાનું પૂજન, દત બાવનીના પાઠ, ભક્તજનો માટે પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે. જયારે કમંડળકુંડ ખાતે પણ વિશેષ કાર્યક્રમ દત્તજયંતિ નિમિતે યોજાશે. મહંતશ્રી મહેશગીરી બાપુના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે. દર વર્ષે ભગવાન ગુરૂ દતાત્રેયની જયંતી ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ આવતીકાલે દત જયંતીની ઉજવણી થશે.

ભગવાન ગુરૂ દતાત્રેયની જયંતી પર્વ પ્રસંગે ગિરનાર પર્વત પર આવેલ ભગવાન ગુરૂ દત્તાત્રેયનાં સ્થાનિક દત શીખર ખાતે આવતીકાલે વિશેષ પુજન સહિતનાં કાર્યક્રમો યોજવામાં આવશે. આ ઉપરાંત ભવનાથ ખાતે આવેલા ધાર્મિક સ્થળોએ ગુરૂ દતાત્રેય જયંતીની ભાવભેર અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. તેમજ જૂનાગઢ શહેરમાં આવેલ ધાર્મિક સ્થાનો તેમજ ભવનાથમાં વિવિધ ધાર્મિક જગ્યાએ દત જયંતીની ઉજવણી થશે. આવતીકાલે દત જયંતી નિમીતે વહેલી સવારથી જ પુજન, અર્ચન, આરતી, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો ઠેર ઠેર યોજાશે. આમ, જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલે દતજયંતીની ભાવભેર ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે.

# જૂનાગઢમાં સુસવાટા મારતો પવન ફુંકાયો

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેર અને સોરઠ અને સૌરાષ્ટ્ર ગુજરાતમાં ઠંડીની શિતલહેર વ્યાપી ગઈ છે. છેલ્લા ત્રણ દિવસથી કાતીલ ઠંડીનું મોજું જૂનાગઢ અને સોરઠ પંથકમાં રહ્યું છે અને જેને લઈને જનજીવન પ્રભાવિત થયેલું છે. જૂનાગઢમાં ૧૦.૫ અને ગિરનાર પર્વત ઉપર ૫.૩ જેવું તાપમાન સતત ત્રણ દિવસ રહ્યા બાદ આજે થોડીક રાહત મળી છે પરંતુ સુસવાટા મારતા પવનના કારણે ઠંડી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે જૂનાગઢ શહેરમાં ૧૮.૮ ડિગ્રી તાપમાન છે જયારે ગિરનાર પર્વત ઉપર ૧૩.૮ ડિગ્રી તાપમાન રહ્યું છે. જયારે પવનની ગતી ૮.૦૭ અને ભેજ ૪૨ ટકા રહ્યો છે.


# ગડુ નજીક જેતપુર-સોમનાથ હાઈવે ઉપર મોટરસાઈકલને ઓવરટેક કરવા જતા અકસ્માત સર્જતા યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

ચોરવાડ નજીક આવેલા ગડુ ગામ જેતપુર-સોમનાથ હાઈવે રોડ ઉપર બનેલા એક બનાવમાં પુરપાટ ઝડપે જઈ રહેલ ફોરવ્હીલે ઓવરટેક કરવા જતા મોટરસાઈકલને ટક્કર મારતા એકને ગંભીર ઈજા થતા તેનું સારવાર દરમ્યાન મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર માળિયાહાટીના તાલુકાના ચોરવાડ ઉપલી જરાળી ખાતે રહેતા રામજીભાઈ કારાભાઈ સેવરા(ઉ.વ.૨૬)એ આછા કબુતરી જેવા કલરની કિયા સોનેટ ફોરવ્હીલ જેના નંબર ડીડી-૦૨-જી-૧૨૨૨ના ચાલક સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાની આછા કબુતરી જેવા કલરની કીયાસોનેટ ફોરવ્હીલ જેના રજી. નં.ડીડી-૦૨-જી-૧૨૨૨ વાળી પુરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી ફરિયાદીના ભાઈ સંજયની સ્પ્લેન્ડર પ્લસ મો.સા. રજી.નં.જીજે-૧૧-સીજે-૩૮૭૪ વાળીને ઓવરટેક કરવા સાઈડમાંથી ટક્કર મારી નીચે પછાડી દઈ સંજયને માથાના ભાગે ગંભીર ઈજા કરી તથા સાહેદ સાગર તથા રાકેશને શરીરે ઈજાઓ કરી હતી અને સારવાર દરમ્યાન સંજયનું મોત નિપજાવી ગુનો કર્યા અંગેની ફરિયાદ પલીસમાં નોંધાવતા ચોરવાડ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના જલારામભકિતધામ ખાતે રાંદલ માતાજીના સમૂહ લોટાનું ભવ્ય આયોજન : તડામાર તૈયારી



(જગડુશા ડી.નાગ્રેચા દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના ઝાંઝરડા ચોકડી બાયપાસ ઉપર આવેલા જલારામ ભક્તિધામ ખાતે આવેલા પુ.જલારામ બાપાના સાનિધ્યમાં ધાર્મિક સેવાકીય કાર્યોની અવિરત સરવાણી વહી રહી છે. અને પુ.જલારામ ભક્તિધામ ભકતજનોના આસ્થાનું કેન્દ્ર બનેલ છે ત્યારે ધ્વજારોહણ, જલારામ જયંતીની ઉજવણી, કૃષ્ણ જન્મોત્સવ, રામ નાવમીની ઉજવણી, દિપાવલી, નૂતન વર્ષ, ભાઈ બીજના તહેવારો અને સામાજીક અને સેવાકીય પ્રવૃતિની સાથે ધાર્મિક કાર્યો પણ સતત થતા રહે છે ત્યારે જલારામ ભક્તિધામની ખ્યાતી દુર દુર સુધી ફેલાયેલી છે અને ભક્તજનો દર્શનાર્થે આવે છે. જલારામ બાપા દરેક ભક્તજનોની મનોકામના પુર્ણ કરે છે તેવા જલારામભક્તિ ધામ ખાતે રાંદલ માતાજીના ૧૦૮ સમુહ લોટાના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પ્રો.પી.બી.ઉનડકટે આ અંગે વિગતો આપતા જણાવેલ હતું કે, શ્રધ્ધાળુ પરિવારોમાં અવારનવાર બે, પાંચ, દશ રાંદલમાંના લોટા તેડવાની માનતા થતી હોય છે, આવા નાના પ્રસંગ માટે પરિવારે વ્યકિતગત વ્યવસ્થા ગોઠવવી ન પડે અને આવા કુટુંબો એકી સાથે એક જ સ્થળે સમૂહમાં મળીને સંકલ્પ પૂર્ણ કરે તો સમય, શકિત અને નાણાનો બચાવ થાય સાથોસાથ નાનો પ્રસંગ ભવ્ય મહોત્સવ બની રહે એવા ઉમદા હેતુથી જલારામ પરિવાર ટ્રસ્ટ ધ્વારાં અવારનવાર રાંદલમાના સમૂહ લોટાનું આયોજન થાય છે. આ અગાઉ ૧૦૮ લોટા માટે આયોજન મૂકેલું પણ અધધ માંગ નીકળી પડતાં ૬૪૮ લોટા સુધી તે વિસ્તારેલું છતાં કેટલાંયે રાંદલભકતોને નિરાશ કરવા પડયા પણ આવા અતિરેકથી ખુબજ અગવડતાઓ અને મૂશ્કેદીઓ ઉભી થાય છે તેથી આ વખતે ૧૦૮ લોટાનુ જ આયોજન નકકી રાખ્યું છે. દર બે લોટા દિઠ રૂા. ૧,૧૦૦ પ્રસાદી ભેટ મનોરથીએ અર્પણ કરવાની રહેશે. વહેલો તે પહેલોના ધોરણે જે મનોરથીએ ફી ભરી પહોંચ મેળવી લીધી હશે તેના ફોર્મને ક્રમ અપાશે.

ફોર્મ માટે (૧) બિપીનભાઈ સોઢા,જલિયાણ કિરાણા ભંડાર,તળાવ દરવાજા શાક માર્કેટ નં. ૯૮૨૫૦ (૨) ગિરીશભાઈ આડતિયા, ભગવતી પ્રોવિઝન સ્ટોર, અનુપમ ફલેટ, જોશીપુરા નં. ૯૪૨૭૨ ૨૯૩૯૪ (૩) જગદિશભાઈ કકકડ, હનુમાન દેરી પાસે, પંચ હાટડી નં.૯૮૭૯૨ (૪) ઉષાબેન પુરોહિત, પુજારી-જલારામ મંદિર, ઝાંઝરડા રોડ,નં. ૬૩૫૪૭ ૮૮૧૬૦નો સંપર્ક સાધવા એક યાદીમાં જણાવેલ છે.

# જૂનાગઢમાં અપમૃત્યુંના બે બનાવો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢના ઝાંઝરડા રોડ ઉપર જનકપુરી ખાતે રહેતા કિશોરભાઈ હરજીવનભાઈ રૂપારેલીયા(ઉ.વ.૬૭) પોતું કરતી વખતે તેઓનો પગ લપસી જતા તેઓનું મૃત્યું થયું છે. જે અંગેની જાણ પોલીસને કરવામાં આવતા બી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે અન્ય એક બનાવમાં ઝાંઝરડા રોડ પર આવેલ જનકપુરી સોસાયટી બ્લોક નં.૧૪૩માં રહેતા ભુપેન્દ્રભાઈ ઉર્ફે ગોપાલભાઈ જેરામભાઈ ધમસાણીયા (ઉ.વ.૪૯)ની આર્થિક પરિસ્થિતિ સારી ન હોય જેથી આર્થિક સકડામણના લીધે પોતે પોતાની મેળે ટ્રેનમાં કપાઈ જઈ આત્મહત્યા કરી મૃત્યું પામ્યા હોવાનો બનાવ બનવા પામતા જે અંગેની જાણ બી ડીવીઝન પોલીસને કરવામાં આવતા બી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

-:: દુકાન વેંચવાની છે ::-
થાણા રોડ, નવા નગરવાડા, ક્રિષ્ના ફલેટમાં
૮x૧૬ સ્કવેર ફીટ
સરનામું :-
પોલીસ હેડકવાટરના ડેલાની સામે, જૂનાગઢ
કિંમત :- ૧૬૫૦૦૦/-
કોન્ટેકટ : નરેશભાઈ શુકલ
મોબાઈલ નં. : ૯૬૮૭૬ ૧૧૬૪૬

# જૂનાગઢમાંથી ઈંગ્લીશ દારૂની ૨૨૦ બોટલ સાથે ખામધ્રોળના શખ્સની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૩

જૂનાગઢમાં ખામધ્રોળ રોડ, ૬૬ કેવી શ્રમજીવીનગરમાં રહેતો જયદીપ રઘુ બોરીચા જીજે-૦૬-કેડી-૮૮૨૦ નંબરની કારમાં વિદેશી દારૂનો જથ્થો ભરી પોતાના ઘર બાજુ આવતો હોવાની બાતમી મળતા લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીઆઈ જે. જે. પટેલની ટીમ ધસી ગઈ હતી પરંતુ કારમાંથી ઉતરીને શખ્સ પોલીસને જોઈ ભાગવા જતા તેને પકડી લીધો હતો અને કાર ચેક કરતા વિદેશી દારૂ મળી આવેલ નહીં અને શખ્સે સંતોષકારક જવાબ નહીં આપતા તેને રાઉન્ડઅપ કરી કારને ક્રાઈમ બ્રાન્ચ ખાતે લાવી પૂછપરછ હાથ ધરતા જયદીપ બોરીચાએ કારની પાછળની બ્રેક લાઈટ, બમ્પરમાં અને આગળની હેડલાઈટ નીચે ચોરખાનું બનાવી વિદેશી દારૂની બોટલો રાખી હોવાનું જણાવતા પોલીસે કારની ઝડતી લેતા રૂપિયા ૫૩,૩૨૫ની કિંમતના ઈંગ્લિશ દારૂના ૨૨૫ ચપટા મળી આવતા કાર દારૂ અને મોબાઈલ ફોન સહિત કુલ રૂપિયા ૨,૬૩,૩૨૫નો મુદ્દામાલ કબજે લઈ જયદીપની ધરપકડ કરી હતી. પૂછપરછમાં દારૂનો જથ્થો રાજસ્થાનના સિંધારીનો ઉદયસિંહ ભાટી પાસેથી મેળવ્યો હોવાનું જણાવતા આ શખ્સ સામે પણ ક્રાઈમ બ્રાન્ચે ગુનો નોંધીને કાર્યવાહી કરી હતી.

# જૂનાગઢમાં વણઝારી ચોકમાં સામાન્ય બોલાચાલીમાં માર માર્યો : બે સામે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)


જૂનાગઢ તા.૧૩

જૂનાગઢ શહેરમાં વણઝારી ચોક વિસ્તારમાં સામાન્ય બોલાચાલીમાં માર મારવાનો બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર ફરિયાદી કિરણબેન ધિરેનભાઈ ધોરડા(ઉ.વ.૪૫) રહે.વણઝારી ચોક, બાલમુકુંદવાળી શેરી, સ્વરા પેલેસ બ્લોક નં.૧ વાળાએ આ કામના આરોપી મિતેશ મોહન રાઠોડ, પૂજા મિતેશ રાઠોડ રહે. બંને વણઝારી ચોક, બાલમુકુંદ વાળી શેરી, સ્વરા પેલેસ વાળા વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામે ફરિયાદીના દિકરા રાજ માનસીક વિકલાંગ હોય અને ફરિયાદી બિલ્ડીંગના ઉપરના માળે વાલ્વ બંધ કરવા જતા ફરિયાદીનો દિકરો રાજ ઉપરના માળે જતા ત્યાં રહેતા આ કામના આરોપીઓએ ફરિયાદીના દિકરાને માર મારી જમણી બાજુના કાનમાંથી લોહી નીકળવા લાગેલ જેમાં આરોપી મીતેશભાઈ એ ફરિયાદીને કહેવા લાગેલ કે હવે પછી રાજને ખુલ્લો મુકશો તો છરી મારી જાનથી મારી નાખશું તેમ ધમકી આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા બી ડીવીઝન પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.


ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.


બીના ઈલેકટ્રોનિકસ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં જન્મદિવસ નિમિતે હાર્દિક શુભકામના...
ડો. પ્રતિક ડોબરીયા
M.B. D.G.O.
સ્ત્રી રોગ નિષ્ણાંત અને લેપ્રોસ્કોપીક સર્જન
ડોબરીયા ગાયનેક હોસ્પિટલ
આયુષ્માન ભારત P.M.J.A.Y., માં, યોજના સંલગ્ન હોસ્પિટલ
PMJAY- MA યોજના અંતર્ગત મફત સારવાર
મેટરનીટી (પ્રસુતિ) / સોનોગ્રાફી/લેપ્રોસ્કોપી/ વ્યંધત્વ (ઈન્ફર્ટીલીટી)
અક્ષર પ્લાઝા-૪ કોમ્પ્લેક્ષ, પહેલો માળ, બાયપાસ રોડ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ મો. ૯૯૭૯૮ ૯૩૨૬૯

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો


બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો
તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
મોરો સોપારીનું કોરૂ કટીંગ તથા સ્પેશ્યલ નં.૧ સેકેલ સોપારીનું કટીંગ
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ધમાકા એક્ષચેન્જ ઓફર
તમારૂ જુનું ફર્નિચર આપી જાવ
નવું ફર્નિચર લઈ જાવ
આ ઓફર ટુંક સમયમાં માટે જ છે


PARDAWALA
- શું તમે તમારા બજેટમાં દિકરા-દીકરી ના લગ્ન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઘર માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં ઓફીસ કે દુકાન માટે ફર્નિચર બનાવવા માંગો છો...?
- શું તમે તમારા બજેટમાં પડદા, વોલપેપર કે કારપેટ ખરીદવા માંગો છો...?
જો હા... તો હવે
જૂનાગઢ શહેરમાં અમો લાવ્યા છીએ તમારા બજેટમાં તમામ પ્રકારનું ફર્નિચર જે તમારી ઈચ્છા મુજબનું બનાવી આપશું અને તૈયાર પડદા, ગાદલા, વોલપેપર કારપેટ તેમજ પડદા નું કાપડ ખુબજ સસ્તા ભાવમાં મળશે. માટે આજે જ અમારા શો રૂમની અવશ્ય મુલાકાત લેશો.
સી.સી. પડદાવાલા
તળાવ દરવાજા ફાટક પાસે, સહયોગ ચેમ્બર સામે, જૂનાગઢ - ૩૬૨૦૦૧. મોબાઈલ : ૯૯૭૮૬ ૫૪૧૫૫
(ઓફર/સ્કીમ મર્યાદિત સમય માટે.)